સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત


# સ્વામિનારાયણ પ્રકાશ


જૂન, ૨૦૨૩
વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-












**લંડનમાં યોગીજી મહારાજની શાનદાર જન્મજયંતી અને**
**લંડનના મેયર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શને...**

ઇંગ્લેન્ડની રાજધાની લંડનના મેયર શ્રી સાદિક ખાને લંડનની ધરતી પર પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું ઉષ્માભર્યું સ્વાગત કરીને તેઓના આશીર્વાદ મેળવ્યા હતા. (તા. ૨૧-૫-૨૦૨૩)

તા. ૧૬-૫-૨૦૨૩ના રોજ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોગીજી મહારાજની ૧૩૧મી જન્મજયંતી દબદબાભેર ઊજવાઈ ત્યારે હજારો ભક્તોએ તેનો દિવ્ય લાભ માણ્યો હતો.

# નમ્રતાની મૂર્તિ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ



મહાપુરુષોની નમ્રતાનું કોઈ પ્રમાણ નથી હોતું. એમનું જીવન જ એમનું સૌથી મોટું પ્રમાણ હોય છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની નમ્રતા વિશે યોગીજી મહારાજનું એક અનુભવ-કથન આપણને નમ્રતાની સહજ પ્રેરણા આપી જાય છે. તેનું આચમન કરીએ...

''એકવાર ઊનાના શેઠિયા સારંગપુર આવ્યા. શાસ્ત્રીજી મહારાજે ઊનામાં કથા કરી હતી, સ્વામીની છટા એવી ને પારાયણ એવી કરેલી, એટલે એ સ્વામીને ઓળખે. એ વાતને વરસ પચીસ-ત્રીસ થઈ ગયાં હતાં. તે વખતે પાયા ગળાતા હતા સારંગપુરમાં. કચરિયા ઓરડા હતા તેમાં સ્વામીનો ઉતારો. ત્યાં ઊનાના એ શેઠિયા આવ્યા.

સવારના સાત વાગે સ્વામી તો માથે રૂમાલ બાંધી, કોદાળો લઈ અમને બધાને તેડીને જાય. સ્વામી પાંચ-દશ સાધુને લઈ ગયા. હું ઓશરી ઉપર ઊભો હતો ત્યારે મને ઈ લોકોએ પૂછ્યું કે શાસ્ત્રી મહારાજ ક્યાં છે? મેં કહ્યું, 'હમણાં ગ્યા ઈ જ છે!'

'ઈ તો કોદાળો લઈને જાતા'તા!' 'હા! ઈ જ શાસ્ત્રીજી મહારાજ!'

પછી હું તેડી ગયો: 'હાલો સ્વામી પાસે...' સામેની વાડીમાં સ્વામી પાણા કઢાવતા હતા. તે સ્વામીને દંડવત્ કર્યા ને કહ્યું: 'સ્વામી! તમે સામા મળ્યા પણ કોદાળો લઈને જાતા'તા તે અમને થયું કે કો'ક સામાન્ય એવા સાધુ હશે આ...'

આવી રીતે કચરિયા ઓરડા સારંગપુરમાં કર્યા, તે સ્વામી જાતે ગાર ખૂંદતા. કુંભાર ઉપર બેઠો હોય ને સ્વામી નીચેથી ગારનો પીંડો એને આપે, 'લ્યો... પીંડો!' ઓલો કુંભાર થાપતો જાય ને આ સ્વામી દેતા જાય. ગારાવાળા-કુંવળવાળા એમના પગ. ગાર કરવી, પલાળવું, કુંવળ કરવું, કુંવળ (માટીમાં) ભળવું જોઈએ, તે પગથી કચર્યા વિના તો ભળે નહીં. સ્વામી જાતે જ કરતા.

એકવાર ગોંડલમાં સત્સંગિજીવનનું પારાયણ ચાલતું હતું. શ્રીજીસ્વરૂપદાસ વાંચે. સ્વામી વડલા નીચે ઓરડા છે ત્યાં ગાર કરતા હતા. તે વખતે નિર્ગુણ સ્વામી અને દીવાન સાહેબ આવ્યા. સ્વામી તો વડ નીચે ગાર કરે, હાથ ગારાવાળા, કછોટો મારેલો!

દીવાન સાહેબે તો આ જોઈને દંડવત્ કર્યા: 'અહોહો! આટલા મહાન સદ્‌ગુરુ ગાર કરે છે!' ગુણ આવી ગયો. તે દીવાન સાહેબ હજી સુધી વાત કરતા કે 'ગાર કરતાં મેં સ્વામીને જોયા, આવા સાધુ-મહાત્મા તો કોઈ દિવસ ગાર કરે નહીં, ને આ તો ગાર કરતા હતા!'

– **બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ** (અક્ષરમંદિર, ગોંડળમાં આપેલું વ્યાખ્યાન, તા. ૧૬-૪-૧૯૬૪)

## ક્રમિકા


૩. સંપાદકીય

૪. આધ્યાત્મિક સદ્‌ગુણોનો સૂર્યોદય કરે છે નમ્રતા – સાધુ અક્ષરવત્સલદાસ

૮. નમ્રતાનું અમૃત પીરસે છે શાસ્ત્રો અને મહાપુરુષો...

૧૦. નમ્રતા વહાવે છે શાંતિની ગંગા...

૧૨. સકલ શાસ્ત્રનો સાર : નમ્ર થઈએ, દાસત્વભાવ કેળવીએ... – મહંત સ્વામી મહારાજ

૧૮. નમ્ર થઈએ અને સદ્‌ગુણોનું ઝરણું હૈયે વહાવીએ – સાધુ અક્ષરજીવનદાસ

૨૭. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૫. નૂતન મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો

૩૯. ઓસ્ટ્રેલિયામાં વિશ્વ શાંતિ પરિષદ

૪૦. યુ.કે.-યુરોપમાં કાર્યકર શિબિર

૪૧. વડોદરા યુવક-યુવતી મંડળ શિબિર

૪૨. અબુધાબીમાં શિખર શિલા-પૂજન

૪૩. અબુધાબીમાં રાજદૂતો દર્શનાર્થે

૪૫. મહારાજા ચાર્લ્સના રાજ્યાભિષેક ઉપક્રમે યોજાયા પ્રેરણાત્મક કાર્યક્રમો

૪૯. અક્ષરવાસ


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥


**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૫, અંક : ૬, જૂન, ૨૦૨૩**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

■ સાધુ અક્ષરવત્સલદાસ



# આધ્યાત્મિક સદ્‌ગુણોનો
# સૂર્યોદય કરે છે નમ્રતા

વિશ્વની કોઈપણ મહાન વ્યક્તિનો પરિચય શરૂ થાય છે તેની નમ્રતાથી. ઘર, પરિવાર, સમાજ, સંસ્થા કે દેશ અને દુનિયામાં એક સજ્જન વ્યક્તિની કે એક સારા માણસની વ્યાખ્યા કરવામાં આવે ત્યારે અપાતો તેનો પ્રથમ પરિચય એટલે નમ્રતા.

નમ્રતા એક એવો અનિવાર્ય સદ્‌ગુણ છે, જેનો કોઈ વિકલ્પ નથી.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ ૧૩મા અધ્યાયમાં જ્ઞાનની વ્યાખ્યા કરતાં ૨૦ સદ્‌ગુણોની વાત કરે છે. તેમાં સૌથી પ્રથમ સ્થાન 'અમાનિત્વ' એટલે કે નમ્રતાને આપે છે.[૧]

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ નિર્માની કે નમ્રતા ધરાવનાર ભક્તને સર્વ શ્રેષ્ઠ ગણાવે છે.[૨]

પ્રાચીન સમયથી વિશ્વના અનેક મહાન ચિંતકોએ નમ્રતાનું મહત્ત્વ આંકવામાં પાછું વાળીને જોયું નથી. નમ્રતાનો અર્થ નબળાપણું કે બિચારાપણું નથી થતો. નમ્રતાનો અર્થ ભગવાનની મહાનતાને સ્વીકારીને આ વિરાટ અસ્તિત્વ સામે પોતાના વામણાપણાનો સ્વીકાર એવો થાય છે. ગ્રીક ફિલોસોફર સોક્રેટિસે કહ્યું છે, 'પોતાના અજ્ઞાનને જાણવું એ જ નમ્રતા અને શાણપણ... અહંકાર પરસ્પર સંબંધોને તોડે છે, નમ્રતા પરસ્પર સંબંધોને જોડે છે.'[૩]

એરિસ્ટોટલ નમ્રતાને એક નૈતિક ગુણ ગણાવે છે. અહંકારથી અને નૈતિક નબળાઈથી ઉપર તેમજ અલગ છે નમ્રતાનો ગુણ.

નમ્રતા ઉપર અનેક થિયોલોજિયન્સ-ચિંતકોએ સદીઓથી ઘણી મથામણ કરી છે, પરંતુ છેલ્લાં બે-ત્રણ દાયકાઓમાં સાયકોલોજિકલ સ્ટડીઝમાં નમ્રતા ઉપર ઊંડું અધ્યયન કરવામાં આવ્યું છે.[૪]

અહંકાર, લોભ, સ્વાર્થ, સ્વકેન્દ્રીયતા જેવા અનેક આધુનિક યુગના વિકરાળ બનતા પ્રશ્નો સામે નમ્રતાની અત્યંત આવશ્યકતા છે, એવું હવે આધુનિક વિદ્વાનો સ્વીકારતા થયા છે. નમ્રતા એક એવો અનિવાર્ય સામાજિક ગુણ છે કે જેના પર દેશ અને દુનિયાના વિદ્વાનો પુસ્તકોનાં થોથાં લખી લખીને નમ્ર થવા માટે આગ્રહ કરી રહ્યા છે. નમ્રતા ઉપર વ્યાખ્યાનો આપીને મેનેજમેન્ટ ગુરુઓથી લઈને મોટિવેશનલ સ્પીકર્સ સુધી સૌ કોઈ નમ્ર થવાની વારંવાર સલાહો આપી રહ્યા છે. પણ આ નમ્રતા છે શું?

આધુનિક વિદ્વાનો નમ્રતાનાં ત્રણ પાસાં બતાવે છે:

- Accurate self-perception
- Modest self-portrayal
- Other-oriented relational stance

અર્થાત્, પોતાની જાત વિશે સાચો ખ્યાલ, અન્ય લોકો સામે પોતાનું વિનમ્ર ચિત્રણ, બીજાને કેન્દ્રમાં રાખવાનું વલણ.

કેટલાક વિદ્વાનો[૫] નમ્રતાનાં છ અગત્યનાં પાસાં વર્ણવે છે:

- A willingness to see ourselves truthfully (પોતાની જાતને સાચા અર્થમાં નીરખવાની ઇચ્છા)
- An accurate perception of our place in the world (આ વિશ્વમાં પોતાની વાસ્તવિક ઊંચાઈની સાચી સમજ)
- An ability to acknowledge our mistakes and limitations (પોતાની ભૂલો-મર્યાદાઓનું સાચું માપ કાઢવાની ક્ષમતા)
- Openness (બીજાને સ્વીકારવાનું ખુલ્લાપણું)
- Low self-focus (ઓછું સ્વ-કેન્દ્રીપણું)
- An appreciation of the value of all things (બીજા સૌ પ્રત્યે આદર અને તેમનું મૂલ્ય)

આવાં અનેક અર્થઘટનો સાથે વર્થિંગ્ટન નામના એક અમેરિકન વિદ્વાન નોંધે છે કે, તાજેતરમાં નમ્રતા અંગે વધુ અધ્યયન થઈ રહ્યું છે તેની સાથે સાથે પોઝિટિવ સાયકોલોજીનો પણ વિકાસ થઈ રહ્યો છે. કરુણા, ક્ષમા, પરોપકાર, કૃતજ્ઞતા અને સહાનુભૂતિ જેવા સદ્‌ગુણોની સાથે નમ્રતા સમાજને એક સાથે જોડવાનું કાર્ય કરે છે. માટે નમ્રતા અત્યંત અનિવાર્ય છે.[૬]

આધુનિક વિદ્વાનો નમ્રતા ઉપર ખૂબ ભાર મૂકી રહ્યા છે ત્યારે તેમને એવું લાગે છે કે કોઈપણ વ્યક્તિના ચારિત્ર્યની સાચી ઓળખ તેની નમ્રતામાં જ છે, જે બીજા પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે, બીજાને સ્વીકારે છે અને આદર આપે

૧. શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય-૧૩, શ્લોક ૭ થી ૧૧.

૨. વચનામૃત ગઢડા પ્રથમ ૫૬.

૩. Tiwari, Arun K., (2023). Socrates: A Complete Biography, Prabhat Prakashan, New Delhi.

૪. Worthington, Jr., E., Davis, D., & Hook, J. (Eds.) (2017). Handbook of humility: Theory, research, and applications. New York, NY: Routledge.

૫. Tangney, J. P. (2009). Humility, In S. J. Lopez & C. R. Snyder. (Eds.) Handbook of positive psychology (pp. 411–419). Oxford, UK: Oxford University Press.

૬. Worthington, Jr., E., Davis, D., & Hook, J. (Eds.) (2017). Handbook of humility: Theory, research, and applications. New York, NY: Routledge.

છે તેમજ પોતાની મર્યાદાઓને પણ સચોટ રીતે સમજે છે.[૭]

વિદ્વાનો નમ્રતાને એક તાકાત તરીકે ગણાવે છે.[૮] મોટી મોટી સત્તાઓ જે નથી કરી શકતી તે કાર્ય નમ્રતાથી સંભવિત થાય છે. નમ્રતા એ ચારિત્ર્યની શક્તિ છે. બીજાનો સ્વીકાર કરવા માટે અથવા તો બીજાને વધાવવા માટે એક આંતરિક તાકાત જોઈએ. એ છે નમ્રતા. એક બાજુ પોતાની જાતનો અહંકાર અથવા તો પોતાની નાની-મોટી આવડતનો ગર્વ છે તો બીજી તરફ ચારિત્ર્યની એક શક્તિ તરીકે નમ્રતા છે. જ્યાં ચારિત્ર્યની નમ્રતા-શક્તિ નથી હોતી ત્યાં બીજાનો સ્વીકાર કે બીજાની કદર નથી હોતી. એવા લોકો ક્યારેય કોઈનુંય દિલ જીતી શકતા નથી.

વિદ્વાનો કહે છે કે નમ્રતાનો અર્થ માત્ર પોતાની ભૂલો સ્વીકારવી એટલો જ નથી, પરંતુ એ જ નમ્રતાથી બીજામાંથી કંઈક વધુ સારું શીખીને પોતાની મર્યાદાઓને ઓળંગવાની તૈયારી પણ દર્શાવે છે.[૯]

આધુનિક વિદ્વાનો હવે એ સ્વીકારતા થયા છે કે એક વ્યક્તિના જીવનમાં જેટલી સંપત્તિ કે સમૃદ્ધિ મહત્ત્વની છે તેના કરતાં પણ વધુ મહત્ત્વની બાબત નમ્રતા છે. નમ્રતા જેટલી વધુ એટલા જીવનમાં ફાયદાઓ અનેક. ઘમંડી વ્યક્તિને મળેલો લાભ પણ ટકી શકતો નથી. જ્યારે નમ્ર વ્યક્તિને ન મળેલો લાભ પણ હાથ આવી ચઢે છે. એક વિદ્યાર્થી તરીકે, એક પારિવારિક મોભી તરીકે, એક ધંધાકીય અગ્રણી તરીકે, એક સામાજિક સૂત્રધાર તરીકે, એક વ્યક્તિ તરીકે નમ્રતા સૌથી વધુ અનિવાર્ય છે, જે એકબીજા વચ્ચેનું અંતર દૂર કરીને પરસ્પર મજબૂત બંધનોથી જોડે છે.

વિખ્યાત 'ફોર્બ્સ' સામયિક દ્વારા નમ્રતા વિષયક એક સંશોધન કરવામાં આવ્યું હતું અને તેમાં સફળ થયેલા બિઝનેસ ધુરંધરો પાસેથી નમ્રતા વિષયક અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. અમેરિકા અને અન્ય દેશોના નિષ્ણાતોએ નીચેના મુદ્દાઓ દર્શાવીને જણાવ્યું હતું કે ધંધાકીય ક્ષેત્રે, વ્યાવસાયિક ક્ષેત્રે કે જીવનના કોઈપણ ક્ષેત્રે નમ્રતા અનેક સુખદ પાસાંઓનાં દ્વાર ખોલી આપે છે. તેઓએ દર્શાવેલા કેટલાક રસપ્રદ મુદ્દાઓ નીચે મુજબ છે:

૧. નમ્રતા નવું નવું શીખવાની વૃત્તિ જગાવે છે.
૨. નમ્રતા સ્વ-અજ્ઞાન પ્રદર્શિત કરવાની હિંમત આપે છે.
૩. નમ્રતા વિકાસની અગણિત શક્યતાઓ ખડી કરે છે.
૪. નમ્રતા તમારી શક્તિઓનો ગુણાકાર કરે છે.
૫. નમ્રતા બીજા લોકોને તમારી સાથે સહજતાથી જોડે છે.
૬. નમ્રતા પોતાના દોષોને કે પોતાની ભૂલોને સ્વીકારવાની, સમજવાની અને સુધારવાની વૃત્તિ આપે છે.
૭. નમ્રતા પોતાના સાથીઓમાં નેતૃત્વના ગુણો કેળવવામાં મદદ કરે છે.
૮. નમ્રતા બીજાને સાંભળવાની તક આપે છે.
૯. નમ્રતા 'લેટ ગો' એટલે કે જતું કરવાની વૃત્તિ શીખવે છે.
૧૦. નમ્રતા નિષ્ફળતાની જવાબદારી સ્વીકારવાની હિંમત આપે છે.
૧૧. નમ્રતા બીજાના અભિપ્રાયોને બહાર આવવાની તક આપે છે.
૧૨. નમ્રતા ટીમ-વૃત્તિ જગાવે છે.
૧૩. નમ્રતા પોતાની જાતથી ઉપર ઊઠવાની શક્તિ આપે છે.
૧૪. નમ્રતા સૌના હૈયે આપણા પ્રત્યે પ્રેમ અને આદર પ્રગટાવે છે.

'ફોર્બ્સ' સામયિકના આ અભિપ્રાયો કોઈપણ ક્ષેત્ર કે વ્યવસાયમાં એટલા જ ઉપયુક્ત છે.[૧૦]

વર્થિંગ્ટન જેવા વિદ્વાનો નમ્રતાને બે વિભાગમાં વહેંચે છે: (૧) કલ્ચરલ હ્યુમિલિટી એટલે કે સાંસ્કૃતિક નમ્રતા. અને (૨) ઈન્ટલેક્ચ્યુઅલ હ્યુમિલિટી એટલે કે બૌદ્ધિક નમ્રતા.[૧૧]

જેમનામાં સાંસ્કૃતિક વિનમ્રતા નથી તેઓ બીજા માટે કે બીજી સંસ્કૃતિઓ માટે ખોટી ધારણાઓ ધારે છે અને બીજા બધા કરતાં પોતાને જ ચઢિયાતા માને છે. બીજી સંસ્કૃતિઓનો હૃદયમાં ડર ઘરી જાય છે, કે રખે ને એની સંસ્કૃતિ મારી કરતાં ચઢિયાતી પુરવાર થઈ જાય! આથી તેઓ બીજી સંસ્કૃતિના સારા વિચારોને કે તેના સારાપણાંને પણ નકારતા જ રહે છે. એવી વૃત્તિને 'ઝેનોફોબિયા' (Xenophobia) કહે છે.

અહીં ઓછામાં ઓછી દસ હજાર વર્ષ પુરાણી વૈદિક પરંપરાનું સ્મરણ થાય છે. ઋગ્વેદ[૧૨] આજથી દસ હજાર

૭. Harvey, J. H., & Pauwels, B. G. (2004). Modesty, humility, character strength, and positive psychology. Journal of Social and Clinical Psychology, 23, 620–623.


૮. ibid.


૯. Dweck, C. S. (2006). Mindset: Changing the way you think to fulfill your potential. London, UK: Robinson.


૧૦. https://www.forbes.com/sites/forbescoachescouncil/2017/10/17/17-reasons-humility-will-help-you-get-ahead/?sh=42354e4eac3a


૧૧. Worthington, Jr., E., Davis, D., & Hook, J. (Eds.) (2017). Handbook of humility: Theory, research, and applications. New York, NY: Routledge.


૧૨. ઋગ્વેદ, ૧.૮૯.૧.











અહંકાર, લોભ, સ્વાર્થ, સ્વકેન્દ્રિયતા જેવા અનેક આધુનિક યુગના વિકરાળ બનતા પ્રશ્નો સામે નમ્રતાની અત્યંત આવશ્યકતા છે, એવું હવે આધુનિક વિદ્વાનો સ્વીકારતા થયા છે. નમ્રતા એક એવો અનિવાર્ય સામાજિક ગુણ છે કે જેના પર દેશ અને દુનિયાના વિદ્વાનો આવાં સેંકડો પુસ્તકોનાં થોથાં લખી લખીને નમ્ર થવા માટે આગ્રહ કરી રહ્યા છે. નમ્રતા ઉપર વ્યાખ્યાનો આપીને મેનેજમેન્ટ ગુરુઓથી લઈને મોટિવેશનલ સ્પીકર્સ સુધી સૌ કોઈ નમ્ર થવાની વારંવાર સલાહો આપી રહ્યા છે...




વર્ષ પહેલાં ગાય છેઃ 'આનો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ।' અર્થાત્ 'વિશ્વની બધી જ દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાઓ.'

આ છે ભારતની કે મહાન ઋષિઓની સાંસ્કૃતિક નમ્રતા. બધેથી શુભ વિચારો ગ્રહણ કરવા માટે પણ હૃદયનું ખુલ્લાપણું જોઈએ. આ છે આધુનિક વિદ્વાનોની દૃષ્ટિએ સાંસ્કૃતિક નમ્રતા. ભારત એવી સાંસ્કૃતિક નમ્રતાની ભૂમિ છે. એટલે જ અહીં 'વસુધૈવ કુટુંબકમ્' જેવા મંત્રો ઘરોઘર ગૂંજે છે.

નમ્રતાની બીજી બાજુ, બૌદ્ધિક નમ્રતાની વાત કરતાં વિદ્વાનો કહે છે કે પોતાના અધિકારો, અભિપ્રાયો, માન્યતાઓ અને વિચારોમાં દૃઢતા હોવા છતાં બીજાના અધિકારો, વિચારો, અભિપ્રાયો કે માન્યતાઓ પ્રત્યે આદર રાખવો.

વ્યક્તિગત કે સાંસ્કૃતિક નમ્રતાના અભાવે પારિવારિક યુદ્ધોથી લઈને વિશ્વ યુદ્ધો ખેલાયા છે. પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં તિરાડોનું સૌથી મોટું કારણ આવી નમ્રતાનો અભાવ છે. પિતા-પુત્ર કે ભાઈ-ભાઈ વચ્ચેના ગજગ્રાહનું નિમિત્ત નમ્રતાનો અભાવ બની જાય છે. દુર્યોધનનો અહંકાર લાખો લોકોને ભરખી ગયો. અમેરિકી પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન, આફ્રિકી નેતા નેલ્સન મંડેલા કે ભારતીય રાષ્ટ્રપ્રમુખ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ એમની એવી નમ્રતા માટે જગવિખ્યાત બન્યા છે. મહાત્મા ગાંધીજીની નમ્રતા પણ અનેક લોકોને સ્પર્શી ગઈ હતી.

નમ્રતા માટે ભારતીય પરંપરામાં અનેક શબ્દો પ્રયોજાય છે. ભગવદ્ગોમંડલ નમ્રતાની અર્થછાયા આમ દર્શાવે છેઃ વિવેક, વિનય, આજ્ઞાંકિતપણું, શાંત, સાલસ સ્વભાવ, અભિમાનરહિત થવું, સત્યનું ભાન કરવું, અન્યને આદર આપવો, શરણાગતિ વગેરે. 'નમ્યો તે પ્રભુને ગમ્યો', 'નમવામાં નવ ગુણ'.

ભગવાન શ્રી સ્વામિનારાયણે નમ્રતાની આધ્યાત્મિક વ્યાખ્યા કરતાં વચનામૃતમાં ઠેર ઠેર 'નિર્માનીપણું' અને 'દાસત્વપણું' જેવા શબ્દો પ્રયોજ્યા છે.

આધુનિક વિદ્વાનો લૌકિક દૃષ્ટિએ નમ્રતાનું મહત્ત્વ દર્શાવે છે તે વ્યવહારમાં ઉચિત છે જ, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ નમ્રતા સૌથી પહેલું અને અનિવાર્ય પગથિયું છે. ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને આધ્યાત્મિક જ્ઞાન સિદ્ધ કરવા માટે સૌથી અગત્યનો બોધ નમ્રતાનો આપે છે. તેઓ અર્જુનને સમજાવે છે કે વિનમ્રભાવે નમસ્કાર (પ્રણિપાત), વિનમ્રભાવે જિજ્ઞાસા (પરિપ્રશ્ન) અને વિનમ્રભાવે ચાકરી (સેવા) કરીને મહાન ગુરુ પાસેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરો.[૧૩] ગુરુ પાસે **(અનુસંધાન પૃષ્ઠ ૪૭ પર)**

૧૩. તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।
ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ ॥૩૪॥
– ભગવદ્ ગીતા, ૪.૩૪



# નમ્રતાનું અમૃત પીરસે છે
## શાસ્ત્રો અને મહાપુરુષો...

શાસ્ત્રો અને મહાપુરુષોનાં વચનોમાં નમ્રતાનો મહિમા અપરંપાર કહેવાયો છે. વિશ્વની કોઈપણ સંસ્કૃતિમાં નમ્રતાને એટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે, જેટલું ભારતનાં આધ્યાત્મિક શાસ્ત્રોમાં અપાયું છે. અહીં તેમાંથી કેટલાક મહાપુરુષો અને શાસ્ત્રોનાં પ્રેરક વચનોનું આચમન કરીએ...

'આ સંસારમાં અગણિત ચરાચર જીવો છે. તેમાં સર્વથી વિશેષ મને મનુષ્યો ગમે છે. તેમાં પણ વેદોને ધારણ કરનાર વધુ ગમે છે. તેમાં પણ વેદોક્ત ધર્મને અનુસરનારા અધિક ગમે છે. તેમાં પણ વૈરાગ્યવાળા જ્ઞાનીઓ ગમે છે. જ્ઞાનીઓમાં પણ વિજ્ઞાની ગમે છે અને વિજ્ઞાનીઓ કરતાં પણ જે દાસત્વભાવે વર્તે છે તે મને અત્યંત પ્રિય છે.'

**– ભગવાન શ્રીરામ**

(રામચરિતમાનસ, ઉ.કાંડ ૮૫-૨)

•

'જન્મ, કર્મ, ઉંમર, રૂપ, વિદ્યા, ઐશ્વર્ય અને ધન-સંપત્તિથી પણ જેને ઘમંડ ન થાય તેના ઉપર મારી કૃપા થાય છે.'

**– ભગવાન શ્રીકૃષ્ણ**

(શ્રીમદ્ ભાગવત, ૮-૨૨-૨૬)

•

'સંસારમાં વિવિધ પ્રાણીઓમાં ચાલવા-ફરવાવાળા પ્રાણી શ્રેષ્ઠ ગણાય છે. આ પ્રાણીઓમાં પણ બે પગે ચાલવાવાળા મનુષ્યો શ્રેષ્ઠ ગણાય છે. મનુષ્યોમાં પણ બુદ્ધિમાન શ્રેષ્ઠ છે. બુદ્ધિમાનોમાં પણ આત્મજ્ઞાની શ્રેષ્ઠ છે. તેમાં પણ જે અહંકારરહિત છે, નમ્ર છે, તેને સર્વ શ્રેષ્ઠ માનવામાં આવ્યા છે.'

**– શ્રી વેદવ્યાસજી**

(શાંતિપર્વ, ૨૯૭, ૨૦-૨૧)

•

'ફળ આવવાથી વૃક્ષો નમે છે, નવાં જળથી વાદળાં-મેઘ વધુ નમે છે, તેમજ જેમ જેમ સમૃદ્ધિ આવે છે તેમ તેમ સજ્જનો વધુ ને વધુ નમતા જાય છે.'

**– શ્રી ભર્તૃહરિ**

(નીતિશતકમ્, ૭૧)

'જેને પોતાની જાતનું અભિમાન નથી, પોતાના રૂપનું અભિમાન નથી, લાભનું અભિમાન નથી, પંડિતાઈનું અભિમાન નથી અને જે સર્વ પ્રકારના અભિમાન છોડીને ધર્મ-ધ્યાનમાં રત રહે છે તે જ સાચો સંત કે ભક્ત છે.'

**– શ્રી મહાવીર**

•

'તમારું ઘર અને સંપત્તિ ભલે ઊંચા હોય તો પણ તમે ઊંચા થશો નહીં, કારણકે એક દિવસ મૃત્યુ આવશે ત્યારે તમે એટલા નીચે સૂતા હશો કે તમારી ઉપર ઘાસ ઊગી જશે.'

**– શ્રી સંત કબીર**

•

'નમ્રતા એ માણસનું સાચું ઘરેણું છે. નમ્રતાની તોલે આવે એવી માણસની એક પણ શોભા નથી.'

**– શ્રી તિરુવલ્લુવર**

•

'તમારી જાતને એક તરણાં કરતાં પણ ઓછી મહત્ત્વની સમજો, વૃક્ષ કરતાં પણ વધારે સહિષ્ણુ બનો. લોકો તમને આદર આપે એવી અપેક્ષા રાખવાને બદલે તમે બીજાને આદર આપો અને ભગવાનના નામનો મહિમા ગાતા રહો.'

**– શ્રી ચૈતન્ય મહાપ્રભુ**

•

'દેવદૂતને પણ રાક્ષસ તુલ્ય બનાવે છે - અહંકાર. સામાન્ય માનવીને પણ દેવદૂત બનાવે છે - નમ્રતા.'

**– શ્રી સંત ઓગસ્તીન**

•

'બધી જ નદીઓ સમુદ્ર તરફ વહે છે કારણકે સમુદ્ર સૌથી નીચે રહે છે. નમ્રતા હોય ત્યાં સૌ આકર્ષાય છે. એવી તેમાં શક્તિ છે.'

**– શ્રી લાઓત્સે**

•

''જેનામાં દાસત્વભાવ છે, તેનો 'હું' ટળી જાય છે. એવા મહાસંત જ્યાં હોય ત્યાં પ્રભુ પ્રગટ બિરાજે છે.'

**– શ્રી મુક્તાનંદ સ્વામી**

•

'દાસત્વપણું એ ભગવાનનો ગુણ છે. મોટા પુરુષના સત્સંગથી દેહાભિમાન ઘસાઈ જાય છે અને દાસત્વભાવ આવે છે. દાસત્વભક્તિ આવે ત્યારે બધી સાધના પૂરી થઈ રહી.'

**– શ્રી યોગીજી મહારાજ**

•

'જ્ઞાનીનાં બે લક્ષણ છેઃ પહેલું લક્ષણ, નમ્રતા એટલે કે અહંકારનો અભાવ અને બીજું શાંત સ્વભાવ.'

**– શ્રી રામકૃષ્ણ પરમહંસ**

•

'બધા જ સદ્‌ગુણોનો સ્રોત નમ્રતા છે. નમ્રતા હશે તેના જીવનમાં બધા જ સદ્‌ગુણો વહી આવશે. એવા સજ્જનોની સજ્જનતા તમામ લોકોના હૃદયોને જીતી લે છે અને લોકો તેમને ચાહવા લાગી જાય છે.'

**– શ્રી કવિ ભારવિ**

•

'જે પોતાના અહંકારને ત્યજે છે તે બુદ્ધિમાન છે, શાણો છે, પવિત્ર છે. નમ્રતાથી બધું મીઠું લાગે એવું કશું નથી. નમ્રતા સર્વ સદ્‌ગુણોનો અર્ક છે. જે વ્યક્તિ નમ્ર થાય છે તેના બધા દુર્ગુણો નાશ પામે છે.'

**– શ્રી ગુરુ નાનક** ◆



# નમ્રતા વહાવે છે શાંતિની ગંગા...

## ભગવાન શ્રી સ્વામિનારાયણની નમ્રતાનું એક પ્રેરક ઈતિહાસ-પૃષ્ઠ

ઓગણીસમી સદીના ગુજરાતના ઈતિહાસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સહજતાથી એક નવું પ્રકરણ ઉમેરી રહ્યા હતા. અનેકવિધ અંધશ્રદ્ધા અને વ્યસનોની સામે ધર્મયુદ્ધ છેડીને ગામડે ગામડે ઘૂમી ઘૂમીને ભગવાન શ્રી સ્વામિનારાયણે લાખો લોકોમાં આધ્યાત્મિકતાનું એક મોજું પ્રસરાવી દીધું હતું. લોકોનાં સુખ-દુઃખમાં ભાગ લઈને, અસંખ્યને દિવ્ય સમાધિનો સર્વોચ્ચ આધ્યાત્મિક અનુભવ કરાવીને થોડા જ સમયમાં તેઓ લાખો લોકોના હૃદયમાં સાક્ષાત્ પરમાત્મા તરીકે વિરાજમાન થઈ ગયા હતા. તેમની આ સિદ્ધિ અને પ્રસિદ્ધિ ઘણા લોકોને આંખના કણાની જેમ ખૂંચતી હતી. વિશાળ જનસમુદાય પોતપોતાની કહેવાતી કુળપરંપરા છોડીને શ્રીહરિને પ્રત્યક્ષ પરમાત્મા તરીકે પૂજવા લાગ્યો હતો. પોતાનો શિષ્ય-સમુદાય બીજે જાય તે અહંકારી લોકોને કેવી રીતે પોષાય! એવા કેટલાક લોકોને ભગવાન

સ્વામિનારાયણ અને સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે, માત્ર ઈર્ષ્યાને કારણે, દ્વેષ ભાવ જાગ્યો હતો. આથી, નાના-મોટા પ્રસંગોએ ભગવાન સ્વામિનારાયણનો, તેમના સંતોનો, તેમના હરિભક્તોનો વિરોધ કરવાનું એવા કેટલાક લોકો માટે સામાન્ય બની ગયું હતું. તેમાં કેટલાક કહેવાતા ધર્મ-ધુરંધરો પણ શામેલ હતા.

એવો એક પ્રસંગ ગઢડામાં બની ગયો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં વિરાજમાન હતા. ગામડે ગામડેથી, દૂર દૂરથી ભક્તો ભગવાન સ્વામિનારાયણનાં દર્શને આવી રહ્યા હતા. નાના કે મોટા, ગરીબ કે તવંગર, બ્રાહ્મણો કે દલિતો, રાજ-રજવાડાંઓ કે ધનવાનો, અંગ્રેજ અધિકારીઓ કે બિન હિન્દુ ગણાતા અન્ય લોકો શ્રીહરિનાં દર્શને ઊમટી રહ્યા હતા. શ્રીહરિનો આ દિવ્ય પ્રભાવ જોઈને કેટલાક લોકો શ્રીહરિનો વિરોધ કરવાનું કોઈ નિમિત્ત શોધી રહ્યા હતા. અને એવું એક નિમિત્ત મળી ગયું.

ગામની શેરીમાંથી પસાર થતા ભક્તોના સમુદાયમાંથી એક નાનો બાળક રસ્તા પર થૂંક્યો. તેનું થૂંક અનાયાસે આજુબાજુમાં ઊડ્યું. યોગાનુયોગ એ વખતે એક હિન્દુ-ઈતર ધર્મ પરંપરાના એક ધર્મગુરુ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. એમના પર પેલા બાળકે થૂંકેલું થૂંક ઊડ્યું કે નહીં તેની તો કોઈને ખાતરી નહોતી, પરંતુ પેલા ધર્મગુરુએ રાડ પાડી:

'આ સ્વામિનારાયણનું છોકરું મારા પર થૂંક્યું અને મારું અપમાન કર્યું છે. કોઈ તો કંઈક બોલો....'

અને એ ધર્મગુરુના શિષ્યો હાકોટા પાડતાં ત્યાં દોડી આવ્યા. શું થયું? શું થયું? કરતાં સૌ ઊહાપોહ મચાવવા લાગ્યા. ધર્મગુરુ રાડારાડી કરીને કહી રહ્યા હતા: 'આ સ્વામિનારાયણના છોકરાએ મારું ઘોર અપમાન કર્યું છે. આ કેવી રીતે સહન થાય? આના કરતાં તો મરી જવું સારું!'

ભક્તોનો સંઘ ત્યાં ને ત્યાં થંભી ગયો.

ભક્તોએ તરત જ બાળક વતી માફી માંગી, પરંતુ કોઈને એમાં રસ નહોતો. એમને તો ફજેતી કરવામાં રસ હતો. ગામનું મહાજન દોડીને આવી ગયું. લોકોનાં ટોળે ટોળાં ભેગાં થયાં. સ્વામિનારાયણ પર ન બોલવાના શબ્દોની ઝડીઓ વરસવા લાગી. જેને કંઈ લેવા-દેવા નહોતી એ લોકો પણ તૂટી પડ્યા. સ્વામિનારાયણના છોકરાએ અપમાન કર્યું તે ચલાવી કેવી રીતે લેવાય? અત્યારે જ આનો ઇલાજ થવો જોઈએ. લોકો ચર્ચાએ ચડ્યા.

ધર્મગુરુએ કહ્યું: 'ઇલાજ કરવો હોય તો બજારો બંધ કરી દો, હડતાલ પાડો.' વાતનો તરત જ અમલ થયો. દુકાનોનાં પાટિયાં પડવા મંડ્યાં. બજારો બંધ થવા માંડી.

એક નાનું બાળક અજાણતાંમાં થૂંક્યું તેનો આટલો મોટો ઊહાપોહ? સૌ ભક્તોનું હૈયું કકળી ઊઠ્યું. તેઓ તો નિર્દોષભાવે બહારગામથી અહીં આવીને ભગવાન સ્વામિ-નારાયણનાં દર્શન-સત્સંગનો લાભ લેવા આવ્યા હતા. પરંતુ અજાણતાંમાં બાળકે કરેલી આવી નાની એવી ભૂલનું કંઈક મોટું સ્વરૂપ અપાઈ ગયું હતું. તેઓ દુ:ખી હૃદયે દાદાખાચરના દરબારમાં આવી પહોંચ્યા.

દાદાખાચરના દરબારગઢમાં સંતો-ભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ભગવાન સ્વામિનારાયણ સૌને દિવ્ય ઉપદેશ આપી રહ્યા હતા. કાઠી દરબારો અને કંઈક શૂરાઓ તેમની આજુબાજુ હકડેઠઠ ભરાઈને એકી નજરે તેમનાં દર્શન કરતાં ઊભા હતા. ત્યાં પેલા ભક્તોનો સંઘ આવી પહોંચ્યો. તેમણે શ્રીહરિ સમક્ષ હમણાં જ બજારમાં બનેલી ઘટનાની વાત કરી. હમણાં ત્યાં જઈને સમાધાન કરી નાંખીએ – એમ કહેતાં કાઠી દરબારોના હાથ ભેટે બાંધેલી તલવાર પર ગયા. પરંતુ ભગવાન સ્વામિનારાયણે તે જ ક્ષણે સૌને શાંત પાડ્યા. પોતાના આસન પરથી ઊભા થયા. એક ક્ષણનાય વિલંબ વિના તેઓ સડસડાટ ઉતાવળી ચાલે ચાલવા માંડ્યા.

શ્રીહરિ ક્યાં ચાલ્યા? એ સવાલ સૌને તેમની પાછળ ખેંચી ગયો. સૌને આશ્ચર્ય થયું! શ્રીહરિ તો ઉતાવળી ચાલે ચાલતાં એ ધર્મગુરુના આંગણે જ જઈ પહોંચ્યા! હવે શું થશે? ગામલોકો જોતાં રહી ગયા, પરંતુ શ્રીહરિએ એ ધર્મગુરુનાં ચરણમાં પ્રણામ કરીને અત્યંત નમ્ર સ્વરે કહ્યું: 'અમારા સત્સંગી બાળકે ભૂલ કરી છે, એ બદલ હું આપની માફી માંગું છું. આપ ઉદાર હૃદયે અમારી માફી સ્વીકારો.'

અને પળભરમાં જ વાત પલટાઈ ગઈ. એ ધર્મગુરુ શ્રીહરિની આ નમ્રતાથી અચંબિત થઈ ગયા. લાખો લોકો જેમને સાક્ષાત્ ભગવાન તરીકે પૂજે છે એવા આ સ્વામિનારાયણ કેવા નમ્ર અને સરળ છે! આખી ઘટનામાં શ્રીહરિનો તો કોઈ જ વાંક નહોતો, છતાં તેઓ માફી શા માટે માંગે છે? એ ધર્મગુરુના હૈયે શ્રીહરિની આ નમ્રતા સ્પર્શી ગઈ. લોકોએ ધાર્યું હતું તેના કરતાં પરિણામ સાવ જુદું જ આવ્યું! થોડી જ પળોમાં બંને ધર્મગુરુઓ વચ્ચે સ્નેહ બંધાઈ ગયો. ધર્મગુરુએ ક્ષોભ સાથે વાતને વાળી લીધી. હડતાલ સમેટાઈ ગઈ. ફટાફટ દુકાનો અને બજારો ખૂલવા લાગી. વાતાવરણ ખુશી, શાંતિ અને સૌહાર્દથી ભરાઈ ગયું.

ભગવાન સ્વામિનારાયણની આ અજોડ નમ્રતા ઇતિહાસમાં સદાને માટે એક વિશિષ્ટ પાઠ ઉમેરતી ગઈ: નમ્રતા જ શાંતિની ગંગા વહાવે છે - સમાજમાં, પરિવારમાં અને વ્યક્તિના હૈયે પણ. ◆




# સકલ શાસ્ત્રનો સાર :
# નમ્ર થઈએ, દાસત્વભાવ કેળવીએ...

**પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વ્યક્તિત્વમાં, વાણીમાં, વર્તન-વ્યવહારમાં નમ્રતા અને દાસત્વભાવ સહજતાથી પ્રકટતો અનુભવાય છે. ઊંડું ચિંતન સરલતાથી અને સહજતાથી રજૂ કરીને તેઓ સૌને દાસત્વભાવની પ્રેરણા આપે છે એટલું જ નહીં, પરંતુ તેઓનું નિર્મળ-નમ્ર વ્યક્તિત્વ પણ સૌને દાસત્વભાવની પ્રેરણા આપે છે. સ્વામિનારાયણ પ્રકાશના આ અંકમાં તેઓએ દાસત્વભાવ એટલે કે નમ્રતા પર કરેલું ચિંતન માણીએ અને તેઓના જીવનમાંથી નમ્રતાના સહજ પાઠ શીખીએ.**

'નમ્રતા એક એવો ગુણ છે, જે જીવનના કોઈપણ ક્ષેત્રમાં અને કોઈપણ તબક્કે માણસ માત્ર માટે અનિવાર્ય છે, પરંતુ નમ્રતાની આધ્યાત્મિક બાજુ એટલે ભગવાનનો એમના સંત-ભક્ત પ્રત્યે દાસત્વ ભાવ. જે દાસત્વ ભાવને પામ્યો એ નમ્રતાની ચરમ સીમાએ પહોંચી ગયો છે.

સ્વામિનારાયણ ભગવાન પોતાના ઉપદેશમાં કહે છેઃ

'ચિંતામણિ, પારસમણિ કે કલ્પવૃક્ષ કરતાં પણ દાસપદ ઊંચું છે, શ્રેષ્ઠ છે, અધિક છે.'

મોટા થવાની ઇચ્છા તો દરેકને છે, પણ રીત આવડતી નથી. કબીરજી એમની પંક્તિમાં કહે છેઃ

*'નીચા નીચા જો કોઈ ચાલે, સબસે ઊંચા હોય...'*

નમ્ર થઈએ, દાસભાવ કેળવીએ એ ઊંચા થવાની સાચી રીત છે. આપણે આપણી રીતે મોટા થવા જઈએ છીએ ને વધારે ગરબડ થાય છે, વધારે ગૂંચો ઊભી થાય છે. આપણે માન-સન્માન માટે યુક્તિ-પ્રયુક્તિ કરીએ છીએ. પણ એમ મોટપ ન આવે. સ્વામિનારાયણ ભગવાન કહે છેઃ દાસત્વ ભાવ એ સૌથી ઊંચું પદ છે, પારસમણિ, કલ્પવૃક્ષ અને ચિંતામણિથી પણ અધિક! પારસમણિ લોઢાને સોનું કરે. લોખંડનું ગોડાઉન ભર્યું હોય અને તેને અડાડે રાખે તો તરત જ સોનું થઈ જાય. કલ્પવૃક્ષની નીચે બેસો અને પછી જે ચિંતવો, જે સંકલ્પ કરો તે તરત મળે. કેટલી મોટી વાત!

યોગીજી મહારાજ એક દૃષ્ટાંત બહુ આપતા.

એક વાણિયો હતો તે તેલપળીનો ધંધો કરતો હતો. એક મહાત્મા તેની પાસે આવ્યા. તે મહાત્માને દયા આવી કે આ બિચારો આમ ને આમ આખી જિંદગી કાઢશે, એટલે પોતાની પાસે પારસમણિ હતો એ કાઢીને વાણિયાને કહે કે 'લે આ પારસમણિ, લોખંડને અડાડીશને તો સોનું થઈ જશે.'

વાણિયો તેલપળીનો પૈસા-બે પૈસાનો ધંધો કરવામાં પડ્યો હતો. તે કહે કે 'મહારાજ! હું નવરો છું? જુઓ આ લાઈન. તમારી વસ્તુ મૂકી દો આ ગોખમાં પછી જોઈ લઈશ.' બે પૈસા, ચાર પૈસાનો રિટેલ ધંધો કરતો હતો ને થોડા માણસની લાઈન લાગી હતી, તેમાં તે ખોવાઈ ગયો. મહાત્મા શું લાવ્યા છે તે તરફ જોયું પણ નહીં. મહાત્મા દયાળુ હતા. તે તો વાણિયાના સામાન્ય ધંધા પર દયા ખાઈને વાણિયાએ કહ્યું ત્યાં ગોખમાં પોતાનો પારસમણિ મૂકીને જતા રહ્યા. છ મહિના પછી મહાત્મા પાછા આવ્યા. જોયું તો એ જ તેલપળીનો ધંધો! બે પૈસા, ચાર પૈસા! મહાત્માને લાગ્યું કે આ મૂરખે પારસમણિનો ઉપયોગ કર્યો લાગતો નથી અને બે પૈસાના ધંધામાં મંડ્યો છે. પછી મહાત્માએ કહ્યું કે 'મેં તને આપ્યો હતો એ પારસમણિ ક્યાં?'

વાણિયો કહે કે 'જ્યાં મૂકી હતી ત્યાં સંભાળી લ્યો. અડ્યો જ નથી, જોયું જ નથી, જ્યાં મૂકી હતી ત્યાંથી લઈ લો. હોય તો ઠીક, ન હોય તો તમે જાણો.'

મહાત્માએ જોયું તો પારસમણિ પર ધૂળ ચડી ગયેલી હતી. તેને સાફ કરીને મહાત્મા કહે, 'કંઈ લોખંડ છે?'

વાણિયાનું ત્રાજવું તો ટોપલાનું બનાવેલું હતું, લોખંડનું પણ નહીં! દોરી નેતરની અને ઉપર ડાંડોય લાકડાનો! વજનિયાંય લોખંડનાં નહીં, પથરાના બનાવેલા! લોખંડ નામે ના મળે. મહાત્મા મૂંઝાયા કે આને કઈ રીતે સમજાવવો? પછી એક ખીલી મળી ગઈ, વાંકીચૂંકી. મહાત્માએ તેને પારસમણિ અડાડી તો સોનું થઈ ગયું. હવે વાણિયો ચોંક્યો. એ કહે, 'મહાત્માજી, બે દિવસ માટે મૂકી જાઓ.'

પણ મહાત્મા કહેઃ 'એ સમય ગયો. હવે ના મળે.'

આવા ચિંતામણિ, પારસમણિ, કલ્પવૃક્ષ - આ બધા કરતાં દાસપદ ઊંચું છે, શ્રેષ્ઠ છે, અધિક છે. આ પારસમણિ, ચિંતામણિ, કલ્પવૃક્ષ આપી આપીને શું આપે? આ લોકની વસ્તુ. આ લોકનું કેટલું તમે વાપરી શકો? ધારો કે તમારું પોતાનું દસ માળનું મકાન હોય તો તમે દસે દસ માળ વાપરી શકો? એક માળમાં ચાર ફ્લેટ હોય તો ૪૦ ફ્લેટ થયા. તમારે આઠ વાગે સૂવાનું શરૂ કરવાનું. આઠથી સવા આઠ એક પલંગમાં, સવા આઠથી સાડા આઠ બીજા

પલંગમાં, પોણા નવે ત્રીજા પલંગમાં, નવે ચોથા પલંગમાં. સવાર સુધી બધા જ પલંગ વાપરો. એ સારું? કે એક જ પલંગમાં એક ઊંઘે સવાર? એમાં મજા છે. પાટલૂન કેટલાં વાપરવાનાં એક સામટાં? એક જ પહેરી શકો.

કરોડપતિ હોય પણ સોનાની કઢી ખવાય છે? સોનાની કઢી, ચાંદીના રોટલા અને હીરાનું શાક ખવાય? આ બધી પારસમણિ, ચિંતામણિ, કલ્પવૃક્ષ આપી આપીને આ લોકની વસ્તુ આપે. પણ શું કરવાની? એ અહીં જ મૂકીને જવાનું છે. સાથે નહીં આવે, પણ દાસપદ સાથે આવશે. સત્સંગમાં દાસના દાસ થયા આપણે, એમાં જે આત્માની શુદ્ધિ થાય, ભગવાનનો રાજીપો મળે - એ સાથે આવશે. પણ મનમાં આ લોકની મોટપ એટલી બધી ઠસી ગઈ છે કે મન ત્યાં દોડે. પણ કચરો જ છે.

દાસ થયા એટલે મુક્ત થયા, અક્ષરમુક્ત થયા. દાસ થયા એટલે રાધારમાદિક જેવા ભક્ત થયા. જેટલું દાસપણું અધિક એટલો ભક્ત મોટો. એટલે સ્વામિનારાયણ ભગવાને કહ્યું,

*'દાસના દાસ થઈ રહે જે સત્સંગમાં;*
*ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.'*

ભગવાન કહે છે કે 'દાસ હોય તો ભેટંભેટા.' ભગવાન ભેટે! અને બાપના બાપ થાય તો છેટંછેટા! કરોડો માઈલ દૂર. પહેલાં દાસ થવામાં અઘરું પડે, પણ પછી ફળ મળે અને શાંતિ શાંતિ, આનંદ આનંદ થઈ જાય.

એકવાર યોગીજી મહારાજ મુંબઈમાં બે મહિના રોકાઈને વિચરણમાં જવા નીકળતા હતા. સવારના પાઘ પહેરીને બેઠા હતા. ગાડીમાં બેસીને સ્ટેશને સ્ટેશને જવાનું હતું. હરિભક્તો વિદાય આપવા આવ્યા. હરિભક્તો કહે કે 'બાપા! તમે બે મહિના રહ્યા, ખૂબ કથા કરી, ખૂબ લાભ આપ્યો પણ અમને કંઈ યાદ નથી. તો તમે એક લીટીમાં સાર કહી દો.'

તો યોગીજી મહારાજ કહે -

*'નાને સે હો નાને રહીએ, જૈસે નાની દૂબ,*
*ઘાસ ફૂસ સબ ઊડ ગયા, દૂબ ખૂબ કી ખૂબ.'*

એક જ પંક્તિ યોગીજી મહારાજ બોલ્યા. યોગીબાપા આ પંક્તિ ઘણીવાર બોલતા. એમના હૃદયમાં આ સૂત્ર કોતરાઈ ગયું હતું. વાવાઝોડું આવે, પવન આવે, પૂર આવે એટલે મોટાં મોટાં ઝાડ પડી જાય પરંતુ ઘાસ નમી જાય, લાખો લિટર પાણી ઉપરથી જતું રહે તોય પાછું બેઠું થઈ જાય. આ સત્સંગમાં, આ દુનિયામાં નમ્ર થાય એ સલામત રહે. બાકીનાનું ઠેકાણું ન રહે.

અમે સ્કૂલમાં ભણતા હતા. એક અંગ્રેજી કવિતા આવતી હતી :

'He that is down needs fear no fall,
He that is low no pride;
He that is humble ever shall
Have God to be his guide.
I am content with what I have,
Little be it or much;
And, Lord, contentment still I crave
Because Thou savest such.'

અગાશીની પાળી ઉપર તમે ચાલો તો પડવાની બીક રહે કે નહીં? પણ નીચે ચાલો તો? He that is low no pride.

જે નીચે ચાલે છે, તેને પડવાનો પ્રશ્ન જ નહીં. જે નમ્ર થઈને વર્તે તેને માન મળે કે ન મળે, કોઈ પ્રશ્ન જ નહીં. He that is humble ever shall have God to be his guide. જે નમ્ર છે એની રક્ષામાં ભગવાન છે. ભગવાનના હાથ એના ઉપર સદાય રહે છે.

ગુરુ નાનકે એક દિવસ પોતાના શિષ્યોને વારાફરતી પૂછ્યું કે 'ભાઈ! તું ગુરુ થાય તો શું કરે? તું ગુરુ થાય તો શું કરે?' બધા જુદું જુદું બોલ્યા. એક બોલ્યા કે 'આપણી મિલકત ડબલ કરી દઉં.' બીજા કહે, 'બધાને ડંડો મારી મારીને ઠેકાણે રાખું, નિયમમાં રાખું.' ત્રીજા કંઈક બોલ્યા. પણ ગુરુના મનમાં હતું એ કોઈ બોલ્યું નહીં. અંતે એક છેલ્લા શિષ્યને પૂછ્યું કે 'ભાઈ! તું ગુરુ થાય તો શું કરે?' એટલે પેલો શિષ્ય બોલ્યો કે 'જો હું ગુરુ થાઉં તો દરેકનાં ચરણ માથે ચડાઉં.' ગુરુ નાનક દોડ્યા અને તેમને ઊંચકી લીધા. અને પોતાની ગાદી ઉપર બેસાડ્યા અને કહ્યું, તું આજથી ગુરુ.

આધ્યાત્મિક ક્ષેત્રમાં ગમે ત્યાં જાઓ બધે આ જ પદ્ધતિ છે. ઝાડને ફળ આવે તો નીચે જ નમે. એમ માણસમાં જેટલા ગુણ વધે ને એમ માણસ નમ્ર થાય.

અમેરિકન પ્રેસિડન્ટ અબ્રાહમ લિંકનની એક વાત યાદ આવે છે. એ વખતે આજના જેવો ફોટોગ્રાફીનો ઝડપી જમાનો નહીં. એટલે કોઈ પ્રેસિડન્ટને જોયે ઓળખે નહીં. થોડાક આસપાસના લોકો ઓળખે. એકવાર અબ્રાહમ લિંકને માર્ગે જતાં એક પોલીસને પૂછ્યું કે 'આ રસ્તો ક્યાં જાય છે?'

પોલીસ તુમાખીમાં કહે, 'તું કાંઈ મારો બોસ છે?'

લિંકન કહે, 'અરે! ભાઈ બોસની વાત નથી, હું તમને પૂછું છું.'

પોલીસ કહે, 'તો તું ગવર્નર છે?'

લિંકન કહે, 'અલ્યા ભાઈ! આ રસ્તો ક્યાં જાય છે, એટલું જ મારે જાણવું છે. આ બધી માથાકૂટ કરવાની શું

જરૂર છે?'

પોલીસ કહે, 'તો તું કંઈ અમેરિકાનો પ્રેસિડેન્ટ છે?'

લિંકને ખૂબ નમ્રતાથી કહ્યું, 'લોકો મને કહે છે.' પછી તો ખબર પડી કે આ પોતે જ પ્રેસિડેન્ટ છે. પેલાને તો ધ્રૂજારી ચડી ગઈ.

લિંકન કહે, 'તું ડરીશ નહીં. તુંય મારા જેવો થઈશ ને તું નમ્ર થઈ જઈશ.'

પેલો માણસ જીવનભર નમ્રતાના પાઠ શીખી ગયો.

આ કાયદા બધે લાગુ પડે છે. વ્યવહારમાંય અને સત્સંગમાંય લાગુ પડે છે. નમે એ સૌને ગમે. ભગવાનને પણ એ જ ગમે. જે સૌને નમતો રહે તેને શ્રીહરિ દાસની પદવી આપે છે. દાસ પદવી સૌથી પરથી પર પદવી છે. દાસ થવામાં સૌથી મોટો અહંકાર નડે છે, બીજા સંતો-ભક્તો સાથે બરોબરિયાપણું નડે છે.

ઘણા માંસાહારી લોકો કરચલા ખાય છે. તેમના માટે એક દેશમાંથી બીજા દેશમાં કરચલા એક્સપોર્ટ પણ કરે છે. પરંતુ કરચલા જે બોક્સમાં ભર્યા હોય તેને ઢાંકણું નથી હોતું. આવું કેવું? જોનારને આશ્ચર્ય થાય. પણ હકીકત એમ છે કે, કોઈપણ કરચલો ઉપર ચડવા જાય તો બીજા કરચલા એનો પગ ખેંચી રાખીને એને બહાર જવા જ ન દે. એમાં ઢાંકણાની જરૂર જ નહીં. આ દુનિયામાં એવા ઘણા લોકો હોય છે, જે બીજાને ઉપર ચડવા ન દે. કોઈપણ પ્રગતિ ઉપર ચડે તો તેને ખેંચી જ પાડે. આનું નામ બરોબરિયાપણું. નમ્ર હોય તેમાં બરોબરિયાપણું ન રહે, કારણ કે બીજા આગળ વધે તેમાં તેને ખુશી થાય.

સત્સંગમાં બરોબરિયાપણું સારું નહીં.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, 'સત્સંગમાં બરોબરિયાપણું સમજવું નહીં, બરોબરિયાપણું રાખવું નહીં, બરોબરિયા થવું નહીં.' મુંબઈથી કોઈ હરિભક્ત આવે અને તેને હારતોરા પહેરાવે તો બધા તાળીઓ પાડે. દિલ્હીથી કે ન્યૂયોર્કથી હરિભક્ત આવે તેને હારતોરા પહેરાવે તો બધા તાળીઓ પાડે. પણ અહીંનાને હાર પહેરાવે તો ભમર ઉપર ચઢી જાય. કેમ ભાઈ, આને હાર? અમે નહીં!? આ બરોબરિયાપણું. બીજાની મોટાઈ કોઈપણ રીતે ખમી ન શકે.

સત્સંગની રીત આ નથી. બીજાને સન્માન મળે અને તમે રાજી થાઓ તો તમે પાકા સત્સંગી. સ્વામિનારાયણ ભગવાન કહે છે, 'પાકા સત્સંગીનાં આ લક્ષણ છે.' એક સંતને માન મળે તો બીજા સંત રાજી થાય તો સ્વામિનારાયણ ભગવાન કહે છે, એ સાચો સંત. બીજું બધું કરી શકાય પણ આ ન

**જે સૌને નમતો રહે તેને શ્રીહરિ દાસની પદવી આપે છે. દાસ પદવી સૌથી પરથી પર પદવી છે. દાસ થવામાં સૌથી મોટો અહંકાર નડે છે.**

થાય. હું કેમ નહીં? હુંય સેવા કરું છું. આણે શું એવું કર્યું છે કે એનું સન્માન થાય છે? મનમાં એવા સવાલો થઈ જાય.

ભગવાન ને ભગવાનના સંતની સેવા કોટિ કલ્પ સુધી કરે અને ક્યારેય બીજા સંતો-ભક્તો સાથે મનમાં બરોબરિયાપણું આવવા ન દે, એ દાસના દાસનો દાસ! આ સત્સંગમાં રજ ભેગા રજ થઈ જવું પડે. મનમાંથી આપણું અસ્તિત્વ મીટાવી દેવું પડે! તો સાચા દાસ થવાય.

ભગવાન કહે છે, 'દાસનો દાસ થયો એને ભેટંભેટા.' ભગવાન પોતાની બાહુઓમાં લઈ લે એને.

એકવાર સ્વામિનારાયણ ભગવાન ગઢડામાં બિરાજમાન હતા. તેમણે સૌ ભક્તોને કહ્યું કે 'આ દાદાખાચરના ગોલા -ગુલામ-નોકર કોઈ થાશો?'

બધા કહે, 'મહારાજ! અમારા ઘરે તો માણકી ઘોડીઓ પૂંછડાં ઝાપટે છે. અમે શું કામ દાદાખાચરના ગોલા થઈએ!?

એટલામાં પર્વતભાઈ ત્યાં આવ્યા. સ્વામિનારાયણ ભગવાને તેમને તત્કાળ પૂછ્યું, 'પર્વતભાઈ! તમે દાદાખાચરના ગોલા થાશો?'

'અરે મહારાજ! ધન્ય ભાગ્ય ધન્ય ઘડી! અનંત જન્મથી કુટુંબ-કબીલાના તો ગોલા છીએ જ. એમાં આવા ભક્તના દાસ થવું એ કેટલા નસીબની વાત છે!'

સ્વામિનારાયણ ભગવાને ત્યારે લીલા કરી. તેમણે કસોટી કરતાં પર્વતભાઈને કહ્યું, 'તો તમે અહીંથી ઊભા થઈને પાછળ જતા રહો. અમારી પાસે બેસવાનું નહીં.'

પર્વતભાઈ તો ઊભા થઈને છાતી કાઢીને છેલ્લે જઈને બેસી ગયા. એમને જરાય શંકા નહોતી કે મેં કશું પણ ખોટું કર્યું છે. તેઓ દાસના દાસ થઈને પાછળ જઈને બેઠા એટલે સ્વામિનારાયણ ભગવાન પોતાના આસન પરથી ઊભા થયા ને પર્વતભાઈ પાસે જઈને નીચે બેસી ગયા!

સ્વામિનારાયણ ભગવાને સૌને કહ્યું, 'અમે તો દાસના દાસ છીએ. ભક્તના ભક્ત છીએ.'

સત્સંગમાં ભક્તના ભક્ત થાઓ ને તો ભગવાન તમારા પણ ભક્ત થવા તૈયાર છે.

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, દાસના દાસ થઈને ભક્તની સેવા કરે તે ધ્યાનમાં મૂર્તિનો સાક્ષાત્કાર કરે તેના કરતાં અધિક છે. માન કે બીજી કોઈપણ ઇચ્છા વગર સેવા કરે તો તે ભગવાનના ધામને પામે. કોઈપણ ભગવાનનો ભક્ત હોય એની સેવા કરવી એ આટલું ફળ છે. ભગવાન



> દાસના દાસ થઈને ભક્તની સેવા કરે તે ધ્યાનમાં મૂર્તિનો સાક્ષાત્કાર કરે તેના કરતાં અધિક છે. ભગવાન અને ભગવાનના સંતો-ભક્તોની સેવા મન-કર્મ-વચનથી કરવી તે આત્મારૂપે રહેવા કરતાં પણ અધિક છે.
>
> – ભગવાન શ્રી સ્વામિનારાયણ

અને ભગવાનના સંતો-ભક્તોની સેવા મન-કર્મ-વચનથી કરવી તે આત્મારૂપે રહેવા કરતાં પણ અધિક છે. સેવા કરવામાં દંભને અવકાશ નથી. આત્મારૂપ વર્તવામાં દંભ હોઈ શકે. સેવામાં ન હોય. માટે સેવક, દાસ, નમ્ર થવું.

એકવાર યુવકોએ પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું, 'બાપા! તમને શું થવું ગમે?' સ્વામીબાપાએ તરત જ ક્ષણનાય વિલંબ વિના જવાબ આપ્યોઃ 'સેવક!' તેઓ ખાલી બોલ્યા જ નથી, તેઓએ કરી બતાવ્યું છે. યોગીજી મહારાજ તો કહેતા, 'પ્રમુખસ્વામી સેવાની મૂર્તિ છે.'

યોગીજી મહારાજ માટે શાસ્ત્રીજી મહારાજ બોલેલા, 'યોગી તો હરિભક્તોની સેવાની વાટ જ જોતા હોય.' એમના માટે ભગવાન એટલે હરિભક્તો. યોગીજી મહારાજ પોતે જ બોલ્યા છે, 'હરિભક્તોની સેવા-પરિચર્યામાં જ ભગવાનની મૂર્તિનું સુખ આવે છે.' એમના આ શબ્દો યોગીગીતામાં વાંચો.

દાસભાવ, સેવકભાવ કે નમ્રતાનું એક બીજું પાસું છે – સંતો-ભક્તોને નિર્દોષ સમજવા. આ સેવાનો વિશિષ્ટ પ્રકાર!!

થોડાં વરસો પહેલાં ભોજન સમારંભ થાય ત્યારે જમનારાની પંક્તિ નીચે જમીન પર બેસતી અને પતરાળામાં બધાને પીરસતા. પીરસનારની કમર રહી જાય. પાંચ લાઈનમાં ફરે ને એટલે કમર સજ્જડ થઈ જાય. આટલી સેવા કરે પણ પછી ગોટો વાળે. જમનારાનો અવગુણ લે કે 'બહુ ખાય છે! આ તો ખાલી જમવા જ આવે છે.' આવું વિચારીએ તો આપણી સેવાને બદલે અસેવા થઈ ગઈ. રસોઈના દાતા કોઈક છે, રાંધનાર કોઈક છે અને વચ્ચે ઠાલો ઠાલો બીજો બળી મરે. આવા વિચારો કરો તેમાં તમારું હૃદય બગડે. મનમાં આવી ભાવના હશે અને કોઈને કહ્યું નહીં હોય તો પણ તે અસેવા છે.

ગોંડલમાં એક જણને એક હરિભક્તને પંગતમાંથી જમતાં-જમતાં ઊભો કર્યો. એમ કે, સાત દિવસથી રોજ જમવા ટાઈમે આવી જાય છે, કથામાં તો બેસતો નથી. આ વાતની યોગીબાપાને ખબર પડી. એ સંતને બોલાવ્યા ને કહ્યું કે 'આવું ના કરવું. ખૂટશે તો હું લાવી આપીશ પણ તમે જમાડો.'

દાસભાવ હોય તો કોઈનો અવગુણ ન આવે.

દાસભાવ હોય તો દંભ ન રહે.

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, જે દાસ થઈને રહે છે તેનામાં મોક્ષ નિવાસ કરે છે. જે દાસ થયો ને મોક્ષ એને છોડીને જાય જ નહીં. એની અંદર જ બિરાજે. માટે આટલું નક્કી કરી લેવું કે દાસભાવ કેળવવો છે, સેવાભાવી થવું છે, બીજાનો ગુણ લેવો છે. પછી એમાં સુધારો કરતા જાઓ. ત્યાગ, વૈરાગ્ય, ધર્મ, જ્ઞાન થઈ શકે પણ સેવામાર્ગ કઠણ છે.

જો દાસભાવ કેળવાશે તો સુખ, શાંતિ, આનંદ અખંડ અનુભવાશે. અને સૌથી વિશેષ તો ભગવાન સદાને માટે આપણા હૃદયમાં નિવાસ કરીને રહે છે.

તો પછી ખોટનો ધંધો શું કામ કરવો?

મોટા થવું હોય તો નાના થવાની દિશા લેવી. બાકી મોટા થવામાં માલ નથી.

દાસત્વભાવ એ જ તમામ શાસ્ત્રોનો સાર છે.

નમ્રતા એ જ તમામ સાધનાનો સાર છે.


નમ્રતા, દાસત્વભાવ, સેવકભાવ દૃઢ કરીને માલ ખાટી જવો.

(પ્રવચનમાંથી સંકલિત) ◆

ગ્રંથ શ્રેણી પ્રકાશન

# બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ

ભાગ-૮





પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુગામી ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનો આ આઠમો ભાગ પ્રસ્તુત છે.

જન-જનનું હિત કરતી સ્વામીશ્રીની કલ્યાણ-યાત્રાનાં સન ૧૯૯૫ થી સન ૧૯૯૮ સુધીનાં વર્ષોનું ચરિત્રલેખન આ ભાગમાં આવરી લેવામાં આવ્યું છે.

શ્રીહરિની ભક્તિમાં અખંડ રમમાણ રહી પ્રમુખસ્વામી મહારાજે અનેક સેવાકાર્યો કર્યાં છે. તેઓનાં કાર્યોની વિશેષતા એ રહેતી કે સૌ કોઈ માટે તે સેવાકાર્યો આદર્શ ઉદાહરણરૂપ બની રહેતાં, ચાહે તે ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિમાણ હોય, આદિવાસી ઉત્કર્ષ હોય, મહોત્સવ હોય કે લંડન સ્થિત બી.એ.પી.એસ. મંદિર અને હવેલીનાં બેનમૂન નિર્માણ હોય. આવાં જગપ્રસિદ્ધ કાર્યો કરવા છતાં પણ સ્વામીશ્રીએ ક્યારેય તેનો જશ લીધો નહોતો. તેઓ હંમેશાં ઇષ્ટદેવ શ્રીહરિ, ગુરુજનો તેમજ સંતો-ભક્તોને જ તમામ યશ અર્પી દેતા. આવા અહંશૂન્ય સ્વામીશ્રીનું સાધુતાસભર અને સરળ વ્યક્તિત્વ તેમના પ્રસંગમાં આવનાર સૌના અંતર-તાર ઝણઝણાવી જતું હતું. તેથી જ તેઓના અમૃત જન્મજયંતી મહોત્સવના ભવ્ય ઉજવણી-પ્રસંગે પધારનારા સૌ કોઈએ તેઓની આ ગુણગરિમા હૃદયપૂર્વક બિરદાવી હતી. જનહિતાર્થે ગામોગામ વિચરતા સ્વામીશ્રીએ ક્યારેય દેહ કે સગવડોની પરવા કરી નહોતી, જેના કારણે તેમના હૃદયની બાયપાસ સર્જરી કરાવવાની આવશ્યકતા ઊભી થઈ, પરંતુ આવી અનેક વ્યાધિઓથી પર રહી પરમ આનંદમાં મસ્ત રહેતા સ્વામીશ્રી સૌને એ દિવ્ય આનંદની અનુભૂતિ કરાવતા રહેતા.

આવો, તેઓશ્રીના વિસ્તૃત જીવનચરિત્રના આ આઠમા ભાગનું આચમન કરીએ...




**'અક્ષર અમૃતમ્' એપ પર જીવનચરિત્રના ૧ થી ૮ ભાગની ઓડિયો બુકનું શ્રવણ કરવાનો આનંદ પણ નિઃશુલ્ક માણો...**



**આવો... સ્વામિનારાયણ અક્ષરપીઠના વિક્રય કેન્દ્રની મુલાકાત લઈને આજે જ વસાવીએ.**

■ સાધુ અક્ષરજીવનદાસ



# નમ્ર થઈએ અને સદ્‌ગુણોનું ઝરણું હૈયે વહાવીએ...

'નમ્રતા' સદ્ગુણમાત્રનો ખજાનો છે.

શ્રીહરિ કહે છેઃ 'મોટાઈ પણ નમ્રતા વગર શોભતી નથી. જેમાં નમ્રતા નથી તો મોટપ પણ નથી. અનંત વિદ્યાઓ ભણે પણ તેનું ફળ નમ્રતા છે. નમ્રતાથી વિદ્યા શોભે છે. જેણે નમ્રતા સિદ્ધ કરી તેને વગર મોટપે મોટપ મળે છે. સારાં આભૂષણો પહેર્યાં હોય તે પણ નમ્રતાથી શોભે છે. નમ્રતા ન હોય તો તે શોભતા નથી. નમ્રતા વિના તો ગુણમાત્ર ઝેર રૂપ છે. (પુરુષોત્તમ બોલ્યા પ્રીતે, પૃષ્ઠ - ૨૧૪)

સંસ્કૃતમાં કહેવત છેઃ 'नमन्तमपि धीमन्तं न लंघयति कश्चन। અર્થાત્ જે નમે છે તેને કોઈ ઓળંગી શકતું નથી. અધ્યાત્મના પથ પર જે કોઈ નમતો રહે છે તેની ઉપરવટ કોઈ થઈ શકતું નથી અર્થાત્ તે સર્વોચ્ચ બની રહે છે.

સમુદ્ર સૌથી નીચે છે તો જળમાત્રનો એ નિધાન કહેવાય છે. પર્વત ઊંચો છે તો તેની ટોચ પર એક ટીપું પાણી ટકી શકતું નથી. અને સમુદ્રને રત્નાકર કહે છે. વાસુકિ નાગ અને વીંછીનો દાખલો જાણીતો છે. વાસુકિ નાગ પાસે હજારગણું ઝેર હોય છે છતાં પણ તે ગર્વ કે અભિમાન કરતો નથી, જ્યારે વીંછી પાસે ઝેરનું એક ટીપું માત્ર હોય છે છતાં અભિમાનમાં ગરકાવ થઈ પૂંછડી ઊંચી રાખી ચાલે છે. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે 'આંકડો વાંકડો વીંછીના સરખો' અટંટાઈ માનીનું માન છતું કરે છે. અધૂરો ઘડો છલકાય. ટીપાતું લોખંડ ઝાઝો અવાજ કરે છે. સુવર્ણ ટીપાવા છતાં અવાજ કરતું નથી. શ્રીજીમહારાજ કહે છેઃ

'જેટલી નમ્રતા છે તેટલી મોટાઈ ગણાય. પારસમણિ તથા ચિંતામણિ તથા બીજી રિદ્ધિ સિદ્ધિ પામે પણ નમ્રતા ન આવે ત્યાં સુધી મોટપ શોભે નહીં. ભગવાન સમર્થ હોવા છતાં પોતે જ્યારે મનુષ્ય તન ધારે છે ત્યારે દાસની પેઠે વર્તે છે ને ભક્ત કહે તેમ કરે છે માન રાખતા નથી.' (પુરુષોત્તમ બોલ્યા પ્રીતે, પૃષ્ઠ - ૪૧૦)

સાચા નેતૃત્વ માટે પણ નમ્રતા, પ્રેમ અને સેવાભાવના એ પાયાના ગુણો છે. નમ્રતાની એ પ્રતીતિ કરાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે: 'અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે, અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો.' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮)

અભાવ અવગુણનું મૂળ ઉદ્ગમ સ્થાન તો માન છે. માની નમ્રતાથી દાસ થઈ સેવા કરી શકતો નથી. દીન થઈ શકતો નથી, નમ્રતા ધારણ કરી શકતો નથી.

યોગીજી મહારાજ કૃષ્ણજી અદાની એક સાખી બોલતા કે,

*નાને સે હો નાને રહીએ જેસી નાની દૂબ*
*ઘાસ ફીસ સબ ઊડ ગયા દૂબ ખૂબ કંઈ ખૂબ*

પાણીના પૂરમાં એરંડા મૂળમાંથી ઊખડીને તણાઈ જાય છે પરંતુ ધ્રો નમી જાય છે તો તે કિલકિલાટ કરતી જીવિત રહે છે. તેમ સાધક પણ જો સૌને નમતો રહે છે તો તેનાં સત્સંગનાં મૂળ કોઈ ઉખેડી શકતું નથી.

નમ્યો સર્વને ગમ્યો. યોગીજી મહારાજ 'આપલો અને બાપલો' તેની બોધકથા કહેતા. એક ગામમાં આ બે વ્યક્તિઓ દરબારને ચોરે સૌની સેવામાં રહ્યા. તેમાં આપલો બાપુની પગચંપી કરે, નાની મોટી વસ્તુ લાવવા દોડધામ કરે, હોકા ભરે, સૌની ટેલ ચાકરી કરે અને બાપલો બધાની વચ્ચે પગ પર પગ ચડાવીને બેઠો રહે. બધાને આપલો બહુ ગમે. લોકો આપલાને સારી રીતે બોલાવે અને બાપલાને તુચ્છકારે. કારણ કે તે નમતો નહોતો. નમે તે સૌને ગમે.

સૌના હૃદયમાં વસવા માટે નમ્રતાનો ગુણ અતિ મહત્ત્વનો છે. નમ્રતાથી બીજા ગુણો પણ આવી વસે છે. જેમ જેમ ગુણો પ્રાપ્ત થાય તેમ તેમ નમ્રતા એની અધિક ને અધિક ખીલી ઊઠે છે. જેમ આંબા ઉપર ફળ આવે તેમ તે લચતો જાય છે, એટલે કે આધ્યાત્મિકતામાં જેટલા ગુણ છે તે માણસને નમતો કરે છે અને જો તે નમે નહીં તો તેની આધ્યાત્મિકતા શૂન્ય થઈ જાય છે.

નમવું અને ખમવું આ બંને બાબત એક સાથે હોય છે. જે નમી શકતો નથી તે ખમી શકતો નથી. એટલે તો યોગીજી મહારાજ કહેતા: 'ખમી લે તે નિર્માની. ગમે એટલાં ઐશ્વર્ય આવે તો પણ ઢાંકીને રહે... ખમવું ઈ આત્મારૂપ વર્ત્યા કહેવાય...' (યોગીવાણી)

નમ્રતાનો વિરોધી શબ્દ અભિમાન છે. જ્યાં સુધી અભિમાન હોય ત્યાં સુધી કોઈને પણ નમી શકાતું નથી. 'અભિમાન'ને મળતા-ભળતા અર્થમાં અહંકાર, ગર્વ, ઘમંડ, દર્પ શબ્દો પણ વપરાય છે. અભિમાનને પતનનું અને નર્કનું પ્રવેશદ્વાર માનવામાં આવ્યું છે. જે ગર્વ કરે છે, છકી જાય છે, અહંકારી બને છે એને અંતે પછડાવું જ પડે છે. રાવણ હોય કે દુર્યોધન, કંસ હોય કે જરાસંધ, એમનું અભિમાન જ એમના પતન માટે કારણરૂપ બન્યું છે. એટલે આપણાં શાસ્ત્રોએ અને સંતોએ અહંકારમુક્ત બનીને નમ્રતા ધારણ કરવાનો ઉપદેશ આપ્યો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃત લોયા પ્રકરણ ૬માં કહે છે કે દેહાભિમાનમાં દોષમાત્ર રહ્યા છે...

'દોષમાત્રને પ્રવેશવાનું મહા દ્વાર માન છે. જ્યાં સુધી



“

**જેટલી નમ્રતા છે તેટલી મોટાઈ ગણાય. પારસમણિ તથા ચિંતામણિ તથા બીજી રિદ્ધિ સિદ્ધિ પામે પણ નમ્રતા ન આવે ત્યાં સુધી મોટપ શોભે નહીં. ભગવાન સમર્થ હોવા છતાં પોતે જ્યારે મનુષ્ય તન ધારે છે ત્યારે દાસની પેઠે વર્તે છે.**

**– ભગવાન શ્રી સ્વામિનારાયણ**

”

ભક્તમાં માનનો ઉદય ન હોય અને નિર્માની રહેતો હોય ત્યાં સુધી તે સત્સંગમાં વૃદ્ધિ પામતો રહેશે, પણ જેવું માન આવ્યું કે તરત તે ભક્ત ધીરે ધીરે ઘટી જાય છે. હરિજનમાં જેટલો નિર્માની ગુણ તે તેટલો મોટો.' (પુરુષોત્તમ બોલ્યા પ્રીતે, પૃષ્ઠ - ૪૧૧)

યોગીજી મહારાજ કહેતા : 'ગુણાતીત એટલે નિર્માનીપણું, માનનો અંકુરમાત્ર નીકળી જાય... અપમાન ન લાગે ત્યારે જાણવું કે જ્ઞાન વર્યું... ખમવું એ જ ઐશ્વર્ય. એ જ પ્રતાપ.'

'ટોકણી ખમે તો સ્વભાવ જાય. મોક્ષના કામમાં સ્વભાવ નડે. ભાગવત સંતનો ત્યાગ ન કરવો, સ્વભાવનો ત્યાગ કરવો, મહારાજને નિત્ય પ્રાર્થના કરવી કે મને ગાદીતકિયે બેસાડી મોટો ન કરતા. તમારો દાસ બનાવજો. તમારા ભક્તોના જોડા લૂછું, પગથિયે બેસું, તેવો બનાવજો...' (યોગીવાણી)

શાસ્ત્રીજી મહારાજ કહેતા: 'ભગતજીએ અમને કોઈદી વખાણ્યા નથી, ટોક્યા જ છે.'

નમ્રતા એટલે માન રહિત સ્થિતિ. માન હોય તે નમી શકતો નથી. એટલે તો ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે :

''ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણીને પોતે દેહે કરીને તેમને નમસ્કાર કરે તથા તેમની સેવા-ચાકરી કરે, અને જો હૈયામાં માનનો સંકલ્પ થાય તો તેને ઓળખે ને વિચારનું બળ રાખે તો માન ટળી જાય. અને અતિશય પ્રેમલક્ષણા ભક્તિ હોય અને તે ભક્તિએ કરીને ભગવાન તેને વશ વર્તતા હોય અને જો તે ભક્તિનું ભક્તના હૃદયમાં માન આવે તોય પણ એને અતિ ખોટ છે. અને આત્મજ્ઞાનનું માન હોય અથવા વૈરાગ્યનું માન હોય પણ તે અભિમાન તો દેહાત્મબુદ્ધિને જ દૃઢ કરાવે, માટે ભગવાનના ભક્ત હોય તેને કોઈ પ્રકારે અભિમાન રાખવું નહીં એ જ ભગવાનને રાજી કર્યાનો ઉપાય છે. અને અંતર્દૃષ્ટિવાળા જે ભગવાનના ભક્ત હોય તે જો તપાસીને પોતાના હૃદય સામું જુએ તો જ્યારે લગારે માન આવતું હશે ત્યારે હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની નજર કરડી દેખાતી હશે અને જ્યારે નિર્માનીપણે વર્તાતું હશે ત્યારે પોતાના હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની દૃષ્ટિ અતિ પ્રસન્ન જણાતી હશે. માટે ભગવાનનો ભક્ત હોય તેને વિચારનું બળ રાખીને કોઈ પ્રકારનું માન ઉદય થવા દેવું નહીં.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬)

માણસને સત્તાનું, ધનનું કે પદનું જ નહીં, તપ અને ભક્તિનું પણ માન હોય છે. અરે! નિર્માનીપણાનું પણ માન હોય છે!! વિશ્વામિત્ર તપ કર્યા છતાં ગર્વિષ્ઠ રહ્યા એટલે રાજર્ષિથી આગળ ન વધી શક્યા પણ અભિમાન ત્યજ્યું એટલે બ્રહ્મર્ષિ તુલ્ય બની શક્યા.

અહીં એક તપસ્વીનું ઉદાહરણ ધ્યાનમાં લેવા જેવું છે. એક માણસ ઘોર તપ કરતો, તપના નિયમો પણ પાળતો પણ બધું જ તપ અહંભાવથી મૂલવતો. 'હું તપ માટે ખાસ્સાં કષ્ટ વેઠું છું, મારા જેવો ઘોર તપસ્વી બીજો કોણ હોઈ શકે!' એવા અહંકારી વિચારોમાં રાતદિવસ રાચ્યા કરતો. તપ કરતાં-કરતાં ઘણાં વર્ષો વીતી ગયાં. પોતાને ભગવાન મહાન તપસ્વીનું બિરુદ આપવામાં શા માટે વિલંબ કરે છે, એવા ગર્વમાં તે દુઃખી થતો હતો. એવામાં મહર્ષિ નારદ ત્યાં આવી પહોંચ્યા. પેલા તપસ્વીએ કહ્યું કે તમે ભગવાન પાસે જાઓ ત્યારે

ભગવાનને પૂછતા આવજો કે મારું તપ ક્યારે ફળશે? મને મુક્તિ ક્યારે મળશે? ભગવાનના ભક્તોમાં મારું સ્થાન કેવું હશે?

નારદજીએ કહ્યું: 'ભલે, હું આજે જ ભગવાન પાસે જવાનો છું... તમારી સઘળી હકીકત ભગવાનને જણાવી તમે જે કાંઈ જાણવા માગો છો એ પૂછતો આવીશ.'

નારદ ભગવાન પાસે ગયા. પોતાનાં કામો પતાવી પેલા તપસ્વીની વાત ભગવાન આગળ ચલાવી. ભગવાને કહ્યું: 'આ રહ્યા ચોપડા તમે જાતે જ તપાસી લો.'

નારદે ચોપડા ખાસ્સા તપાસ્યા, પણ પેલા ભક્તનું નામ નજરે ન પડ્યું. નારદે ભગવાનને કહ્યું: 'દેવ, આપના દરબારમાં પણ અંધેર ચાલે છે! પેલો માણસ મોટો તપસ્વી છે, છતાં તેનું નામ આપના ચોપડામાં નોંધાયું નથી!'

ભગવાને નારદના પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું: 'માણસ ગમે તેવો પુણ્યશાળી કે તપસ્વી હોય પણ તે અભિમાની, અહંકારી અને ગર્વિષ્ઠ હોય તો મારા ચોપડામાં તેનું નામ નોંધાતું નથી. નામ તેનું જ નોંધાય છે કે તે નિર્માની કેટલો છે, નમ્ર કેટલો છે!'

નારદે પાછા ફરતાં પેલા તપસ્વીને ભગવાનનો સંદેશો સંભળાવ્યો અને એ તપસ્વી અહંકાર ત્યાગનો માર્ગ અપનાવી આત્મકલ્યાણ સાધી શક્યો.

યોગીજી મહારાજ બોધકથામાં આવી જ કંઈક વાત કરે છેઃ એક તપસ્વી પથ્થરની શિલા ઉપર તપ કરતો હતો. ભગવાન પ્રસન્ન થયા, વરદાન માગવા કહ્યું. તપસ્વી કહે 'મારા તપ સામું જુઓ.' ભગવાન કહે: 'એટલે જ તો હું તારા પર પ્રસન્ન થયો છું, તું માગી લે..' તો તપસ્વી કહેઃ 'તમે મારા તપ સામું જુઓ...' આમ ત્રણ વાર બોલ્યો. તેને તપનું અભિમાન આવી ગયું હતું! તેથી ભગવાને તેને શાપ આપ્યો કે જેટલાં વર્ષ આ શિલા ઉપર બેસીને તે તપ કર્યું, હવે તું શિલા બન. શિલા તારા પર બેસીને તપ કરશે...'

સાધનામાં જાણપણું ન હોય તો ગર્વ, ઘમંડ, અભિમાન પાંગરી ઊઠે છે. નમ્રતા વરી તેને માન હજારો ગાઉ છેટે રહી જાય છે. એટલે તો ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે: 'દાસપણું એ ભગવાનનો ગુણ છે.' એટલે કે માયા પરનો ગુણ થયો.

બાહ્ય પ્રકૃતિથી માણસનું મૂલ્ય થતું નથી. કોઈ સ્વાર્થ ખાતર નમતો હોય એવા તુચ્છ માણસને સત્તા, પદ કે વૈભવ મળી જાય એટલે એ વિન્રમ બનવાને બદલે અહંકારી બને છે. એ ભૂલી જાય છે કે જે ઊગે છે તે આથમે છે અને જે ખીલે છે તેણે અંતે તો કરમાવાનું જ હોય છે. સર્વગુણ-સંપન્ન હોવાનો અહંકાર એ માણસની મોટામાં મોટી નબળાઈ છે. એટલે જ આંતરિક આધ્યાત્મિક નમ્રતા મહિમાવંતી છે.

વિક્રમ સંવત ૧૯૩૮માં વડતાલના આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ સાથે વડતાલના કોઠારીઓ શ્રી ગોવર્ધનભાઈ તથા શ્રી બેચર ભગત છપૈયા ગયેલા. ત્યાં બંને વચ્ચે અંટસ પડી અને એવો વિક્ષેપ થયો કે વડતાલ પાછા આવવું પડ્યું. અહીં પણ કોઠારી ગોવર્ધનભાઈના કહેવાથી હરિભક્તોએ વિરોધ કર્યો ને કોઠારી બેચર ભગતને મંદિરમાંથી રજા આપી. માનભંગ થવાથી ભગતજી મહારાજ વિષે હેતવાળા એવા વૈદ્યરાજ વિશ્વનાથભાઈને ત્યાં ચાણસદ ગયા. અહીં ભગતજીનો મહિમા સાંભળી તેમને અંતરમાં શાંતિ થઈ. અહીંના હરિભક્ત કાલિદાસને ભગતજીએ સ્વપ્નમાં દર્શન દીધાં કે ભગતજી ગઢડા પધાર્યા છે. આથી વૈદ્યરાજ અને કોઠારી બેચર ભગત ગઢડા આવ્યા. ભગતજીનાં દર્શન કરી આશ્ચર્ય પામ્યા. અહીં કોઠારી બેચર ભગતને જોઈ ભગતજીએ ખૂબ ઠપકો આપ્યો અને કહ્યું, 'નિર્માની થઈ સૌને પગે લાગો એટલે તમને રાખશે.' પછી લોયા ૧૭મું વચનામૃત વંચાવીને ભાગવતમાં ઉદ્ધવજી ગોપીઓનો મહિમા કેવો સમજતા તેની વાત કરી કહ્યું, 'શ્રીજીમહારાજને માની ભક્તની ચાકરી પણ ગમતી નહીં. માનરૂપ દોષ મોટા મોટામાં પણ રહી જાય છે.' તે ઉપર બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ તથા સુરાખાચરની વાત કરી. આ ત્રણેયને શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રશ્ન પૂછ્યો છે કે તમે જેણે કરીને પાછા પડી જાઓ તેવો તમારામાં કયો અવગુણ છે? ત્યારે તે ત્રણેયે કહ્યું કે મહારાજ! માનરૂપી દોષ છે જેણે કરીને કોઈ બરોબરિયા અપમાન કરે ત્યારે પાછા પડી જવાય છે. પછી હસતાં હસતાં ભગતજીએ કહ્યું, 'જેના નિર્માની ભગવાન તેના ભક્તને શેં જોઈએ માન?' કોઠારી બેચર ભગત સમજી ગયા અને ભગતજીની આજ્ઞાથી વડતાલ જઈ ગોરધનભાઈ કોઠારીની દંડવત્ પ્રણામ કરી માફી માગી આવ્યા. શાસ્ત્રીજી મહારાજ સાથે વડતાલથી તેઓ નીકળ્યા હતા અને બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થામાં જોડાયા હતા. ત્યારબાદ તેઓ સાધુ થયા અને તેમનું નામ 'મહાપુરુષદાસજી' પડ્યું. તેઓ ઉંમરમાં મોટા હોવા છતાં નમ્ર અને દીન થઈને રહ્યા.

ઉચ્ચ નિર્માનીપણું ગુણાતીત ગુરુઓનાં જીવનમાં છે તેવું જ શિષ્યવૃંદમાં પણ જોવા મળે છે.

ભગતજી મહારાજના સમયની એક વાત છે. વિજ્ઞાનદાસજી, કેશવપ્રસાદદાસજી, યજ્ઞપુરુષદાસજી, નારાયણચરણદાસજી, પુરુષોત્તમદાસજી, કોઠારી બેચર



“

**ગમે એવું અવળું માણસ હોય તેને પણ વશ કરીએ, એ તો આવડ્યું જોઈએ; તેને નમી દઈએ, તેનું રાખીએ, તેને પૂછીએ, એ અનુસારે વશ કરીએ એ તો કઠણ નથી; જો આપણે એના થઈ જાઈએ તો તે આપણા થઈ જાય.**

**– અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી**

”

ભગત, નાથા ભગત, શંકર ભગત વગેરે સંતમંડળ વરતાલથી નીકળી ફરતાં ફરતાં મહુવા પહોંચ્યું હતું. તે વખતે મહુવાના હરિભક્તો વિઠ્ઠલભાઈ, ફૂલચંદભાઈ, દામા શેઠ વગેરે સાથે તેમણે ભગતજીના મહિમાનો વાર્તાલાપ કર્યો હતો. આ જિજ્ઞાસાથી ફૂલચંદભાઈએ બેચર ભગતને પૂછ્યું, ‘‘તમે આ પ્રાગજી ભગતમાં શું દીઠું છે તે સત્સંગમાં આટલા હડધૂત થઈને પણ તેમનો સમાગમ કરો છો? અમને કહો.’’’

તે સમયે ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજ સમક્ષ આંગળી ચીંધીને કહેલું, ‘આ નાના સાધુ જેવું છે તેવું કહેશે. માટે તેમને પૂછો.’ અને એ વખતે શાસ્ત્રીજી મહારાજે વચનામૃત ગઢડા પ્રથમ ૨૭ના આધારે ભગતજી મહારાજની એકાંતિક સ્થિતિનું અદ્ભુત નિરૂપણ કરી સૌને દંગ કરી દીધેલા. તેમનો એ સૂર હતો કે ભગતજીની નમ્રતા અને સાધુતા અખિલ સંપ્રદાયમાં જોટો ન જડે તેવી છે. જેને ગુણાતીત સ્થિતિ વરે છે તેને અપમાનિત થાય તોપણ લેશમાત્ર તેનું જાણપણું નથી હોતું. આ સ્થિતિના પ્રત્યક્ષ દ્રષ્ટા વિહારીલાલજી મહારાજ તેમજ વડીલ સંતો હતા.

વિક્રમ સંવત ૧૯૫૨માં ગઢડામાં જળઝીલણીનો સમૈયો થયો ત્યારે સભામાં વિહારીલાલજી મહારાજ વચનામૃત ગઢડા પ્રથમ ૨૭, ગઢડા અંત્ય ૨૧મું વચનામૃત વંચાવી બોલ્યા, ‘‘આ બે વચનામૃત તો ભગતજીને વિષે ઊતરે છે. કારણ, ભગવત્પ્રસાદજી મહારાજ જ્યારે મહુવે ગયા હતા ત્યારે પવિત્રાનંદ સ્વામી ભગતજીનો તિરસ્કાર કરતા, તોપણ ખરા ઉનાળાના તાપમાં રેતીમાં, તંબુ સામે ભગતજી બેસતા અને સાંજે કથા પછી ઊઠતા. એમ સંતોનાં દર્શન અને કથાવાર્તાની આસક્તિ તો એક એમાં જ દીઠી. તેમની આવી અતિ નિર્માનીપણાની સાધુતાની સ્થિતિ જોઈ સર્વેને નિશ્ચય થયો કે ‘આવા પુરુષ તો એ એક જ.’ હું પણ એમની સ્થિતિ જોઈ આશ્ચર્ય પામી ગયો, કારણ કે સોનાનો દોરો હોય એ જ છએ ઋતુમાં સરખો રહે અને બીજા તો ઉનાળાના તાપે ઢીલા થઈ જાય. એમ, સત્સંગમાં અપમાનરૂપી ઉનાળાના તાપે કરીને તો જે એવી સ્થિતિવાળા હોય તેનું સમું રહે, પણ બીજા તો સત્સંગ મૂકીને ચાલ્યા જાય.’’ આ સાંભળી ભગતજી કહે, ‘એ બધું ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપે છે.’

આ પ્રસંગથી ખ્યાલ આવે છે કે આચાર્યશ્રી પણ ભગતજીની નમ્રતા - નિર્માની સ્થિતિ જોઈ નતમસ્તક થઈ જતા. એટલે તો વિક્રમ સંવત ૧૯૨૮ની સાલમાં વરતાલના હરિકૃષ્ણ મહારાજે ઠાસરાના ગિરધરભાઈને દર્શન દઈ જણાવેલું કે, ‘પરમ એકાંતિક સત્પુરુષ વર્તમાનકાળે પ્રાગજી ભક્ત છે, તેને સેવો.’ સાક્ષાત્ શ્રીજીમહારાજના મુખે આ સાંભળી ગિરધરભાઈ ભગતજી મહારાજનો સમાગમ કરવા સભામંડપમાં આવ્યા. અહીં કથા ચાલુ હતી. તેથી તેઓ છેટે બેસી ગયા. તે જોઈ ભગતજી મહારાજે કહ્યું, ‘ગિરધરભાઈ ! અહીં આગળ બેસો.’

એટલામાં કોઠારી ગોવર્ધનભાઈ ત્યાંથી નીકળ્યા. તેઓએ ભગતજી મહારાજને કહ્યું, ‘પ્રાગજી ભગત ! તમે આ ગિરધરભાઈનો ઘોડો બાંધો તો ખરા. તે કોઈમાં બંધાય એવા નથી. એ બધે ફરીને જોઈને આવ્યા છે.’

આ સાંભળી ભગતજી મહારાજ હસતાં હસતાં બોલ્યા, ‘કોઠારી મહારાજ ! તમારી આજ્ઞા હોય તો તેમને વાતો કરું, પણ પાછળથી મને ઠપકો દેશો નહીં.’

કોઠારીએ નિર્ભય બનીને કહ્યું, 'મારી આજ્ઞા છે. ખુશીથી વાતો કરો.'

કોઠારીના ગયા પછી ભગતજી મહારાજે વચનામૃત ગઢડા પ્રથમ ૨૭ ગિરધરભાઈ પાસે જ વંચાવ્યું, તેમાં વાત આવી કે: જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવોના ઉદ્ધારને કરે છે. અને એવી સામર્થીએ યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે; કાં જે, સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહીં, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા. અને એ સમર્થ તો કેવા જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે; એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોની ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે, તે તુચ્છ જીવનું અપમાન સહે તે એમની એ અતિશય મોટ્યપ છે...''

ગિરધરભાઈના મનમાં ભગતજીનું સ્વરૂપ જુદું જ હતું. જેનો બધાં તિરસ્કાર કરતા હોય, જેમતેમ બોલતા હોય, વઢતા હોય તે કાંઈ મોટા કહેવાય? પણ ભગતજીએ તેમનો આ ભ્રમ વચનામૃત ગઢડા પ્રથમ ૨૭ વંચાવીને ભાંગી નાંખ્યો. અપમાન સહન કરવું તે જ નમ્રતા અને મોટપની નિશાની છે... એવું ભગતજી મહારાજનું કથામૃત સાંભળતાં ગિરધરભાઈએ તેઓનાં ચરણારવિંદ પકડીને સ્તુતિ કરી, 'મહારાજ! આજે દૃષ્ટિ કરી છે તેવી સદા રાખશો.' આમ, ગિરધરભાઈના જીવમાં ભગતજી મહારાજનો મહિમા બેસી ગયો. ગોવર્ધનભાઈ કોઠારીને પણ ભગતજી મહારાજને વિષે અપાર માન થયું. ગિરધરભાઈને સાધુ થવાનો વેગ જોઈ તેમને થયું – ગિરધરભાઈ હવે સંસારમાં રહેશે નહીં. ભગતજી મહારાજે તેમને દીક્ષા અપાવી સાધુ કરાવ્યા અને વિજ્ઞાનદાસજી નામ પાડ્યું. તેઓ આગળ જતાં મણિ જેવા સાધુ નીવડેલા. વિજ્ઞાનદાસજી વગેરે ત્યાગી શિષ્યોનું ભગતજીએ એવું બખ્તર ઘડ્યું હતું કે કીડી જેવા પણ જીવને ન દુખવે એવા આ સાધુઓ પર ખૂબ વીતી હતી તેમ છતાં જીવનભર તેઓ નમ્રતા ધારણ કરીને જ વર્ત્યા છે. અને અન્યનું હિત કરવામાં પ્રવર્ત્યા છે.

સામાન્ય સંજોગોમાં માણસ નમ્રતા ધારણ કરે, પરંતુ સામાન્યમાંથી અસામાન્ય થાય ત્યારે નમ્રતા જાળવી રાખવી અઘરી છે.

ગરીબ ને નિર્ધન માણસ નમ્ર બની શકે છે. પણ આધ્યાત્મિક નમ્રતા જુદી છે.

વડોદરા મંદિરમાં મંગળિયો નામનો એક ગરીબ ભક્ત દોડી દોડીને સૌની સેવા કરતો. તેની સેવાથી ગોપાળાનંદ સ્વામીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા. એ આશીર્વાદના પ્રતાપે મંગળિયાને ગાયકવાડી રાજ્યમાં હોદ્દો મળ્યો ને 'મંગળદાસ' થયા. બધા તેમને ઝૂકે, માન આપે. રોજ મંદિરે આખો દિવસ જીહજૂર કરી સેવા બજાવતા, તે હવે રાજનાં કામ કરવા લાગ્યા. એક વાર ગોપાળાનંદ સ્વામીએ કોઈને પૂછ્યું: 'મંગળિયો કેમ દેખાતો નથી!'

'એ તો રાજ્યમાં અમલદાર થયા છે.'

સ્વામી કહે: 'પણ સત્સંગમાં તો આવવું જ જોઈએ ને! આજ બોલાવી લાવજો.'

સમાચાર મળતાં મંગળજી રાજપુરુષો સાથે ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. પૂર્વેનું હેત ઊભરાતાં સ્વામીએ લાડમાં કહ્યું: 'આવ, આવ મંગળિયા! ઘણા વખતે જોયો.'

આ સાંભળી તેને ખૂબ વસમું લાગ્યું. દર્શન કર્યાં, બેઠા, પણ કંઈ જામ્યું નહીં. પાછા વળ્યા તે વખતે મંદિર બહાર એક હરિભક્ત વળાવવા ગયા. તેમને મંગળિયાએ કહ્યું: 'સ્વામીને કહેજો કે થોડો વિવેક શીખે, હવે હું મંગળદાસ બન્યો છું. મને આટલા બધાની વચ્ચે 'મંગળિયો' કહ્યો તે ઠીક ન કહેવાય.'


ગોપાળાનંદ સ્વામીએ આ જાણ્યું ત્યારે બોલ્યા કે 'અહોહો! અમને શું ખબર! હવે આવે ત્યારે 'મંગળદાસ' કહીશું, બસ!'

થોડા સમયમાં જ મંગળદાસ રાજાના ગુનામાં આવ્યા ને હોદ્દેથી ઊતરી જવું પડ્યું. નામોશી પણ થઈ. ફરી દર્શને ગોપાળાનંદ સ્વામીનાં દર્શને આવ્યા ત્યાં ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: આવો, આવો, મંગળદાસ! આવો.'

તે કહે: 'બાપજી! મને મંગળિયો જ કહો. હવે હું મંગળિયો થઈ ગયો છું.'

દીપકમાં તેજ તો સૂર્યનું જ છે, પણ તે સૂર્ય પાસે માનની અપેક્ષા રાખે તો કેવું લાગે! ભક્તમાં જે કંઈ ગુણો છે તે ભગવાન અને સંતના આપેલા છે. એ ગુણો ને આવડતનું માન લઈ અક્કડ રહેવાય તો મોટી ખોટ આવે.

*કબીરા ગર્વ ન કીજિયે, ચામ લપેટી હાડ;*
*એક દિન તેરા છત્ર સિર, દેગા કાળ ઉખાડ.*



"

**ટોકણી ખમે તો માનનો સ્વભાવ જાય. મહારાજને નિત્ય પ્રાર્થના કરવી કે મને ગાદીતકિયે બેસાડી મોટો ન કરતા. તમારો દાસ બનાવજો. તમારા ભક્તોના જોડા લૂછું, પગથિયે બેસું, તેવો બનાવજો...**

**– બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ**

"

માણસ એનો એ જ હોય પણ નમ્રતા તેને સંસ્કારિત કરે છે. તેનું મૂલ્ય વધારે છે. જેમ કે, લોખંડનો ટુકડો વેચો તો રૂપિયો ઊપજે, એમાંથી ઓજાર બનાવો તો અઢી ઊપજે, પણ ઘડિયાળની કમાનો બનાવો તો હજાર ઊપજે! લોઢું તો એનું એ જ પણ જેવું ઘડતર તેવું મૂલ્ય. માણસ પણ નમ્રતાના સંસ્કાર પામે તો મોટો બને.

યોગીજી મહારાજ કહે છે: 'માન છે તે છાનો ચોર છે. કોઈ અપમાન કરે ને માઠું લાગે ત્યારે સમજવું કે માન છે. જેને માન ન હોય તેને દુઃખ ન લાગે. ભગવાનના ભક્ત આગળ માન ન રાખવું. ભગવાન ભજવામાં માન, મરડાઈ, મોટપ એ ત્રણ વાનાં મૂકવાં પડે.' (યોગીસુધા: ૩૧)

ભગવાન સ્વામિનારાયણે તો ત્યાં સુધી કહ્યું છે કે વૈરાગ્ય અથવા આત્મજ્ઞાન કે ભગવાનને વિશે દૃઢ ભક્તિનું બળ હોય તેના માનને યોગે કરીને જો ગરીબ હરિભક્તને નમાય નહીં અથવા તેની આગળ દીન વચન બોલાય નહીં તો એ પણ એને વિષે મોટી ખોટ છે. જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેના માનમાં જે અટંટ રહે તો એ મોટો તો કહેવાય, પણ જેવા નિર્માની ભક્તમાં મોટા ગુણ આવે તેવા મોટા ગુણ એમાં ન આવે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬)

સત્સંગમાં નમ્રતાની પરાકાષ્ઠા વર્ણવતાં ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૫માં કહે છે કે જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય ને ત્યારે જેવી સંતની ઉપર પ્રીતિ હોય ને જેવું દીનપણું હોય, અને પછી તેને એક ગામનું રાજ્ય આવે અથવા પાંચ ગામનું રાજ્ય આવે અથવા પચાસ ગામનું રાજ્ય આવે અથવા સો ગામનું રાજ્ય આવે અથવા સર્વે પૃથ્વીનું રાજ્ય આવે તો પણ સંતની આગળ જેવો કંગાલ હતો ને દીન-આધીન રહેતો તેવો ને તેવો જ પ્રીતિએ યુક્ત થકો દીન-આધીન રહે; તેમ જ ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય પામે તો પણ સંતની આગળ તેવો ને તેવો જ દીન-આધીન રહે. અને ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય અને જેમ સૌ સંતની ટેલ-ચાકરી કરતો હોય, તેવી ને તેવી જ પોતામાં ભગવાનના જેવાં ઐશ્વર્ય આવે તો પણ કરતો રહે પણ સાધુ સાથે પિતરાઈદાવો બાંધે નહીં ને બરોબરિયાપણું કરે નહીં. એવાં જેનાં લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે.''

ભગવાનના ધારક સંત પાસે જે જન દીન આધીન થઈને નમતો રહે છે તેના હૃદયમાં તેઓ ભગવાનને પધરાવી દે છે. ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતમાં કહ્યું છે: 'આ સાધુ પાસે ભગવાન છે. તે જે એનો સંગ કરે તેને દિયે છે. માટે આ સાધુના સમાગમમાં માલ છે; માટે એની આગળ દીન આધીન થાવું, એને નમવું ને એનો અભિપ્રાય જાણવો જે, શું એનો સિદ્ધાંત છે? એમ જાણીને તે પ્રમાણે વર્તવું.' (૬/૨૦૦)

યોગીજી મહારાજ કહેતા કે મહિમા સમજે તો માન જાય. યોગીજી મહારાજના જીવનમાં આપણને નમ્રતાનાં વારંવાર દર્શન થતાં હતાં.

તા. ૨૪-૩-૧૯૬૩, મુંબઈ. રાત્રે આરામમાં જતાં પહેલાં ઈશ્વરચરણ સ્વામીને સંબોધીને યોગીજી મહારાજે કહ્યું હતું: 'મને તો મારી જયંતી ઊજવે તે ન ગમે. બીજા ગલગલ થઈ જાય, મને તો પૂજાવાનો અંકુર પણ નહીં. કોઈ હાર પહેરાવે તે ન ગમે. દંડવત કરે, જય બોલાવે તે ન ગમે. મહાત્મા કહે તે ન ગમે. ભગવાન થવું, પ્રભુ થવું ન ગમે. આ હું નિષ્કપટભાવે કહું છું. મહારાજ, સ્વામી,

ભગતજી મહારાજની જય બોલાવે તેમાં હું બહુ રાજી... શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવવાની હોય તો હું માથું આપી દઉં. મારી જયંતી ઊજવે તે મને ગમે નહીં. હું તો વાસણ ઊટકવામાં તૈયાર, ટોકણી ખમવામાં તૈયાર. મારે તો પહેલેથી સેવકધર્મ, ગુરુધર્મ નહીં. ગુરુ થવું ગમે જ નહીં. સેવક થવું ગમે. આ મારો અભિપ્રાય ઘણાં વર્ષથી કહેવો હતો તે આજે તમને કહ્યો.'

પછી એક યુવકને કહ્યું, 'મારી કાંઈ ભૂલ થઈ હોય તો મને કહેવી તો હું સુધારું. કોઈ મને મારી ભૂલ દેખાડે તે મને બહુ ગમે જેથી આપણે સુધરાય, પણ માન આપે તે ન ગમે, અપમાન કરે તેમાં હું રાજી.'

૧૯૬૩, મુંબઈ. એક રાત્રે યોગીજી મહારાજ કહે, 'આ ખાટલા ઉપર સૂવું ન ગમે. ભાઈ સા'બ! કાઢી નાખો ને! જમ ખોરડા ભાળી ગયા.' મધુભાઈએ સ્વામીશ્રીને કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજ ખાટલો રાખતા.' તરત જ યોગીજી મહારાજ કહે, ''ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી!''

૧૯૬૬, ગોંડલ. યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શને પધાર્યા હતા. પ્રદક્ષિણા કરીને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ત્યારે ગુણવંતભાઈએ કહ્યું, 'દંડવત્ કરવા માટે ગોદડું પાથરું?' ત્યારે યોગીજી મહારાજ કહે, 'ગુરુને દંડવત્ કરવા તેમાં પાથરવાનું હોય? આપણે તો તેમના દાસના દાસ છીએ!' એમ બોલતાં પાંચ દંડવત્ પ્રણામ કરી લીધા!

પ્રમુખસ્વામી મહારાજે એકવાર સંસ્થાના ટ્રસ્ટીઓની મિટિંગમાં કહ્યું હતું: 'આપણે બધાએ સેવક થવું... સહન કરવું. દાસ થવું. અમે પણ સૌના સેવક થયા છીએ, અમે ખૂબ સહન કર્યું છે...'

સ્વામીશ્રીએ પોતાના જીવનકાળ દરમિયાન સાડા સાત લાખ પત્રો લખ્યા, અઢી લાખ ઘરોમાં પધરામણી કરી, દેહને નીચોવી નાખ્યો! તે જ દર્શાવે છે કે તેઓએ છેલ્લા શ્વાસ સુધી સૌના દાસ થઈને નમ્ર થઈને સૌની સેવા જ કરી છે. હાથ જ જોડ્યા છે.

મહંત સ્વામી મહારાજ સત્સંગ દીક્ષા ગ્રંથમાં નમ્રતા પ્રાપ્ત કરવા માટે ઉપાયો બતાવતાં કહે છેઃ

''વયે કરીને જ્ઞાને કરીને કે ગુણે કરીને જે મોટા હોય તેમનું આદર થકી પ્રણામ તથા મધુર વચનાદિકે કરીને યથોચિત સન્માન કરવું. વિદ્વાનો વડીલો તથા અધ્યાપકોને સદા આદર આપવો. સારાં વચન આદિ ક્રિયાઓ દ્વારા પોતાની શક્તિ પ્રમાણે તેમનો સત્કાર કરવો. વ્યક્તિના ગુણ તથા કાર્યાદિ અનુસારે તેનું સંબોધન કરવું. યથાશક્તિ તેને સારાં કાર્યોમાં પ્રોત્સાહન આપવું. સત્ય, હિત અને પ્રિય વાણી બોલવી. કોઈ મનુષ્યની ઉપર ક્યારેય મિથ્યા અપવાદનું આરોપણ ન કરવું. અપશબ્દોથી યુક્ત, સાંભળનારને દુઃખ કરે તેવી નિંદ્ય, કઠોર અને દ્વેષભરેલી કુત્સિત વાણી ન બોલવી. અસત્ય ક્યારેય ન બોલવું. હિત કરે તેવું સત્ય બોલવું. અન્યનું અહિત કરે તેવું સત્ય પણ ન બોલવું. ક્યારેય કોઈના અવગુણ ને દોષની વાત ન કરવી. એમ કરવાથી અશાંતિ થાય અને ભગવાન તથા ગુરુનો કુરાજીપો થાય. જેણે કરીને અન્યનું અહિત થાય, તેને દુઃખ થાય કે કલેશ વધે તેવા આચાર કે વિચાર ક્યારેય ન કરવા. સુહૃદયભાવ રાખી ભક્તોના શુભ ગુણોને સંભારવા. તેમનો અવગુણ ન લેવો, અને કોઈ રીતે દ્રોહ ન કરવો. સુખમાં છકી ન જવું અને દુઃખમાં ઉદ્વેગ ન પામવો. કારણ કે બધું સ્વામિનારાયણ ભગવાનની ઇચ્છાથી પ્રવર્તે છે. ક્યારેય પણ કોઈની સાથે વિવાદ કે કલહ ન જ કરવો. હંમેશા વિવેકથી વર્તવું અને શાંતિ રાખવી. કોઈપણ મનુષ્યે પોતાનાં વચન, વર્તન વિચાર તથા લખાણમાં કઠોરતા ક્યારેય ન કરવી. ગૃહસ્થ સત્સંગીએ માતા-પિતાની સેવા કરવી. પ્રતિદિન તેમનાં ચરણોમાં નમસ્કાર કરવા. વહુએ સસરાની સેવા પિતા તુલ્ય ગણી અને સાસુની સેવા માતા તુલ્ય ગણીને કરવી. સાસુ-સસરાએ પણ પુત્રવધૂનું પોતાની પુત્રીની જેમ પાલન કરવું...' (સત્સંગ દીક્ષા શ્લોક ૧૫૬ થી ૧૭૩)

સૃષ્ટિના સર્વે મનુષ્ય જો આટલી કંડિકાઓનું શ્રદ્ધાપૂર્વક પાલન કરે તો તેઓ ખરેખર જીવનમાં નમ્રતાને આત્મસાત્ કરી શકે અને અનેક સમસ્યાઓનું નિવારણ થઈ જાય. જેને સાચા માણસ તરીકે મહેકવું છે, શક્તિ-સંપન્ન બનવું છે, એમને માટે તો શક્તિનો સ્રોત ભગવાન અને સંતની કૃપા છે. જે દીન થાય છે, નમ્ર બને છે, તેને જ તેમની કૃપા વરે છે.

એક ચિંતકે સરસ લખ્યું છેઃ 'જેટલી વ્યક્તિ નમ્ર હોવાનો, સરળ હોવાનો, સહજ હોવાનો દેખાવ કરે છે, એ એટલી સરળ કે નમ્ર હોય એવું જરૂરી નથી. સત્ય તો એ છે કે સૌથી મોટો અહંકાર સામાન્ય રીતે નમ્રતાના વાઘા પહેરીને આવે છે.'

એક ફકીર રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો. એણે એક મોટો આશ્રમ જોયો. જમવાનો સમય થયો હતો, એટલે આશ્રમમાં જમવા માટે દાખલ થયો. આશ્રમના સંચાલક અથવા મહંત જમવા બેઠેલા. દરેક માણસ પાસે આવીને પ્રણામ કરતા, ભોજન પીરસતા અને કહેતા, 'હું તમારા ચરણની ધૂળ છું.' બાકીના લોકો ઊભા થઈ જતા, મહંતને પગે લાગતા, સામે નમ્ર થઈને કહેતા, 'ના, ના, એ તો તમારી મહાનતા છે.'

ચારે તરફ એ આશ્રમના મહંતની નમ્રતાની ચર્ચાઓ થતી હતી. મહંત એ જ રીતે ફકીર પાસે આવ્યા, પગે લાગ્યા અને કહ્યું, 'હું તો તમારા ચરણની ધૂળ છું.' ફકીરે જમતાં જમતાં ઊંચું જોયા વગર કહ્યું, 'બિલકુલ સાચી વાત છે.'

મહંત છેડાઈ પડ્યા, 'શું બોલો છો ?' ફકીરે હસીને કહ્યું, 'હું ક્યાં કંઈ બોલ્યો છું. તમે બોલ્યા એ મેં સ્વીકારી લીધું.' મહંતને ખૂબ ગુસ્સો આવ્યો. એમણે ફકીરને ત્યાંથી જવાનું કહી દીધું. ફકીર બહાર નીકળ્યો ત્યારે લોકોએ કહ્યું, 'આવું તે કંઈ કહેવાતું હશે?' ફકીરે ફરી હસીને કહ્યું, 'તમે બધા એમની વાત સ્વીકારતા નથી. મેં તો ઊલટાની એમની વાત સ્વીકારી લીધી. ગુસ્સો કરવાનું કારણ જ ક્યાં હતું ?'

આ વાર્તા માણસના અહંકારને સમજવામાં મદદ કરે છે. જેટલી વ્યક્તિ નમ્ર હોવાનો, સરળ હોવાનો, સહજ હોવાનો દેખાવ કરે છે, એ એટલી સરળ કે નમ્ર હોય એવું જરૂરી નથી. સૌથી મોટો અહંકાર સામાન્ય રીતે નમ્રતાના વાઘા પહેરીને આવે છે. આત્મશ્લાઘા અને સ્વપ્રશંસાથી લથબથ આવા લોકો એવી અપેક્ષા રાખે છે કે બીજા પણ સતત એમની પ્રશંસા કરે. ક્યાંક, કોઈક જો સત્ય કહી દે અથવા ભૂલ કાઢે તો એમના અહંકારના ફુગ્ગાને ટાંકણી અડી જાય છે.

નમ્રતા અદ્ભુત ગુણ છે અને હોવો જોઈએ, પરંતુ એ જો આપણા કદરૂપા અહંકારને ઢાંકવા માટે પહેરવામાં આવેલો રૂપાળો મુખવટો હોય તો સામેની વ્યક્તિને એની જાણ થયા વગર રહેતી નથી. કળા કરતા મોરની પીઠ જોઈએ ત્યારે સમજાય કે ઊઘડેલાં પીંછાં જેટલાં સુંદર લાગે છે એટલો જ એનો પાછળનો ભાગ કદરૂપો લાગે છે.

પરંતુ અહંકાર ઓળખાતો નથી. ક્યારેક એ સ્વમાનના સ્વરૂપે આવે છે તો ક્યારેક વેર, બદલો અને પીડાનો ચહેરો પહેરી લે છે. મોટેભાગે આપણે એવું માની લઈએ છીએ કે આપણે સાચા છીએ. જ્યારે જ્યારે કોઈ વ્યક્તિ સાથે દલીલ થાય ત્યારે એની વાત સાંભળવાનો દેખાવ કરનારા આપણે બધાં મનોમન આપણી જ વાત ફરી ફરીને સાંભળતા હોઈએ છીએ, જેથી આપણને એની વાત સંભળાતી જ નથી. જ્યારે સાંભળી નથી ત્યારે સમજાશે કેમ? અને સમજાશે નહીં તો સ્વીકારવાનો પ્રશ્ન જ નથી આવતો.

નમ્રતાના અંચળા હેઠળ દંભ છુપાયેલો રહે છે. નીલકંઠ વર્ણી ભગવાને પોતાના વનવિચરણ દરમિયાન એક મહાત્માને જોયા હતા. શરદ પૂનમે બાજુના રાજ્યમાંથી રાજા સહિત લોકો તેનાં દર્શને ઊમટતા. વર્ણી પ્રભુએ તે દિવસે કોઈ પણ દર્શને ન જાય તે માટે રાજાને સમજાવ્યું. રાજાના ફરમાનથી કોઈ ન ગયું. મહાત્મા ઝાડ ઉપર ચડ્યા. કુછ ન આયા ! એવું તેને અપમાન લાગ્યું. તે ઝાડ ઉપરથી પડ્યા અને મૃત્યુ પામ્યા. તેઓ માન ઉપર જીવતા હતા.

એકવાર સભામાં સ્વામિનારાયણ ભગવાને પૂછ્યું, 'ઢોલિયાના સત્સંગી હોય તે અહીં અમારી પાસે બેસે ને સત્સંગીના સત્સંગી હોય તે હરિભક્તો છેટે બેસે.' બધા ઢોલિયાના સત્સંગી થઈને ઢોલિયાની બાજુમાં બેઠા, પણ પર્વતભાઈએ કહ્યું, 'હું સત્સંગીનો સત્સંગી છું.' તેથી મહારાજે દૂર બેસાડ્યા. પછી સ્વામિનારાયણ ભગવાન એમની પાસે જઈને બેઠા અને કહ્યું કે, 'અમે તો સત્સંગીના સત્સંગી છીએ.' સૌને સમજાયું કે ભગવાનનો ખરો રાજીપો તો ભક્તના ભક્ત થવામાં જ છે.

દાંભિક નમ્રતા ફળ આપતી નથી. દંભ ખુલ્લો થાય ત્યારે સૌ તેની ટીકા કરવા લાગે છે.

યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજનું નિર્દંભ વ્યક્તિત્વ જુદું પડે છે. આ ગુણાતીત ગુરુઓ નમ્રતાની સર્વોચ્ચ મૂર્તિ તરીકે ઊભરી આવ્યા છે.

યોગીજી મહારાજ સાથે વિચરણ કરતા સંતો એક આશ્રમમાં ગયા હતા. ત્યાં એક સંન્યાસી મહા વિદ્વાન કહેવાતા, ટાટ પહેરતા. ધર્મગુરુ હતા. એમને સભામાં આવવા આમંત્રણ આપ્યું. મહાત્માએ સ્વીકાર્યું. સભામાં આવ્યા. યોગીજી મહારાજ પલંગ ઉપર બિરાજતા હતા. મહાત્માનું આસન પણ યોગીજી મહારાજ જેવું જ હતું, પરંતુ બે-ત્રણ ઇંચ જેટલું થોડું નીચું હતું. તેમણે તેના પર બેસવાની ના પાડી. યોગીજી મહારાજ પામી ગયા. તેમણે કહ્યું : અહીં આ આસન ઉપર બિરાજમાન કરો, હું એમના આસન પર બેસી જઈશ. પછી સેવક સંતોએ વચ્ચેનો તોડ કાઢ્યો - મહાત્માને યોગીજી મહારાજની સાથે બેસાડ્યા. પછી તો એ મહાત્મા એક કલાક બોલ્યા, પરંતુ એક શબ્દની અસર શ્રોતાઓ ઉપર ન થઈ. પ્રવચન કરી તેઓ ચાલ્યા ગયા, ત્યારબાદ યોગીજી મહારાજ થોડુંક બોલ્યા, પરંતુ આખી સભાના હૃદય વીંધી નાખ્યાં.. કારણકે સૌએ માન અને નમ્રતા વચ્ચેનો ભેદ પારખી લીધો હતો. નિર્માનીપણું, નમ્રતા એવા ગુણ છે કે વગર કહે સામેની વ્યક્તિના હૃદયમાં સત્ય-અસત્યનો વિવેક સ્થાપી દે છે.

અહીં નિષ્કુળાનંદ સ્વામી એવા ગુણાતીત સંતને નમન કરતાં કહે છેઃ

*સદ્‌ગુણના સિંધુ ગંભીર, સ્થિરમતિ અતિશય ધીર;*
*માન અભિમાન નહીં લેશ, એવા સંતને નામું હું શીશ. ૧૦*
*અહંકાર નહીં અભેદ ચિત્ત, કામ ક્રોધ લોભ મોહ જિત;*
*ઇન્દ્રિય જીતી ભજે જગદીશ, એવા સંતને નામું હું શીશ. ૧૧*

*(ભક્તચિંતામણિ પ્રકરણ ૨)* ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## ભુજ અને સુરેન્દ્રનગરમાં સ્વામીશ્રીની અધ્યાત્મવર્ષા...

સંતવિભૂતિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અહર્નિશ ભગવાનમય રહીને અસંખ્ય મુમુક્ષુઓને ભગવાનમય કરી રહ્યા છે. નિર્મળ સંતપ્રતિભાથી ઘેલું લગાડનાર સ્વામીશ્રી સૌના હૃદયે આધ્યાત્મિક અજવાળાં પ્રસરાવી રહ્યા છે. લોકકલ્યાણ અર્થે અહોરાત્ર વિચરતા સ્વામીશ્રી બી.એ.પી.એસ. સંસ્થાના જે સત્સંગકેન્દ્રમાં બિરાજે છે ત્યાં હજારોની સંખ્યામાં ભક્તો-ભાવિકોનો મહેરામણ તેઓનું સાંનિધ્ય પામવા ઊમટે છે. તેઓનાં દર્શનની એક ઝલક માત્રથી આબાલ-વૃદ્ધના રોમરોમમાં ભક્તિના કેફની મસ્તી ઊભરાઈ જાય છે. વ્યક્તિગત મુલાકાત કે સત્સંગ સભાઓમાં સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પામી સૌ કોઈ શાશ્વત શાંતિ અનુભવે છે. સ્વામીશ્રીનું નિઃસ્વાર્થ પ્રેમાળ વાત્સલ્ય સૌમાં અનેરું આધ્યાત્મિક બળ પ્રેરે છે. અસંખ્ય મુમુક્ષુઓ સ્વામીશ્રીના સાંનિધ્યમાં નિરંતર વહેતા સત્સંગ-ભક્તિરૂપી પ્રવાહમાં ઝબકોળાઈ પાવન થાય છે. તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૩૧-૩-૨૦૨૩ થી ૧૫-૪-૨૦૨૩ સુધી કચ્છના મુખ્ય શહેર ભુજ અને તા. ૧૫-૪-૨૦૨૩ થી તા. ૨૭-૪-૨૦૨૩ સુધી ઝાલાવાડના સુરેન્દ્રનગર ખાતે બિરાજીને વરસાવેલી અધ્યાત્મવર્ષામાં આપણે પણ ભીંજાઈએ...



## કચ્છના ભુજ શહેરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો આધ્યાત્મિક લાભ

**● આગમન :**

તા. ૩૧-૩-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સારંગપુરથી વિદાય લઈને હવાઈ માર્ગે કચ્છના પ્રતિષ્ઠિત શહેર ભુજ પધાર્યા હતા. ગુરુહરિના આગમનથી સંતો-ભક્તોનાં મુખ પર અપૂર્વ આનંદ છવાઈ ગયો હતો. કચ્છી ઢોલ, શરણાઈના નાદ ગુંજી ઊઠ્યા હતા. માર્ગમાં ઊભેલા હરિભક્તોએ દર્શનની સાથે સાથે વિવિધ ઉપહારોથી ગુરુહરિને આવકાર્યા હતા. સ્વામીશ્રી સૌનું અભિવાદન સ્વીકારતા હૉટેલ રિજેન્ટા (Regenta)માં પધાર્યા. અહીં હૉટેલના મુખ્ય સંચાલકોએ સ્વામીશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું. આ વખતે ભુજ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીનો ઉતારો આ જ હૉટેલમાં હતો. 'બૅન્કવેટ હૉલ'માં વિશ્રામ દિનોએ સ્વામીશ્રીએ પ્રાતઃ પૂજાદર્શન, સંતોને ભોજનદર્શન અને હરિભક્તોને મુલાકાતોથી લાભાન્વિત કર્યા હતા. તેમજ રચાનાર નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સ્થળે બાંધવામાં આવેલા સભામંડપમાં જાહેર પ્રાતઃ પૂજાનાં દર્શનની સાથે સાથે 'યોગીવાણી' ગ્રંથના આધારે અમૃતવચનોનો લાભ આપ્યો હતો. આ જ સભામંડપમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી સંધ્યાસભાઓનો લાભ પ્રાપ્ત કરીને અસંખ્ય ભક્તજનો કૃતાર્થ થયા હતા.

● તા. ૧-૪-૨૦૨૩: આજરોજ સ્વામીશ્રી નિર્મળસિંહની વાડીમાં સ્થિત બી.એ.પી.એસ. મંદિરે દર્શનાર્થે પધાર્યા હતા. અહીં સંતો-હરિભક્તોએ સ્વામીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ઠાકોરજીનાં દર્શન તેમજ ઉપસ્થિત સૌને દર્શનલાભ આપીને સ્વામીશ્રી પુનઃ રિજેન્ટા હૉટેલમાં ઉતારે પધાર્યા હતા.

**● શ્રીહરિ જયંતી :**

તા. ૩-૪-૨૦૨૩ના રોજ તારીખ પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણનો ૨૪૨મો પ્રાકટ્યોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ સત્સંગનો મહિમા કહ્યો: "આ સત્સંગ મળ્યો છે તેને છોડતા નહીં, ગમે એમ થાય, નહીં તો મહા મહા મૂર્ખા કહેવાઈશું. ને છોડવાનું કારણ? બે પૈસાનો આ લોકનો વ્યવહાર આઘોપાછો થાય, માન-અપમાન થાય, આગળ બેસાડ્યા-પાછળ બેસાડ્યા, આટલું જ. પણ તેમાં અબજો રૂપિયાની કમાણી ખોઈ નાંખીએ. ટોચો વાગે નહીં એવું કરવું. બીજું બધું ભલે આવે ને જાય પણ સત્સંગ ન છૂટે એવું કરવું. બધું મૂકી દો પણ સત્સંગ છોડતા નહીં."

**● કીર્તન આરાધના :**

તા. ૪-૪-૨૦૨૩ના રોજ સંધ્યાસભામાં સંગીતજ્ઞ સંતો-યુવકોએ કીર્તન-ભક્તિ પ્રસ્તુત કરી હતી. સંતોએ મનભાવન કીર્તનોનું ગાન

કરીને સૌને બ્રહ્માનંદ કરાવ્યો હતો. સભાના અંતમાં સ્વામીશ્રીએ 'ભુજ મંદિર શિલાન્યાસ મહોત્સવની જય' બોલાવી કહ્યું, ''કળિયુગમાં કીર્તનભક્તિ શ્રેષ્ઠ છે. આપણને એવો લાભ મળ્યો. બધા એકતાર - સહજાનંદ સ્વામી ઉપર જ તાન. એક જ રાગ - સહજાનંદ સ્વામી! તેઓના સંબંધી જે બધાં કીર્તન ગવાયાં એની મજા કાંઈક ઓર. અંતરનો જે ભાવ છે એને કોઈ પહોંચી ના વળે. આ આનંદ ઉત્સવમાં જે ફાળો આપ્યો તે બધાને ધન્યવાદ છે. ભુજ શિલાન્યાસ નિમિત્તે આ કીર્તન આરાધના થઈ. અને બધાને અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. વિશેષ તો ભગવાન બધાને ખૂબ બળશક્તિ આપે. બધાના દેશકાળ સુધરે એ જ પ્રાર્થના.''

**● મંદિર શિલાન્યાસ :**

તા. ૬-૪-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ ભુજ શહેરમાં શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસ કરીને મંદિર નિર્માણકાર્યનો શુભારંભ કર્યો હતો. આ અવસરે અસંખ્ય હરિભક્તોએ ઉપસ્થિત રહીને શિલાન્યાસવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

**● ગ્રામ્યદિન :**

તા. ૮-૪-૨૦૨૩ના રોજ યોજાયેલી સંધ્યાસભા 'ગ્રામ્યદિન' નિમિત્તેની વિશિષ્ટ સભા બની રહી હતી. ધૂન-કીર્તનથી આરંભાયેલી સભાના પ્રારંભમાં વિવેકસાગરદાસ સ્વામીએ શ્રીજીમહારાજથી માંડીને અત્યારના ભક્તોની ગાથા કહી હતી. ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજના ઉપકારોને નયનગોચર કરતો 'ગુરુજી નહીં ભૂલું તમને' સંવાદ અને ત્યારબાદ 'ગંગારામ મલ્લે શ્રીજીમહારાજનો રાખેલો પક્ષ' સંવાદ રૂપે યુવકોએ રજૂ કર્યો હતો.

અંતમાં સ્વામીશ્રીએ કહ્યું, 'શ્રીજીમહારાજે કહ્યું છે કે - નિયમ, નિશ્ચય ને પક્ષ આ ત્રણ દૃઢ કરીને રાખવા. ધન્ય છે ગંગારામને કે આવો જોરદાર પક્ષ રાખ્યો. આપણે પણ એવો પક્ષ દૃઢ કરીને રાખવો તો શ્રીજીમહારાજ રાજી થાય.

નિયમ, નિશ્ચય ને પક્ષ એ ત્રણમાં ઓછું ના ચાલે. શ્રીજીમહારાજના વખતથી આજ સુધી કેટલા બધાએ શ્રીજીમહારાજનો અને હરિભક્તોનો પક્ષ રાખ્યો છે. એ રીતે આ સત્સંગ ફૂલ્યો ફાલ્યો છે ને સદાય રહેશે.''

આજે સ્વામીશ્રીએ આદિપુરમાં રચાનાર 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર'ની શિલાઓનું પૂજન અને નકશા પ્રસાદીના કર્યા હતા.

**● બાળદિન :**

તા. ૯-૪-૨૦૨૩ના રોજ 'રાજીપો' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી 'બાળદિન'ની સભામાં કચ્છ-ભુજના ટૅલેન્ટેડ બાળકોએ પોતાની વિવિધ કળાઓ રજૂ કરી સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. 'રાજીપો' સંવાદ અંતર્ગત ભુજ શહેરના બાળકોના પ્રેરક પ્રસંગો રજૂ થયા હતા. વિશેષતા એ હતી કે બાળક પોતે જ પોતાનો પ્રસંગ રજૂ કરતો હતો. સ્વામીશ્રીએ ઉપસ્થિત પ્રત્યેક બાળક પર રાજીપાભરી દૃષ્ટિ કરી હતી. કાર્યક્રમની ચરમસીમારૂપ ક્ષણોમાં બાળકો અને બાળકાર્યકરોએ *'પૂર્ણ પુરુષાય નમઃ'* શતાબ્દી ગીત પર ખૂબ સરસ ભક્તિનૃત્ય કર્યું હતું. અંતમાં સ્વામીશ્રીએ બાળકો પર રાજીપાભર્યા આશીર્વાદ વરસાવ્યા હતા.

આજે સ્વામીશ્રીએ મંગલદીપ પ્રગટાવી, બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આયોજિત 'સદ્ભાવી સંપર્ક અભિયાન'નો પ્રારંભ કરાવ્યો હતો.

આજે 'સમૂહ વર્તમાનવિધિ' અંતર્ગત સ્વામીશ્રીએ સૌને 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' અને ત્યારબાદ 'ધન્યોસ્મિ પૂર્ણકામોસ્મિ...' આશ્રય દીક્ષામંત્ર ઝિલાવી ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યા હતા.

**● કરીએ મંદિર ઉમંગે :**

તા. ૧૧-૪-૨૦૨૩ના રોજ એક વિશિષ્ટ સભા યોજાઈ હતી. ભુજ ખાતે શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચવાનો હરિભક્તોના અંતરમાં કેવો ઉમંગ છે!? તે ભાવનાને રજૂ કરતી 'કરીએ મંદિર ઉમંગે' મધ્યવર્તી વિચાર સાથેની આ સભા હતી. પ્રારંભમાં સંતોએ પ્રાસંગિક પ્રવચનોમાં મંદિરનો મહિમા કહ્યો હતો. મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રૂપે 'આ છે અમારું મંદિર' સંવાદ દ્વારા મંદિરમાં થતી સેવા પ્રવૃત્તિઓ; મંદિર દ્વારા થતાં પરિવર્તનો તેમજ મંદિરના અનેકવિધ ફાયદા દર્શાવાયા હતા. બાળ-યુવાવૃંદે ઉત્સાહસભર નૃત્ય કરી ગુરુહરિને આવકાર્યા હતા. બે યુવા-કાર્યકરો દ્વારા એક વિશિષ્ટ પ્રસ્તુતિ થઈ. જેમાં નિષ્ઠા જીવમાં દૃઢ કરીને, ભક્તિઅર્ધ્ય અર્પણ કરીને, તન-મન-ધનથી સમર્પણ કરીને - 'કરીએ મંદિર ઉમંગે!'નો નાદ સૌએ ઝીલ્યો હતો.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું, ''બધાને ખૂબ ઉત્સાહ છે એટલે મંદિર તો થઈ જશે. પણ એમાં ભક્તિભાવ રેડવાની વાત છે. કેમ કે, ભક્તિ વિના બધું લુખ્ખું. આ મંદિર ભક્તિ માટે જ છે. અને તમારા બધામાં ભક્તિભાવ છે જ. એકવાર ભક્તિભાવ જાગે પછી બધું આવે - તન-મન-ધન

બધું જ આપી દેવાય, ન્યોચ્છાવર થઈ જાય. 'કરીએ મંદિર ઉમંગે' એ પ્રમાણે આપણે કરવાનું છે.''

● **હૉસ્પિટલમાં પધરામણી :**

તા. ૧૩-૪-૨૦૨૩ : આજે સ્વામીશ્રીએ ભુજની પ્રસિદ્ધ, સુપર સ્પેશિયાલિટી 'કે. કે. પટેલ હૉસ્પિટલ'માં પધરામણી કરી હતી. સૌએ ઉત્સાહભેર સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું. અહીં યોજાયેલી સભામાં ટ્રસ્ટીશ્રી વસંતભાઈ પટેલે સૌની હૃદયોર્મિઓને વાચા આપતાં કહ્યું: ''આજે આ હૉસ્પિટલ પાવન થઈ ગઈ. સારંગપુરના ૧૦મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે, 'એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે - મને સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું.' મહંત સ્વામીજીના આગમનથી આ હૉસ્પિટલના દર્દીઓ સાજા તો થશે જ, પણ આજથી તેમનું આત્યંતિક કલ્યાણ નિશ્ચિત થઈ ગયું.''

વિવિધ સમાજના અગ્રણીઓએ અને હૉસ્પિટલના મુખ્ય સંચાલકો, ટ્રસ્ટીઓ અને દાતાઓએ સ્વામીશ્રીનું સ્વાગત-સન્માન કરી આશિષ પ્રાપ્ત કર્યા. સંનિષ્ઠ હરિભક્ત રામજીભાઈ (કંપાલા)એ આ સંસ્થાનને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના નામોલ્લેખ સાથે મોટી રકમનું દાન અર્પણ કર્યું હતું.

અંતમાં આશીર્વાદ અર્પતા સ્વામીશ્રીએ કહ્યું: ''અમુક સમાજકાર્ય એવાં છે કે જે નિષ્પક્ષ હોય, જેમાં કોઈ ભેદભાવ ન હોય. બધા માટે ખુલ્લા હોય. તેમાં આ હૉસ્પિટલ પ્રત્યક્ષ દાખલો છે. અહીંયાં જે દર્દીઓ છે તે બધા સાજા થઈને ઉમંગથી દવાખાનું છોડે... તમે ઘણાં બધાં કાર્યો કર્યાં છે, તો આવી રીતે બધા દાન કરતા રહેજો. એ જ પ્રાર્થના.''

સતત પંદર દિવસ સુધી ભુજ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ સંતો-હરિભક્તોને દિવ્ય સત્સંગલાભની સાથે સાથે ચાર દિવસ યોજાયેલા મુલાકાત-સત્રોમાં અસંખ્ય ભક્તો-ભાવિકોને લાભાન્વિત કર્યા હતા. આ રીતે ભુજમાં સૌને અનહદ સત્સંગસુખ આપીને સ્વામીશ્રી હવાઈ માર્ગે સુરેન્દ્રનગર પધાર્યા હતા.




**પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની કૃપાવર્ષા માણતું સુરેન્દ્રનગર સત્સંગ મંડળ**

● **આગમન :**

તા. ૧૫-૪-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સુરેન્દ્રનગરની ધરતી પર પધાર્યા ત્યારે સંતો-ભક્તોએ ગુરુહરિને વધાવ્યા હતા. અહીં નિર્માણાધીન નૂતન બી.એ.પી.એસ. મંદિરની ભૂમિ પર અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીના સ્વાગતમાં સુંદર

રંગોળીઓ પૂરવામાં આવી હતી. સંતો-ભક્તોનો આનંદ હર્ષાશ્રુ દ્વારા અને ગદ્ગદ ભાવમાં પ્રતિબિંબિત થતો હતો. કારણ કે સ્વામીશ્રીના સ્વાસ્થ્યની અનુકૂળતા જોતાં આયોજક સંતોનો મત હતો કે સ્વામીશ્રી ભુજ અને સુરેન્દ્રનગરમાં પધારે નહીં તો પણ ચાલે. મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવોમાં તો પધારવાના જ છે. અને અત્યારે પધારે તો ભીડો પણ વિશેષ પડશે, પરંતુ સ્વામીશ્રીએ પોતે જ દૃઢ ઈચ્છા દર્શાવી હતી કે 'મારે બંને જગ્યાએ જવું છે.' તેથી અશક્ય લાગતું આ બંને સેન્ટરોનું વિચરણ શક્ય બન્યું હતું. આ સ્વામીશ્રીની કેવળ કરુણા અને કૃપા જ હતી. તેથી સૌ વિશેષ આનંદિત અને ગદ્ગદિત હતા.

સભામંડપમાં આગમન વખતે દેવતાઈ વેશમાં બાળકોએ પુષ્પ-પાંદડીઓની વર્ષા કરીને ઈષ્ટદેવ અને ગુરુદેવને વધાવ્યા હતા. બાળ-યુવાવૃંદે *'આવો પધારો રે... આવો પધારો રે...'* આદિ કીર્તનો પર નૃત્ય કરતાં હરિ અને ગુરુને આવકાર્યા હતા. અક્ષરપુરુષોત્તમ મહારાજને મેવા-મીઠાઈના થાળ ધરાવાયા હતા. સંતોએ કલાત્મક હારતોરા વડે સ્વામીશ્રીને સત્કાર્યા. ગુરુહરિના આગમન નિમિત્તે વિશેષ વ્રત-ઉપવાસ કરનાર સંતો-ભક્તોને સ્વામીશ્રીએ પારણાં કરાવ્યાં હતાં.

અહીં નૂતન ભૂમિ પર સંતઆશ્રમ રચવામાં આવ્યો હતો. 'કેશવકુંજ' નામાંકિત સંતઆશ્રમનું સ્વામીશ્રીએ વૈદિક પૂજન સાથે ઉદ્ઘાટન કર્યું હતું. અને તેમાં જ નિવાસ કર્યો હતો.

● તા. ૧૭-૪-૨૦૨૩: આજે સ્વામીશ્રીએ 'અંતરજાગૃતિ પર્વ'માં જોડાનાર વર્તમાન યુવા તાલીમકેન્દ્રની બેચના યુવકોને દર્શન-આશિષ આપ્યા હતા. વળી, તેમના પદવીદાન સમારંભમાં આપવામાં આવનાર પ્રમાણપત્ર - નાડાછડી - પ્રતિજ્ઞાપત્ર - પ્રસાદ આદિ તમામ પ્રસાદીનાં કરી આપ્યાં હતાં. વ્યક્તિગત મુલાકાતના અંતે સ્વામીશ્રીએ તમામ યુવકોને પ્રેરણાવચનો કહ્યાં હતાં.

● **બાળદિન :**

તા. ૧૮-૪-૨૦૨૩ના રોજ બાળકોએ ભક્તિભાવપૂર્વક 'બાળદિન'ની ઉજવણી કરી ગુરુહરિનો રાજીપો ઝીલ્યો હતો. ધૂન-કીર્તનથી આરંભાયેલી સભામાં 'સુરેન્દ્રનગર બાળપ્રવૃત્તિ'નો વીડિયો દર્શાવવામાં આવ્યો હતો. ત્યારબાદ યોગીબાપાની બોધકથા 'ગધે જૈસા, બેલ જૈસા' લઘુસંવાદના રૂપમાં પ્રસ્તુત થઈ હતી. પ્રાજ્ઞપુરુષદાસ સ્વામી અને નિર્મળવદનદાસ સ્વામીએ પ્રવચનનો લાભ આપ્યો હતો.

આજની સભાના મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમરૂપે 'ચાલો મંદિર બનાવીએ' સંવાદની ગૂંથણી બાળસભાના રૂપમાં પ્રસ્તુત થઈ હતી. જેમાં બાળકોએ જિજ્ઞાસા રજૂ કરી કે 'મંદિરમાં શું મળે, શું શીખવા મળે?' તેનો ઉત્તર આપતાં બાળનગરીના મેસ્કોટ, શેરુ વગેરે પ્રાણીપાત્રોએ મંદિરનો મહિમા સમજાવ્યો કે મંદિરમાંથી સદાચાર, સંસ્કાર, સંસ્કૃતિ રક્ષણ, સત્સંગ અને સમર્પણભાવ શીખવા મળે છે. બાળકોનો ઉત્સાહ દર્શાવતું *'છીએ અમે તો છોટાજી પણ વિચારો મોટાજી...'* નૃત્ય રજૂ થયું હતું. નૃત્યના અંતે બાળકોએ મંદિરનિર્માણ માટેની પોતાની કટિબદ્ધતા દર્શાવતા વિવિધ નિયમો ગ્રહ્યા હતા. સંવાદ-નૃત્ય સાથે સુંદર પ્રેરણાઓ પણ રજૂ થઈ હતી. ત્યારબાદ સંગ અને કુસંગ વચ્ચે દોરડાખેંચની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ટી.વી., મોબાઇલ, બહારની ખાણીપીણીના ભયંકર વેશે આવેલા શત્રુઓની સામે, સ્વામીશ્રીના આદેશ મુજબ બાળકોએ સંપ રાખીને બળવાન કુસંગીઓને માત કર્યા હતા. તેના આનંદમાં બાળકોએ *'આનંદનો રંગ ઢોળો સ્વામી, આનંદનો રંગ ઢોળો...'* કીર્તન પર નૃત્ય રજૂ કર્યું હતું. નૃત્ય દરમ્યાન સ્વામીશ્રીએ પુષ્પપાંદડીઓ વરસાવી બાળકોને વધાવ્યા હતા.

સન ૨૦૧૭માં સ્વામીશ્રી સુરેન્દ્રનગરના આંગણે પધાર્યા હતા ત્યારે વચન આપતાં કહ્યું હતું, 'મંદિર જોતજોતાંમાં થઈ જશે' તેની વીડિયો સ્મૃતિ કરાવવામાં આવી. તે સાથે જ સંવાદના રૂપમાં રજૂ થયેલા સદાચાર, સંસ્કાર, સંસ્કૃતિ, સત્સંગ અને સમર્પણના પથ્થરોનું સુંદર મંદિર રચાયું. સમગ્ર સભામાં આનંદ આનંદ વ્યાપી ગયો. આરતી બાદ કાર્યક્રમની ચરમસીમારૂપ ક્ષણોમાં બાળકોએ *'ઝાલર બાજે... નગારાં ગાજે'* કીર્તન પર આનંદભર્યું નૃત્ય કર્યું હતું.

અંતમાં સ્વામીશ્રીએ સૌ બાળકોને ધર્મ-નિયમ બરાબર રાખી ખૂબ સારો અભ્યાસ કરવા પર ભાર મૂકી વિશેષમાં કહ્યું, ''રાજીપાની વાત એવી છે - જ્યારથી તમે સંકલ્પ કર્યો કે 'આ મંદિર બનાવવું છે' ત્યારથી રાજીપાનું મીટર ચઢતું જ જાય... ચઢતું જ જાય, તો રાજીપો મેળવવો બહુ સહેલો છે.

ટૂંકમાં, ભગવાન તો રાજી થવા બેઠા જ છે. તમારી શ્રદ્ધા જોઈએ. શ્રદ્ધા બળવાન હોય તો બધું કામ થાય. તો આ બધા જેટલા (સંવાદ વગેરેમાં) આવ્યા છે એમને રાજીપાનું મીટર ચઢી ગયું છે. પણ પછી કાર્ય કરવાનું, ખાલી

બેસી નહીં રહેવાનું. જેને જે કામ સોંપવામાં આવે તે તે કાર્ય કરવાનું. પણ રાજીપો તો થઈ જ ગયો છે, જ્યારથી તમે મનમાં સંકલ્પ કર્યો કે ‘મંદિર કરવું છે’ ત્યારથી. તો આ બધું મળીને મંદિર તો જોતજોતાંમાં થઈ જશે.’’ સભામાં ઉપસ્થિત ૨૦૦૦ કરતાં વધુ બાળકોએ સ્વામીશ્રીના અંતરનો રાજીપો મેળવ્યો હતો.

સત્સંગ દીક્ષાના ૩૧૫ શ્લોકોમાંથી બાળ-બાલિકાઓ માટે સ્વામીશ્રીએ પસંદ કરેલા ૬૧ શ્લોકોની રચવામાં આવેલી ‘Target 61’ પુસ્તિકાનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું હતું. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં સેવા આપનાર ૪૯૦૦ બાળ-બાલિકાઓ માટેની સ્મૃતિભેટો પણ સ્વામીશ્રીએ પ્રસાદીની કરી હતી.

**● મૂર્તિ-પ્રતિષ્ઠા :**

તા. ૧૯-૪-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ જાસપુર (અટલાદરા), પીપળી (અટલાદરા), દાહોદ (ગોધરા) (પુનઃપ્રતિષ્ઠા), ઈકબાલગઢ (પાલનપુર), સરસ (સુરત ગ્રામ્ય) ખાતે રચાયેલાં બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. ઉપરાંત, વણોતી (ડાકોર) અને ડબકા (ક્ષેત્ર-ગવાસદ)માં રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરની ઈષ્ટિકાઓનું પણ પૂજન કર્યું હતું.

આજે મહિલા હરિભક્તોએ અક્ષરપુરુષોત્તમ મહારાજનો તુલાવિધિ કરીને વિશેષ ભક્તિભાવ અર્પ્યો હતો.

**● ચતુર્થ દશાબ્દીનો પ્રારંભ :**

તા. ૨૦-૪-૨૦૨૩ઃ સન ૧૯૮૩માં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે પ્રસ્થાપિત અટલાદરા છાત્રાલયને ૪૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં હતાં. તેનો ચતુર્થ દશાબ્દી મહોત્સવ આરંભાઈ રહ્યો હતો. સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરી આ દશાબ્દી મહોત્સવનો મંગલ પ્રારંભ કર્યો હતો. સમગ્ર વર્ષ દરમ્યાન યોજાનાર કાર્યક્રમોની રૂપરેખા સંતો-યુવકોએ જણાવી હતી.

સ્વામીશ્રીએ આશિષ અર્પતાં કહ્યું: ‘‘આપણે અટલાદરા છાત્રાલયનો ચતુર્થ દશાબ્દી ભવ્ય અને દિવ્ય ઊજવવો છે. એ એમનેમ નહીં ઊજવાય. એના માટે નિયમ-ધર્મયુક્ત જીવન જીવવું, સત્સંગની એ પ્રણાલી છે.

પ્રમુખસ્વામી મહારાજ APC (અક્ષરપુરુષોત્તમ છાત્રાલય)ના છાત્રોને શિક્ષણ, સંસ્કાર અને વ્યક્તિત્વ વિકાસ ક્ષેત્રે ખૂબ આગળ વધારવા માંગતા હતા. સમાજમાં નંબર કાઢે એવા. તો ત્રણેય ક્ષેત્રમાં ખૂબ ઉત્સાહ રાખી પ્રામાણિકપણે ભક્તિ માની સ્વામીબાપાનો સંકલ્પ પૂરો કરવો. ૪૦ વર્ષની ઉજવણી સહેલી નથી. આ બધાં વ્રતો-નિયમો લેવાની જરૂર છે. અને એ લાભમાં જ છે, ખોટમાં નથી. આ બધું કરશો તો ખૂબ આગળ આવશો ને જીવનનું ઘડતર થશે. સ્વામીબાપાની આ ઈચ્છા પૂરી પાડો તો ૪૦ વર્ષનો ડંકો વાગશે.’’

**● મંદિર-શિલાન્યાસ :**

તા. ૨૨-૪-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ સુરેન્દ્રનગરની ધરા પર નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો વેદોક્ત વિધિપૂર્વક શિલાન્યાસ કરીને મંદિર નિર્માણકાર્યનો મંગલ પ્રારંભ કર્યો હતો.

આજે સ્વામીશ્રીએ શાપુર (જૂનાગઢ) અને જામખંભાળિયા (જામનગર)ના મંદિરમાં સ્થાપિત થનારી ગુરુપરંપરા (ચિત્રપ્રતિમા)ની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. સાથે ઘણા બધા હરિભક્તોનાં ઘરમંદિરની મૂર્તિઓનો પણ પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

**● યુવા-સમર્પણ દિન :**

તા. ૨૩-૪-૨૦૨૩ના રોજ ‘યુવાદિન’ અને ‘સમર્પણ દિન’ સંયુક્ત રીતે ઊજવાયા હતા. સભાના પ્રારંભમાં વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. ત્યારબાદ ‘જીવનઘડતરની પાઠશાળા – મંદિર’ સંવાદ રજૂ થયો હતો. જે અંતર્ગત ગુણાતીત ગુરુવર્યો અને મંદિરના યોગથી ઘડાયેલા આ વિસ્તારના યુવાનોના પ્રેરક પ્રસંગો રજૂ થયા હતા. વિશેષતા એ હતી કે જે યુવકનો પ્રસંગ હોય એ જ યુવક તે પાત્ર ભજવી રહ્યો હતો. યુવકોએ *‘આનંદ આનંદ છાયો રે...’* સ્વાગત કીર્તન પર નૃત્ય દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને સત્કાર્યા હતા.

પ્રેરણાદાયી સંવાદ બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પ્યા: ‘‘કહેવાયું છે કે – સંગ એવો રંગ. કુસંગ એવી વસ્તુ છે કે ગમે એમ કરીને પેસી જાય, જો સાવધાની ન રાખીએ ને ધર્મ-નિયમનું પાલન ન કરીએ તો. કુસંગથી જીવન બરબાદ થઈ જાય. પણ આપણા નિયમ-ધર્મ એવા છે કે કુસંગથી બચાવી લે છે. કુસંગનો સ્પર્શ ન થવા દે છતાંય સાવધાની તો રાખવી પડે. એટલે, બે જ વાત આવી – કુસંગથી છેટે રહેવું અને પ્રામાણિકપણે સત્સંગ કરવો. એટલે બધા સારા ગુણ આવશે.’’

આજરોજ સ્વામીશ્રીએ, બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ચાલી રહેલા IPDC કોર્સની વેબસાઈટ: www.ipdc.org નું આઈપેડ પર ક્લીક કરીને તે વેબસાઈટનું ઉદ્ઘાટન કર્યું

હતું. 'ધ બુઝો એન્ડ ધ ડેન્જર્સ ઓફ ધ જંગલ' પુસ્તકની ઓડિયો બુકનું પણ વિમોચન કર્યું હતું.

આજથી આદર્શજીવનદાસ સ્વામીએ પાંચ દિવસ સુધી 'વચનામૃતનું પંચામૃત' વિષય પર અહીં ગ્રીષ્મ પારાયણનો લાભ આપ્યો હતો.

● **મૂર્તિ-પ્રતિષ્ઠા :**

તા. ૨૫-૪-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ સાંકરી વિસ્તારના સહજાનંદ રેસિડન્સી (કામરેજ), કઠોર (ઘનશ્યામ મહારાજ), ઉન (ઘનશ્યામ મહારાજ), કેળકૂઈ; ગોધરા વિસ્તારના ચંદ્રપુરા, કાનોડ, સણસોલી અને ચાંગડા (બોચાસણ) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ અને ભાદરા જન્મસ્થાનમાં સિંહાસનમાં પધરાવવાની ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિનો વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

ઉપરાંત મહેળાવના ત્રંબોવાડ, રંગાઈપુરા; અટલાદરાના જંબુસર, માલકીમપુરા, આમોદ; મંગલેશ્વર ગામ (ભરૂચ) અને ફિણાવ (બોચાસણ) ખાતે રચાનાર બી.એ.પી.એસ. મંદિરની શિલાઓ તેમજ દેદાદરા ગામના રામજી મંદિરની શિલાઓ અને બજરંગપુરા ગામના હનુમાનજી મંદિરની શિલાઓનું પણ સ્વામીશ્રીએ વૈદિક પૂજન કર્યું હતું. સાથે ગોંડલ મંદિરના નૂતન ભોજનાલય તથા અતિથિગૃહની ઇષ્ટિકાઓ અને નિધિકુંભોનું પણ પૂજન કર્યું હતું.

મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી લિખિત 'સ્વામિનારાયણ ભાષ્ય'ના આધારે શ્રીમદ્ ભગવદ્ગીતાનું અંગ્રેજી તથા ગુજરાતીમાં સંતોએ ભાષાંતર કર્યું હતું. અંગ્રેજી ભાષાંતરની સેવા કરનાર અક્ષરાનંદદાસ સ્વામી અને ગુજરાતી ભાષાંતરની સેવા કરનાર આત્મતૃપ્તદાસ સ્વામીએ ક્રમશઃ તે ભાષાંતરિત 'શ્રીમદ્ ભગવદ્ગીતા' સ્વામીશ્રીના હસ્તે ઉદ્ઘાટિત કરાવી હતી.

● **ભક્તિદિન :**

તા. ૨૬-૪-૨૦૨૩ના રોજ ધ્રાંગધ્રા સત્સંગમંડળે 'ભક્તિદિન' ઊજવ્યો હતો. ધૂન-પ્રાર્થના બાદ 'સંપ' વિષયક વીડિયો તથા વિવેકસાગરદાસ સ્વામીનાં ઉદ્બોધન પછી 'મંદિરો દ્વારા પોષણ' નામક સંવાદ પ્રસ્તુત થયો હતો. જેમાં ધ્રાંગધ્રા વિસ્તારના હરિભક્તોના સત્ય પ્રસંગો રજૂ થયા હતા. પ્રસંગ પૂર્ણ થયા બાદ જે હરિભક્તનો પ્રસંગ હોય તે ભક્તરાજે સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી.

સંવાદ પછી '*ગણિત અમારું ગણિત અમારું થઈ જાવા અગણિત, મહંતસ્વામીજી શીખવે નવલું સંજીવનીનું ગીત.*' નૂતન કીર્તન પર બાળ-યુવાવૃંદે ભક્તિનૃત્ય કર્યું હતું.

સૌની ભક્તિ સ્વીકારી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''આજે ભક્તિદિન ઊજવાયો. બધાનું સમર્પણ અહીં જોવા મળે છે. રજૂ થયા તે બધા પ્રસંગો સાચા છે. એટલે નિયમ-ધર્મમાં દૃઢ રહેવું, ચૂકવું નહીં તો ભગવાન રાજી થાય. અને એકબીજાને મદદ કરવાની ભાવના ગજબ છે. આ કળિયુગમાં આવું બને નહીં, પણ આપણા બી.એ.પી.એસ.ના તમામે આ દાખવ્યું છે. તો આપણો ઝંડો ઊંચો રહ્યો છે.

આ બધાં મૂલ્યો - સંપ, સુહૃદભાવ, એકતા, મહિમા, એકબીજાને મદદ કરવાની ભાવના એનાથી ભગવાન રાજી થાય. મહારાજ-સ્વામી આપણને મળ્યા છે એ બધું સ્વીકારે છે. અલ્પ સેવા હોય તો પણ. આપણી સેવા શ્રીજીમહારાજને પહોંચે છે. તો સેવાની ભાવના રાખીને ભજન-ભક્તિ-સેવા કર્યે જ રાખજો.''

આજે સુરેન્દ્રનગરના સ્વામીશ્રીના રોકાણની અંતિમ જાહેરસભા હતી તેથી કોઠારી ધર્મચિંતનદાસ સ્વામીએ ખાસ સંતો-હરિભક્તો વતી સ્વામીશ્રીનો આભાર માન્યો હતો. સભાાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તો -ભાવિકોએ ભારે હૈયે સ્વામીશ્રીને વિદાયમાન આપ્યું હતું.

આજે સવારે સ્વામીશ્રીએ કેટલાંક શિશુઓને સમૂહ વર્તમાન ધરાવ્યાં હતાં.

● સુરેન્દ્રનગર ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ જુદા જુદા દિવસોએ વિવિધ વિસ્તારના હરિભક્તો -કાર્યકરો-ભાવિકોને મુલાકાત-દર્શનલાભ આપ્યો હતો. ગુરુહરિના સુસ્વાસ્થ્યની કામના સાથે સુરેન્દ્રનગર તેમજ આજુબાજુનાં સત્સંગ કેન્દ્રોમાંથી વિવિધ વ્રત-તપ સાથે અસંખ્ય હરિભક્તોએ પદયાત્રાઓ કરી હતી.

સુરેન્દ્રનગરમાં ૧૩ દિવસ સુધી અવિસ્મરણીય સત્સંગ લાભ આપીને સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા હતા.

■ **અમદાવાદમાં સ્વામીશ્રી...**

તા. ૨૭-૪-૨૦૨૩ના રોજ મોડી સાંજે અમદાવાદ પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના દર્શનાર્થે અસંખ્ય હરિભક્તો ઊમટ્યા હતા. થોડા જ દિવસો બાદ સ્વામીશ્રી વિદેશયાત્રાએ પધારવાના હોવાથી અને જાહેરમાં દર્શનલાભ નહીં હોવાથી દર્શનપિપાસુ હજારો હરિભક્તો છેલ્લા બે કલાકથી શાહીબાગ રોડની બંને બાજુએ મીટ માંડીને ઊભા હતા. સ્વામીશ્રી પધારતાં સૌ હરિભક્તો ગુરુહરિનાં દર્શનની એક ઝલક પામીને


આનંદિત થઈ ઊઠ્યા. સૌ પર કૃપાદૃષ્ટિ વરસાવતાં સ્વામીશ્રી યોગીજી મહારાજ હૉસ્પિટલમાં પધાર્યા. અહીં સંતોએ સ્વામીશ્રીનું હારતોરા અર્પણ કરીને સ્વાગત કર્યું હતું. સતત પાંચ દિવસ સ્વામીશ્રીએ હૉસ્પિટલમાં જ વિશ્રામ કર્યો હતો.

● **રવિસભા :**

તા. ૩૦-૪-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં રવિસભા યોજાઈ હતી. સ્વામીશ્રીનું સાંનિધ્ય પામવા માટે અમદાવાદના વિવિધ વિસ્તારો તેમજ આજુબાજુનાં ગામો-શહેરોમાંથી વીસ હજાર જેટલા ઊમટેલા હરિભક્તો-ભાવિકોથી મંદિર પરિસર ઊભરાતું હતું. ધીમી ધારે વરસાદ વરસી રહ્યો હતો. વિદેશ-યાત્રા જતાં પહેલાનાં ગુરુહરિનાં દર્શન માણવા સૌ વરસાદમાં પલળતા બેસી રહ્યા હતા. સ્વામીશ્રી મંદિરના પરિસરમાં પધાર્યા ત્યારે સ્વામીશ્રીનાં દર્શન કરતાં જ સૌનાં મુખ મલકાઈ ઊઠ્યાં. સ્વામીશ્રીએ પણ ખૂબ શાંતિથી સૌને દર્શનલાભ આપ્યો. ત્યારબાદ સ્વામીશ્રી સભામાં પધાર્યા.

૪:૦૦ વાગ્યાથી બંને સભામંડપ હકડેઠઠ ભરાઈ ચૂક્યા હતા. સ્વામીશ્રીએ પ્રથમ પ્રમુખસ્વામી ઓડિટોરિયમમાં પધારીને સૌને દર્શનલાભ આપ્યો. ત્યારબાદ યજ્ઞપુરુષ સભામંડપમાં પધાર્યા. મંચની પાર્શ્વભૂમાં રોબિન્સવિલ અક્ષરધામની પ્રતિકૃતિ શોભી રહી હતી. છત પર વિમાન ઝૂમી રહ્યાં હતાં.

ધૂન-પ્રાર્થનાથી આરંભાયેલી સભામાં આત્મતૃપ્તદાસ સ્વામીએ અમદાવાદમાં મહંત સ્વામી મહારાજની દિવ્ય સ્મૃતિઓ કરાવતું ‘મહંત પ્રસંગમ્’ વિષયક પ્રવચન કર્યું હતું. ત્યારબાદ



*‘પધારો હરિકૃષ્ણ મહારાજ...’* સ્વાગત ગીત ગુંજી ઊઠ્યું. આનંદ-ઉલ્લાસમય વાતાવરણ જામ્યું હતું.

એક વિશિષ્ટ અને રંગારંગ કાર્યક્રમની પ્રસ્તુતિ અમદાવાદના બાળકો, યુવાનો અને હરિભક્તોએ રજૂ કરી. જેમાં અમદાવાદની ભૂમિ પર ગુરુવર્યોએ દયા કરીને ઊજવેલા ઉત્સવો યાદ કર્યા. તેમાં મુખ્ય ઉત્સવ હતો - પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ. આ મહોત્સવના વિવિધ વિભાગોના પ્રતિનિધિઓએ તે સમયની સ્મૃતિઓ કરી. અને આ મહોત્સવ દ્વારા અનેકવિધ સદ્‌ગુણો ખીલવવા બદલ સ્વામીશ્રીનો આભાર માન્યો હતો.

અંતમાં શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું : “આ બધાં દૃશ્ય જોતાં શતાબ્દી મહોત્સવ તાદૃશ થઈ ગયો. અને ૮૦,૦૦૦ સ્વયંસેવકો! એ કલ્પના બહાર છે. આખી દુનિયામાં કોઈ ભેગા થાય નહીં... ને એકબીજાને પગે લાગે, મહિમા સમજે! કેટલાય પ્રસંગો બન્યા છે, એ બધી સ્મૃતિ થઈ આવી. આ ઉત્સવ ન ભૂતો ન ભવિષ્યતિ, લોકો યાદ કર્યા જ કરશે. એક આટલું પણ યાદ આવી જાય તો ધન્ય થઈ જવાય. આપણે એક મહિના સુધી નગરમાં રહ્યા, કેટલી બધી સ્મૃતિઓ! જેણે દિવ્યભાવ રાખીને આ બધો લાભ લૂંટ્યો હશે, એ તો ખરેખર જીવનની મૂડી થઈ ગઈ. નાનામોટા બધાને સ્મૃતિ રહેશે જ ને વાગોળ્યા કરશે. એટલે રોજ સમૈયો - ખરેખર ખૂબ આનંદ આવ્યો છે ને આનંદ આનંદ રહ્યો છે. એટલે એ સ્મૃતિ આપણે વાગોળવી ને ધન્ય થવું.”

આશીર્વાદની સમાપ્તિ બાદ ‘તમે લીધો છે લાભ ઘણો, હવે અમારો વારો છે...’ કહેતાં લંડન, કેનેડા અને અમેરિકાના નકશારૂપે યુવકો મંચ પર આવ્યા, મહંતસ્વામી મહારાજને પોતાના દેશમાં લઈ જવા માટે. અમદાવાદનો નકશો ધારણ કરેલા યુવકે કહ્યું, “એમનેમ સ્વામીશ્રીને વિદાય ન આપીએ. વિદાય આપતાં પહેલાં અમારે સ્વામીશ્રીની રોજિંદી વપરાશની વસ્તુઓનું પૂજન કરવું છે. તેમને પ્રાર્થના કરવી છે. અને સ્વામીશ્રી રોજિંદા વપરાશમાં લે છે તે વસ્તુઓનું પૂજન-આરતી-પ્રાર્થના થયાં.

અંતમાં વડીલ સંતોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. સ્વામીશ્રી સાથે સત્સંગ યાત્રામાં જોડાઈ રહેલા પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને અન્ય સંતોનું અમદાવાદના સંતોએ પૂજન કર્યું. આ વિશિષ્ટ પ્રસ્તુતિ માણી સૌ રોમાંચિત થઈ ઊઠ્યા હતા.

અમદાવાદમાં પાંચ દિવસનું અલ્પ રોકાણ કરીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સંતોસહ વિદેશની ધર્મયાત્રાએ પધારી રહ્યા હતા. તા. ૧-૫-૨૦૨૩ના રોજ અમદાવાદથી વિદાય લઈને સ્વામીશ્રીએ આ વખતે લંડન (યુ.કે.)થી ધર્મયાત્રાનો પ્રારંભ કર્યો હતો.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો






ચિત્રોડી મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી અને પ્રાસંગિક સભામાં સૌને પ્રેરણાબોધ આપતા સંતો..

## ચિત્રોડી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ખેડબ્રહ્મા તાલુકાની ઉત્તર દિશાએ આવેલા પોશીના વિસ્તારના ચિત્રોડી ગામમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૭-૫-૨૦૨૩ના રોજ શાનદાર રીતે ઊજવાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રવર્તાવેલા સત્સંગના પારસસ્પર્શે કથીરમાંથી કુંદન બનેલા અનેક વનવાસી બંધુઓની દાસ્તાન આ વિસ્તારના ઇતિહાસમાં નોંધાયેલી છે. એવું જ એક ગામ એટલે ચિત્રોડી. આ ગામના શ્રી વિષ્ણુભાઈ દીતાભાઈ અંગારીને સત્સંગનો યોગ સન ૨૦૦૭ થયો હતો. તેમના થકી ગામમાં સત્પુરુષ અને સત્સંગના મહિમાની ભાગીરથી વહેવા લાગી. ત્યારબાદ સંત-વિચરણનો આરંભ થતાં સત્સંગમંડળની શરૂઆત થઈ.

આ વિસ્તારમાં મહદ્ અંશે વસતા આદિવાસી ડુંગરી ભીલ જ્ઞાતિના લોકો દારૂ, માંસાહાર, ડાકણની બીક, દોરાધાગા, ભૂવા, અંધશ્રદ્ધામાં લિપ્ત હતા. હોળી, નવરાત્રિ વગેરે ઉત્સવો તેમજ જન્મ-મૃત્યુ વખતે પણ કૂકડા, પાડા, બકરાનો ભોગ લેવાતો. તેમાં ચિત્રોડી ગામ પણ અલિપ્ત નહોતું. આ મંદિરના ભૂમિદાતાશ્રી ઉદાભાઈ દેવાભાઈ અંગારી પણ અહીંના નામાંકિત ભૂવા હતા. વર્ષોથી તેમના સ્થાનકમાં દર વૈશાખ માસમાં ૪૦-૪૫ બકરાંનો ભોગ ચઢતો. જ્ઞાતિની માન્યતા પ્રમાણે આ ગામની દીકરીને પ્રથમ દીકરો જન્મે તો પિયરમાં બકરાનો ભોગ આપવા તેમના સ્થાનકમાં આવવું પડતું. ઉદાભાઈ દારૂના પણ અઠંગ વ્યસની હોવાથી રોજ ૨૦-૨૫ પોટલી દારૂ પી જતા અને પરિવારજનોનું માંડમાંડ ભરણપોષણ કરતા હતા.

ગામના બાળ-કાર્યકર શ્રી વિષ્ણુભાઈ અંગારીના સંપર્કમાં આ ભુવાજી આવ્યા ને સત્સંગનો રંગ લાગ્યો. ધીરે ધીરે સત્સંગ દૃઢ થતાં તેમના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું. વિષય, વ્યસન અને વહેમને ઉત્તેજન આપનારા ઉદાભાઈએ જ ઉપરોક્ત કુરિવાજો સદંતર બંધ કર્યા અને મંડળ સંચાલક તરીકેની સેવામાં જોડાયા. ઉદાભાઈના કુટુંબમાં સત્સંગ પ્રવર્ત્યો. અત્યારે તેમના કુટુંબી યુવક અનિલભાઈ અંગારી સારંગપુર સંસ્કૃત મહાવિદ્યાલયમાં સ્નાતક થઈને બી.એ.પી.એસ. મંદિર ટોરન્ટોમાં સેવા આપી રહ્યા છે, જેનું સમસ્ત વનવાસી સમાજને ગૌરવ છે.

અનેક ભક્તોમાં જીવન પરિવર્તન લાવનાર સત્સંગને વિશેષ પરિપુષ્ટિ આપવા મંદિરની જરૂરિયાત ઊભી થતાં

શ્રી ઉદાભાઈએ મંદિર માટે ભૂમિ અર્પણ કરી. શ્રી ગોવિંદભાઈ પટેલ તથા શ્રી રાહુલભાઈ પટેલની વિશેષ સેવા અને સ્થાનિક ભક્તો-ભાવિકોના ભક્તિસભર પુરુષાર્થથી સુંદર મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે તા. ૬-૪-૨૦૨૩ના રોજ મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ. તા. ૭-૪-૨૦૨૩ની પ્રભાતે વેદોક્ત મહાપૂજા વિધિ બાદ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૨૭-૧૧-૨૦૨૧ના રોજ ગોંડલ મુકામે વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ ચિત્રોડી ખાતે પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ઉત્સવસભામાં સંતોએ ગામજનોને પ્રેરણાબોધ આપીને હરિભક્તોની સેવા-ભક્તિને બિરદાવી હતી. આ દિવસે મહિલાપાંખ દ્વારા વનવાસી મહિલા સંમેલન પણ યોજાયું હતું.

હિંમતનગર મંદિરના કોઠારી મંગલપુરુષદાસ સ્વામી તથા આ ક્ષેત્રમાં વિચરણ કરતા અમૃતમુનિદાસ સ્વામી અને ગુરુયોગીદાસ સ્વામીના માર્ગદર્શન અને આયોજન હેઠળ આ ઉત્સવ ખૂબ જ સારી રીતે સંપન્ન થયો.





હરિદર્શનમાં રચાયેલા મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિમાં રત સંતો અને આ ઉપક્રમે યોજાયેલા વેદોક્ત મહાપૂજાવિધિમાં સંમિલિત ભક્તો...

## હરિદર્શન (સુરત) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સોનાની મૂરત કહેવાતા સુરત શહેરમાં સત્સંગનો ઈતિહાસ પણ સુવર્ણની જેમ સત્સંગ ગ્રંથોમાં ઝળહળી રહ્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી તાપી નદીના કિનારે તા. ૧૬-૧૨-૧૯૯૬ના રોજ શિખરબદ્ધ મંદિર પ્રતિષ્ઠિત થયું ત્યારથી સત્સંગ અવિરત અભિવૃદ્ધિ પામી રહ્યો છે. સમર્પણનિષ્ઠ, સેવામાં શૂરા અને પ્રેમમાં પૂરા હરિભક્તોના સંપ અને સહકારના બુલંદ પાયાઓ પર કણાદ વિસ્તારમાં અક્ષરધામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. સાથે સાથે અનેકવિધ પરાવિસ્તારોમાં પણ સત્સંગની અભિવૃદ્ધિ થઈ રહી છે. તાજેતરમાં સુરત શહેરના હરિદર્શન વિસ્તારમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચાયું છે, તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૧૨-૫-૨૦૨૩ના રોજ યોજાઈ ગયો. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે પંચદિવસીય ઉત્સવની હારમાળા રચાઈ હતી. તેમાં પૂજ્ય પ્રભુચરણદાસ સ્વામીએ વક્તાપદે વિરાજીને 'સમૃદ્ધ સંસારનો સાર મંદિર' મધ્યવર્તી વિચાર હેઠળ ત્રિદિવસીય કથા પારાયણનો લાભ આપીને સૌમાં મંદિરનો મહિમા વિશેષ દૃઢાવ્યો હતો. આ પારાયણમાં નિત્ય સેંકડો ભક્તોએ કથામૃતનો લાભ લીધો.

તા. ૧૧-૫-૨૦૨૩ના રોજ સુપ્રભાતે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. જેમાં ભૂદેવોના પવિત્ર મંત્રગાન વચ્ચે ૨૦૦થી વધુ ભક્તો-ભાવિકોએ યજ્ઞનારાયણ દેવને આહુતિ અર્પીને ધન્યતા અનુભવી હતી. અપરાહ્ને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં શાનદાર નગરયાત્રા યોજાઈ હતી. જેમાં હજારો આબાલવૃદ્ધ ભક્તો-ભાવિકો ભક્તિભાવપૂર્વક સંમિલિત થયા હતા.

તા. ૧૨-૫-૨૦૨૩ના રોજ સવારે મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે વેદોક્ત મહાપૂજાવિધિ યોજાઈ. ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે સારંગપુરમાં તા. ૧૭-૩-૨૦૨૩ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામી અને સ્થાનિક સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. સૌએ ભક્તિભાવપૂર્વક અન્નકૂટ રચીને પ્રથમ આરતીનો લાભ લીધો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ આશીર્વચન પાઠવ્યાં હતાં.

## કરાયા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સેલવાસ ક્ષેત્રના વાપી તાલુકાના કરાયા ગામ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૨૨-૫-૨૦૨૩ના રોજ યોજાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ વિસ્તારમાં વર્ષો સુધી કઠિન વિચરણ કરીને લોકોમાં પ્રવર્તેલા વહેમ, અંધશ્રદ્ધા, કુરિવાજોમાંથી મુક્તિ અપાવીને આધ્યાત્મિક જાગૃતિ ફેલાવી છે. કરાયામાં પૂજ્ય આનંદમૂર્તિદાસ સ્વામી અને કૃપાનિધિદાસ સ્વામીના અવિરત વિચરણથી સત્સંગની અભિવૃદ્ધિ થઈ. પરિણામે મંદિરની આવશ્યકતા ઊભી થતાં સંનિષ્ઠ સત્સંગીબંધુ શ્રી દલપતભાઈ પટેલ, વજુભાઈ પટેલ, મોહનભાઈ પટેલ, વજીરભાઈ પટેલ, ભીખુભાઈ પટેલ, રવીન્દ્રભાઈ પટેલે મંદિર માટે ભૂમિ અર્પણ કરી હતી. તા. ૫-૧૨-૨૦૧૭ના રોજ પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ભૂમિ-પૂજનવિધિ યોજાયો અને મંદિર નિર્માણકાર્યની શરૂઆત થઈ. મંદિર નિર્માણસેવામાં શ્રી બાલુભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, વેસ્તાભાઈ પટેલ વગેરે ભક્તોની સાથે સત્સંગમંડળ પણ ઉમંગભેર જોડાયું હતું. શ્રી શૈલેશભાઈ પટેલ(આફ્રિકા), જયેશભાઈ પટેલ(આફ્રિકા), પ્રતીકભાઈ પટેલ (આફ્રિકા)નો વિશેષ સહયોગ પ્રાપ્ત થતાં મંદિરનું નિર્માણ થયું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની તા. ૨૦-૫-૨૦૨૩ના રોજ શોભાયાત્રા અને તા. ૨૧-૫-૨૦૨૩ના રોજ સુપ્રભાતે યોજાયેલા વિશ્વશાંતિ મહાયજ્ઞમાં ભક્તો-ભાવિકોએ ભૂદેવોના વૈદિક મંત્રગાન વચ્ચે યજ્ઞકુંડમાં આહુતિ અર્પી સૌના યોગ-ક્ષેમની મંગલ પ્રાર્થના કરી હતી. પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૮-૩-૨૦૨૩ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ કરાયા ખાતે તા. ૨૨-૫-૨૦૨૩ના રોજ પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

## શાપુર (સોરઠ) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ગરવા ગિરનારની ગોદમાં સોરઠની ખમીરવંતી ધરા ઉપર પાંગરેલું શાપુર એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના બ્રહ્મ-પડછંદાનું સાક્ષી બનેલું ગામ. ગુણાતીતાનંદ સ્વામી થકી બ્રહ્મસ્થિતિને પામેલા જૂનાગઢી સંતોએ વખતોવખત અહીં પધારીને આ ધરાને ધન્ય કરી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે આ ગામમાં પધારીને સત્સંગનું જતન અને સંવર્ધન કર્યું છે. ધીરે ધીરે સત્સંગની અભિવૃદ્ધિ થતાં બી.એ.પી.એસ. સત્સંગ મંડળોની શરૂઆત થઈ.




કરાયામાં યોજાયેલા મહાયજ્ઞ-વિધિમાં રત યજમાન યુગલો અને શાપુર મંદિરમાં મૂર્તિસ્થાપન-વિધિ કરતા સંતો...

સત્સંગમાં અનેક મુક્તો રંગાયા, જેને કારણે આ ગામમાંથી પૂજ્ય ભાગ્યસેતુદાસ સ્વામી, વિદ્યાવત્સલદાસ સ્વામી, યોગીમંગલદાસ સ્વામી, ધર્મસ્મરણદાસ સ્વામી, ભક્તિનિલયદાસ સ્વામી, ક્ષમાશીલદાસ સ્વામી તથા વિમલભાઈ સાધકની બી.એ.પી.એસ. સંસ્થાને ભેટ મળી. સત્સંગ, સેવા અને સમર્પણની ભાગીરથી વધારે નિર્મળ બનાવવા અહીં એક મંદિરની જરૂરિયાત ઊભી થઈ.

આ ગામમાં ૬૦ વર્ષ જૂનું દેશી નળિયાવાળું મંદિર હતું. એ જગ્યા ભીમજીભાઈ મેઘજીભાઈ જાદવે અર્પણ કરી હતી ત્યાં સ્થાનિક ભક્તોના સેવા-સમર્પણથી શાપુરમાં સોરઠની શાન સમું એક શિખરીય મંદિર મહોરી ઊઠ્યું. પોતાના પ્રત્યેક કણ, કાંગરે ભક્તિ છલકાવતા આ મંદિરમાં

મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરવાની મંગલ ઘડી આવી પહોંચી.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૦-૫-૨૦૨૩ના રોજ વિશ્વશાંતિ મહાયજ્ઞનું આયોજન થયું, જેમાં ૩૦૦ યજમાનોએ યજ્ઞનારાયણને આહુતિ અર્પી જીવન ધન્ય કર્યું. ત્યારબાદ ઢળતી બપોરે શાપુરમાં શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં બે મયૂર રથ તથા અન્ય રથોમાં બિરાજીને પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ સૌને દર્શન દેવા





મેઘવાડ મંદિરમાં મૂર્તિસ્થાપન-વિધિ કરતા પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામી, પ્રાસંગિક સભામાં પ્રેરણાબોધ આપતા સંતો...

પધારી. આ શોભાયાત્રામાં ૩૫ સંતો પણ જોડાયા હતા. અનેક ભક્તિસભર આકર્ષણેયુક્ત આ શોભાયાત્રા મંદિરમાં વિરમી ત્યારે આરતી તથા આતશબાજીથી વાતાવરણ ગુંજી ઊઠ્યું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગોંડલમાં તા. ૨૯-૧૦-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠા કરી હતી તે મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૧-૫-૨૦૨૩ના રોજ સવારે પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામી તથા બ્રહ્મતીર્થદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો. મંદિરનિર્માણમાં વિશેષ યોગદાન રહ્યું છે એવા શ્રી હિતેશભાઈ જાદવ, રણછોડભાઈ જાદવ, શાંતિલાલ જાદવ, મનીષભાઈ જાદવ, દિનેશભાઈ જાદવ, કિરણભાઈ જાદવ, મોહનભાઈ ચોટલિયા, મગનભાઈ ગઢિયા, ઘનશ્યામભાઈ મકવાણા વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. અહીં વિચરણ કરતા કલ્યાણમૂર્તિદાસ સ્વામી અને સેવાનંદદાસ સ્વામીના માર્ગદર્શન પ્રમાણે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની પૂર્ણાહુતિ ધામધૂમથી સંપન્ન થઈ.


## મેઘવાડ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સત્સંગની સતત અભિવૃદ્ધિ થઈ રહી છે. તાજેતરમાં કપરાડા તાલુકાના મેઘવાડ ગામમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

સ્વામીશ્રીના આશીર્વાદથી સેલવાસ મંદિરથી વિચરણ કરતા પૂજ્ય આનંદમૂર્તિદાસ સ્વામી અને કૃપાનિધિદાસ સ્વામીના પ્રયાસથી અહીં સત્સંગ નવપલ્લવિત થયો અને સત્સંગમંડળની શરૂઆત થઈ. અભિવૃદ્ધિ પામતા આ સત્સંગને વિશેષ પરિપોષિત કરવા નૂતન મંદિરની આવશ્યકતા ઊભી થઈ. નિષ્ઠાવાન સત્સંગી શ્રી રાણિયાભાઈ તળશીભાઈ પટેલે મંદિર માટેની ભૂમિ અર્પણ કરતાં તા. ૨૯-૧૧-૨૦૧૯ના રોજ પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ભૂમિપૂજનવિધિ યોજાયો અને મંદિર નિર્માણકાર્યની શરૂઆત થઈ. મંદિરનિર્માણમાં આરંભથી અંત સુધી શ્રી ધીરુભાઈ પટેલ, નવીનભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, જિજ્ઞેશભાઈ પટેલ ગુરુદત્તભાઈ પટેલ, વિનોદભાઈ પટેલે વિશેષ જવાબદારીપૂર્વક સેવા કરી. શ્રી પ્રભુભાઈ પટેલ, પ્રમોદભાઈ પટેલ, શૈલેશભાઈ પટેલ (આફ્રિકા) વગેરે હરિભક્તોનું વિશેષ સમર્પણ રહ્યું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૨-૫-૨૦૨૩ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી. બીજા દિવસે સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૮-૩-૨૦૨૩ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૪-૫-૨૦૨૩ના રોજ પૂજ્ય અક્ષર-ચરણદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ આશીર્વચન પાઠવીને સૌની સેવાને બિરદાવી હતી. ◆

# ઑસ્ટ્રેલિયાના મેલબર્નમાં યોજાયેલી વિશ્વ શાંતિ પરિષદમાં બી.એ.પી.એસ. સંસ્થા




તા. ૨૩-૪-૨૦૨૩ના રોજ ઑસ્ટ્રેલિયાના મેલબર્નમાં વિખ્યાત બુંજિલ ખાતે સદ્‌ગુરુ ઉદયસિંઘજી મહારાજની ઉપસ્થિતિમાં નામધારી શીખ સોસાયટીએ વિશ્વમાં ધાર્મિક સંવાદિતા વિકસાવવા ઉપર વિચારવિમર્શ કરવા 'વિશ્વ શાંતિ પરિષદ'નું આયોજન કર્યું હતું, જેમાં બી.એ.પી.એસ. સંસ્થાના સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ વિશ્વ શાંતિ પરિષદમાં ઍંગ્લિકન ચર્ચના બિશપ ફિલિપ હગીન્સ, વેદાંત સેન્ટર મેલબર્નના સ્વામી સુનિષ્ઠાનંદ, અહમદિયા મુસ્લિમ સમાજના ઈમામ ઈમ્તિયાઝ નાવેદ અહમદ, ભારતીય બૌદ્ધ સમાજના શ્રી ભાંતે અધિશિલાજી, મેલબર્ન ઇસ્કોનના શ્રી રામદાસજી, ઓર્થોડોક્સ ચર્ચના ફાધર અબાનુબ અટ્ટલ્લા, નિરંકારી મિશનના શ્રી સની દુગ્ગલ, શ્રી દુર્ગા મંદિરના શ્રી અભિજીત ભીડે અને શ્રી કુલવંત જોશી, સંકટમોચન સમિતિના શ્રી શ્રીનિવાસન, શીખ સમુદાયના શ્રી સતનામસિંગ સંધુ, ઑસ્ટ્રેલિયા ખાતેના ભારતીય રાજદૂત શ્રી મનપ્રીત વોહરા અને લા ટ્રોબેના સંસદસભ્ય જેસન વૂડ સહિત સમગ્ર વિક્ટોરિયા, ઑસ્ટ્રેલિયામાંથી ૫૦૦ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિષદમાં શાંતિ અને ધાર્મિક સહિષ્ણુતાની ઉત્કૃષ્ટ ભાવનાને વિશ્વની પ્રત્યેક વ્યક્તિના હૃદય સુધી પહોંચાડવા માટે આ ધર્મગુરુઓ અને વિવિધ સંપ્રદાયના અગ્રણીઓની એક પેનલ રચીને વિમર્શ કરવામાં આવ્યો હતો.

આ પરિષદમાં બી.એ.પી.એસ. સંસ્થા વતી પૂજ્ય બ્રહ્મસ્મરણદાસ સ્વામીએ પોતાના વક્તવ્યમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં જીવન, કાર્ય અને ઉપદેશોને આધારે આંતરધર્મ એકતા, શાંતિ અને પ્રગતિ કેવી રીતે પ્રાપ્ત કરવી તે ઉપર જ પ્રકાશ પાડ્યો હતો. તેમણે સમજદારી, સહકાર અને અન્યના વિચારોને આદર આપવાના પાયાના સિદ્ધાંતો સમજાવ્યા હતા. તેમણે કહ્યું: 'આ સાત્ત્વિક વિચારોને જે વ્યક્તિ અમલમાં મૂકશે તે વ્યક્તિ, સમાજ, સંસ્થાઓ અને રાષ્ટ્રને મદદરૂપ થઈ શકશે. લોકોની સાથે હળીમળીને ભાઈચારાની ભાવના સાથે જીવી શકશે.' નામધારી સમાજના ધર્મગુરુ ઉદયસિંઘે કહ્યું: 'દુનિયાએ દરેક ક્ષેત્રે અપાર વિકાસ કર્યો છે, પરંતુ સાચી શાંતિ ધર્મ દ્વારા જ મળે છે. આપણે પ્રાદેશિક મતભેદોને પાર કરીને ધાર્મિક સંવાદિતા અને વૈશ્વિક શાંતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને દરેકને આમ કરવા માટે પ્રેરણા આપવી જોઈએ.' આ પરિષદમાં ઑસ્ટ્રેલિયામાં વિવિધ ધર્મ અને સંસ્કૃતિના લોકો સંપથી રહી શકે તેના માટે ધાર્મિક સંસ્થાઓ શું ભાગ ભજવી શકે તેવા વિવિધ મુદ્દા ઉપર વિમર્શ થયો હતો. ◆

# યુ.કે. અને યુરોપમાં વસતા બી.એ.પી.એસ.ના કાર્યકરોની યોજાઈ નેશનલ કાર્યકર શિબિર



પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે અને ગુણાતીત સત્પુરુષોએ ચીંધેલાં આધ્યાત્મિક મૂલ્યોના પ્રસારણ માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સમર્પિત બી.એ.પી.એસ. સંસ્થાના ઇંગ્લેન્ડ અને યુરોપના કાર્યકરોની નેશનલ કાર્યકર શિબિર તા. ૭ થી ૯ એપ્રિલ, ૨૦૨૩ના રોજ યોજાઈ ગઈ.

'બી.એ.પી.એસ. મારી સંસ્થા'ના મધ્યવર્તી વિચાર સાથે લંડનના વિખ્યાત વોરવિક કોન્ફરન્સ પાર્ક ખાતે યોજાયેલી આ શિબિરમાં ભારતથી પધારેલા પૂજ્ય નારાયણમુનિદાસ અને સ્થાનિક સત્સંગ પ્રવૃત્તિ સંભાળતા સંતોએ આધ્યાત્મિક લાભ આપ્યો હતો. આ શિબિરમાં મંદિરોમાં અને સત્સંગકેન્દ્રોના વિવિધ વિભાગોમાં સેવા આપતાં ૧,૨૦૦ ચુનંદા કાર્યકર ભાઈ-બહેનો પોતાના સત્સંગને વધુ દૃઢાવવા, સંસ્થાનાં હાર્દરૂપ સિદ્ધાંતોને સુદૃઢ કરવા અને સેવાભાવનાની ક્ષમતાને સુધારવા આ શિબિરમાં ઉમંગભેર પધાર્યા હતા.

ત્રિદિવસીય આ શિબિરમાં પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામી અને સંતોના વિદ્વત્તાસભર વક્તવ્યો, વિવિધ પ્રદેશ અને દેશમાંથી પધારેલા સ્વયંસેવકો દ્વારા પ્રસ્તુત થયેલા હૃદયસ્પર્શી સંવાદો, મૅનેજમૅન્ટ શિક્ષણ, જૂથ ચર્ચા તેમજ દૃશ્ય-શ્રાવ્ય અનેકવિધ પ્રસ્તુતિઓના કારણે કાર્યકરોના જ્ઞાન અને સમજમાં અભિવૃદ્ધિ થઈ હતી. સાથે સાથે પોતાની સેવા જવાબદારીપૂર્વક કરવાની પ્રતિબદ્ધતા અને પરમ પૂજ્ય મહંત સ્વામી સાથેનું જોડાણ વધુ દૃઢ થયું હતું. એક સત્રમાં કીર્તનભક્તિ યોજાઈ હતી. શિબિરના કેન્દ્રવર્તી વિચારની સાથે દરેક સત્રમાં સંતોનાં પ્રેરક પ્રવચનોમાં સત્સંગની અસ્મિતા અને કાર્યનિષ્ઠા જેવા ગુણોનું સહજ સિંચન થયું હતું. વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સંસ્થાના ભવિષ્યને વધુ ઉજ્જ્વળ બનાવવાની પ્રતિબદ્ધતા તમામ કાર્યકરોએ કેળવી હતી. ભારતથી સદ્ગુરુ સંતોએ પણ વીડિયોના માધ્યમ દ્વારા સૌ કાર્યકરોને પ્રેરણાબોધ અને આશીર્વચન પાઠવ્યાં હતાં.

આ શિબિરમાં એડનબર્ગથી આવેલા સમીર પટેલે કહ્યું: 'શિબિર ખૂબ પ્રેરણાદાયક રહી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અત્રે પધારવાના છે એટલે આ શિબિરના આયોજનથી કાર્યકરો અને સ્વયંસેવકોમાં સ્ફૂર્તિનો સંચાર થયો છે.' આ શિબિરમાંથી વિદાય લેતી વખતે પ્રત્યેક કાર્યકરના હૈયે એક અનોખો થનગનાટ જોવા મળતો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વચને યાહોમ કરનારા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આ મજબૂત સ્તંભો ભારતીય સંસ્કૃતિ અને બી.એ.પી.એસ. સંસ્થા માટે આદર્શ ગૌરવચિહ્નો બની રહ્યા છે. ◆

# વડોદરા યુવક-યુવતી મંડળોની ગઢડા ખાતે યોજાઈ સત્સંગ શિબિર





વડોદરા શહેરનાં યુવા-યુવતીઓના જીવનમાં સત્સંગની વિશેષ દૃઢતા થાય તેમજ પ્રગટ સત્પુરુષમાં દૃઢ જોડાણ થાય તે હેતુસર તા. ૧૧-૫ થી ૧૪-૫-૨૦૨૩ દરમ્યાન ગઢપુર ખાતે યુવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મધ્યવર્તી વિચાર હતો - 'જીવીશું સ્વામીને માટે'. આ શિબિરનો લાભ લેવા માટે ૧,૧૫૦થી વધુ યુવા-યુવતીઓ ૨૦ બસ દ્વારા ગઢપુર આવ્યાં હતાં.

પ્રથમ દિને મધ્યાહ્ન પછી અલગ-અલગ વૃંદમાં યુવા-યુવતીઓએ શ્રીહરિના પાદસ્પર્શથી મહાપ્રાસાદિક સ્થાનો, જીવાખાચરનો દરબારગઢ તથા 'ગઢપુર જોતાં શ્રીજી સાંભરે' પ્રદર્શન વગેરેના મહિમાપૂર્વક દર્શન કર્યાં. કુલ પાંચ સત્રોમાં યોજાયેલી આ શિબિરમાં મધ્યવર્તી વિચાર અંતર્ગત યુવાનોને સ્વામીશ્રી માટે જીવવા શું શું કરવું જોઈએ તેની પ્રેરણા અને માર્ગદર્શન શિક્ષણ, સત્સંગ, સંયમ, સમજણ, સેવા અને સત્પુરુષમાં જોડાણ આ વિષયો દ્વારા આપવામાં આવ્યું હતું. આ છ વિષયો પર પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે સ્વહસ્તે સુંદર પ્રેરક વાક્યો લખી આપ્યા હતા. આ પ્રત્યેક વિષયને થીમ પંક્તિ, પ્રવચન, વર્કશોપ, કેસ સ્ટડી, પ્રહસન, સંવાદ, કીર્તનભક્તિ, ગોષ્ઠિ, વીડિયો, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ વગેરે કાર્યક્રમો દ્વારા દૃઢાવવામાં આવ્યા હતા. શિબિર માટે થીમ સોંગ પણ સ્વરબદ્ધ કરવામાં આવ્યું હતું.

આ યુવા શિબિરમાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ યુવાનોને અપાર પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. તેમજ પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ વીડિયો આશીર્વાદથી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર શિબિરમાં આત્મતૃપ્તદાસ સ્વામી, આદર્શજીવનદાસ સ્વામી, ભક્તિસાગરદાસ સ્વામી, અધ્યાત્મસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતોએ અને શ્રી હરિકૃષ્ણભાઈ શાસ્ત્રીએ યુવાનોને વિવિધ વિષયો પર પ્રેરક પ્રવચનો, વર્કશોપ અને કેસ સ્ટડી દ્વારા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શિબિરના કેન્દ્રવર્તી વિચારને અનુરૂપ ત્રણ દિવસના ઠાકોરજીના ચંદનના વાઘાના શણગાર, સેલ્ફી પોઈન્ટ, સમગ્ર પરિસરને સુવાક્યો વગેરે અનેક આકર્ષણોથી સુશોભિત કરવામાં આવ્યું હતું. જીવાખાચરના દરબારમાં સમૂહપૂજાનું પણ આયોજન થયું હતું.

શિબિર પૂર્ણ થયા બાદ સાંજે સારંગપુર બી.એ.પી.એસ. મંદિર અને પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરીને સૌ રાત્રે પુનઃ વડોદરા પધાર્યાં હતાં. અટલાદરા, ગઢપુર અને સારંગપુરના સંતોના સહિયારા પુરુષાર્થથી આ શિબિર સફળતાપૂર્વક સંપન્ન થઈ ત્યારે સૌ યુવા-યુવતીઓના હૈયામાં એક જ સૂર સંભળાતો હતો - જીવીશું સ્વામીને માટે. ◆

# અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરમાં યોજાયો પ્રથમ શિખર શિલાનો પૂજનવિધિ



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી તાજેતરમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીનું વિચરણ અબુધાબી ખાતે યોજાયું હતું. તેઓની ઉપસ્થિતિમાં અહીં નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરમાં પ્રથમ શિખર શિલાપૂજન વિધિ તા. ૧૮-૪-૨૦૨૩ના રોજ ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. આ પૂજનવિધિમાં પૂજ્ય ધર્મવત્સલદાસ સ્વામી શ્રીજીસ્વરૂપદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી, વિશ્વવિહારીદાસ સ્વામી, ભક્તિનંદનદાસ સ્વામી, અક્ષરવત્સલદાસ સ્વામી વગેરે સંતો અને અગ્રણી કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રથમ શિખર શિલા પર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને પધરાવીને તે શિલાનું વેદોક્ત શાંતિપાઠ અને મંત્રોચ્ચાર વચ્ચે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પૂજન કર્યું હતું. પૂજનવિધિ સંપન્ન થતાં જ શિખર શિલાને ક્રેન વડે તેના નિર્ધારિત સ્થાને સ્થાપિત કરવામાં આવી ત્યારે ઉપસ્થિત સૌએ જયનાદ સાથે આ પળને વધાવી લીધી હતી.

પૂજનવિધિ બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પથ્થર ઘડતર સ્થળે શિલ્પીઓ, કારીગરો અને સ્વયંસેવકો પાસે પધારીને તેઓના સેવાકાર્યને બિરદાવીને સૌ પર ખૂબ રાજીપો વરસાવ્યો. આ સૌ સ્વયંસેવકોમાં મંદિર નિર્ધારિત સમયે પૂરું કરવાની ભક્તિસભર કટિબદ્ધતા જોઈને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી સૌ પર ખૂબ રાજી થયા અને સૌને આ કાર્ય સફળતા માટે શુભાશિષ પાઠવ્યા હતા.

અબુધાબીનું આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર તમામ ધર્મ અને સંપ્રદાયના લોકોને ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ, સભ્યતા અને મૂલ્યોનું દર્શન કરાવતું રહેશે. યુ.એ.ઈ.ની સરકારે તમામ ધર્મના લોકો વચ્ચે આંતરિક સંવાદિતા સુસ્થાપિત રહે તે માટે મંદિર નિર્માણ માટે સંમતિ આપીને પોતાના હૃદયમાં વસેલી ધાર્મિક સહિષ્ણુતાની પોતાની પ્રતિબદ્ધતાનું પ્રમાણ આપ્યું છે. ◆





# યુ.એ.ઈ.ના રણ-ઉદ્યાનમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની મુલાકાતે ૩૦થી વધુ રાષ્ટ્રોના રાજદૂતો...



યુ.એ.ઈ.ના રણ-ઉદ્યાનમાં સહનશીલતા, સંવાદિતા અને ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોને અભિવ્યક્ત કરતું નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિર ખ્યાતિ પામી ચૂક્યું છે. યુ.એ.ઈ., ભારત તથા વિશ્વભરના અનેક રાજકીય, સામાજિક તથા ધાર્મિક અગ્રણીઓ આ મંદિરની દર્શન-મુલાકાત લઈ અહોભાવ પામી રહ્યા છે. આ શૃંખલામાં, તાજેતરમાં તા. ૨૫-૫-૨૦૨૩ના રોજ ૩૦ દેશોના રાજદૂતો પણ આ કલામંડિત બી.એ.પી.એસ. મંદિરની મુલાકાતે પધાર્યા હતા.

યુ.એ.ઈ. ખાતેના ભારતીય રાજદૂત શ્રી સંજય સુધીરના આમંત્રણને માન આપીને યુ.એ.ઈ. ખાતે રચાઈ રહેલા આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની દર્શન-મુલાકાતે બેલ્જિયમ, બ્રાઝિલ, કેનેડા, સાયપ્રસ, ડેનમાર્ક, એસ્ટોનિયા, જર્મની, ઈન્ડોનેશિયા, ઈઝરાયલ, જાપાન, લેટિવિયા, લિથુઆનિયા, માલદીવ, ન્યૂઝીલેન્ડ, નાઈજીરિયા, નોર્વે, ઓમાન, ફિલિપાઈન્સ, રોમાનિયા, સર્બિયા, સીરિયા, થાઈલેન્ડ, યુક્રેન, નેપાળ, શ્રીલંકા, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ વગેરે દેશોના રાજદૂતો તેમના પરિવાર અને પ્રતિનિધિ મંડળ સાથે આવી પહોંચ્યા હતા. મંદિર પરિસરમાં પધારેલા આ સૌ રાજદ્વારીઓનું ભારતીય પરંપરા પ્રમાણે તેમના હસ્તે નાડાછડી બાંધી અને પુષ્પહાર પહેરાવીને ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારપછી આયોજિત પ્રાસંગિક સભામાં ભારતીય રાજદૂત શ્રી સંજય સુધીરે આમંત્રિત રાજદૂતો અને તેમના પરિવારોને ભારત અને યુ.એ.ઈ. વચ્ચેની મિત્રતા અને તેનાં મૂળ સંસ્કૃતિ અને વેપારમાં સમાયેલાં છે તેનાથી માહિતગાર કર્યા હતા. ઉપરાંત, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સન ૨૦૧૮માં આ મંદિરના શિલારોપણ વિધિનું ઉદ્‌ઘાટન કર્યા બાદ તબક્કાવાર મંદિરના બાંધકામની વિશેષ વિગત આપી હતી. શ્રી સંજય સુધીરે યુ.એ.ઈ.ના શાસકોની સહિષ્ણુતા, ઉદારતા અને આધુનિકતાને અપનાવવાની ભાવનાની પ્રશંસા કરીને કહ્યું કે 'આ મંદિર યુ.એ.ઈ.માં વસતા ભારતીય સમુદાય અને સહનશીલતા, સંવાદિતા, સહિષ્ણુતા અને શાંતિને વરેલી બી.એ.પી.એસ. સંસ્થા અને તેના સંતો અને સ્વયંસેવકોની શ્રદ્ધાની સામૂહિક આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે.'

મંદિરની મુલાકાતે અગાઉ પધારેલા ભારતના વિદેશ મંત્રી શ્રી ડૉ. એસ. જયશંકરે વીડિયો દ્વારા આ મંદિરનું સાંસ્કૃતિક મહત્ત્વ સમજાવીને, વૈશ્વિક એકતા માટે યુ.એ.ઈ.ના શાસકોની દૂરંદેશિતાને બિરદાવતાં કહ્યું હતું કે વિવિધ સંસ્કૃતિઓ એકબીજા સાથે આદરપૂર્વક જોડાય તો જ વાસ્તવિક પરિવર્તન શક્ય બનશે.

આ પ્રસંગે આ બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણસૂત્ર સંભાળતા બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સૌ રાજદૂતોનું સ્વાગત કરતાં કહ્યું કે 'રાજદૂતોની તેમના પરિવારો સાથેની અહીં ઉપસ્થિતિ એ વાતની સૂચક છે કે વિશ્વમાં સંવાદિતા, સહિષ્ણુતા અને શાંતિ સ્થાપવા માટે સાંસ્કૃતિક એકતા માટે આપ સૌ કેટલા કટિબદ્ધ છો!'

મંદિર-નિર્માણ વિષયક પ્રારંભિક માહિતી મેળવ્યા બાદ સૌ રાજદૂતો નિર્માણાધીન મંદિરને નિહાળવા નીકળ્યા. તેમણે બાંધકામમાં ઉપયોગમાં લેવાતી ઈંટો ઉપર પુષ્પાંજલિ અર્પી હતી. તમામ અતિથિઓ મંદિરનું નકશીકામ જોઈ અચંબિત થઈ ગયા હતા. અરેબિયન, મયન, ગ્રીક અને અન્ય સાંસ્કૃતિક વાર્તાઓમાં શાંતિ, સહિષ્ણુતા અને સંવાદિતાની પ્રેરણા આપવામાં આવી છે, તેને અહીં પથ્થરમાં કંડારાયેલી જોઈને સૌ વિશેષ પ્રભાવિત થયા હતા. લોખંડના ઉપયોગ વગર આવું સ્થાપત્ય વિશ્વને ભેટ આપવા બદલ બી.એ.પી.એસ. સંસ્થાનો સૌએ આભાર માન્યો હતો.

મંદિરના નકશીકામથી પ્રભાવિત થયેલા જાપાનના રાજદૂત એચ.ઈ.અકિયો ઈસોમાતાએ કહ્યું: 'હું ભારતીય કલા-કારીગરીથી અભિભૂત થયો છું. કોતરણીમાં સહિષ્ણુતાની ફિલસૂફી તાદૃશ્ય થાય છે.'

માલદીવના રાજદૂત અમીનાથ શબીનાએ પોતાનો અભિપ્રાય દર્શાવતાં ઉચ્ચાર્યું: 'ઊડીને આંખે વળગે એવા અહીંના નકશીકામમાં બંને રાષ્ટ્રોનાં પ્રાણીઓ અને વનસ્પતિઓને કંડારવામાં આવ્યાં છે. લોકોએ આ મંદિરની જરૂર મુલાકાત લેવી જોઈએ અને મંદિરની કોતરણી તથા સ્વયંસેવકોના હૃદયસ્પર્શી આતિથ્યને અનુભવવું જોઈએ.'

ઈઝરાયલના રાજદૂત શ્રી અમીર હાયકે પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં ટ્વિટમાં પણ લખ્યું હતું કે 'આ મંદિર વિશ્વભરના મુલાકાતીઓ માટે આકર્ષણનું સ્રોત બનશે, એમાં મને કોઈ શંકા નથી.' રાજદૂતશ્રીઓની આ મુલાકાત શાંતિ તેમજ સાંસ્કૃતિક અને રાજદ્વારી સંબંધોને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ પગથિયું બની રહેશે.

## અભિનેતા શ્રી અક્ષયકુમાર દર્શન-મુલાકાતે

તા. ૨૭-૪-૨૦૨૩ના રોજ બોલીવૂડના સુપ્રસિદ્ધ અભિનેતા શ્રી અક્ષયકુમાર, ફિલ્મનિર્માતા શ્રી વાસુ ભગનાણી અને અગ્રણી વેપારી શ્રી જિતેન દોશી અબુધાબીમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની મુલાકાતે પધાર્યા હતા. મંદિર પરિસરમાં બ્રહ્મવિહારીદાસ સ્વામીએ તેઓનું પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું હતું.

મંદિર પરિસરમાં આ મંદિરની ઈતિહાસગાથાને સુંદર રીતે વર્ણવતા 'રિવર્સ ઓફ હાર્મની' એક્ઝિબિશનની મુલાકાત લઈને તેમણે આ મંદિરનો ગૌરવપ્રદ ઈતિહાસ જાણ્યો હતો. ત્યારબાદ સંતોએ મંદિરના સંપૂર્ણ પ્રોજેક્ટની પરિકલ્પના અને વિકાસનો ચિતાર વર્ણવ્યો ત્યારે મંદિરની વિશાળતા અને ભારતીય શિલ્પ સ્થાપત્યથી છલકતી સુંદરતા નિહાળીને તેઓ રોમાંચિત થઈ ઊઠ્યા. તેમણે વેદોક્ત વિધિપૂર્વક ઈંટનું પૂજન કરીને એક ઈંટ પ્રસ્થાપિત કરીને આ મંદિરના નિર્માણમાં સહભાગી બનવાનો આનંદ અનુભવ્યો.

મંદિરના નિર્માણથી અત્યંત પ્રભાવિત થતાં શ્રી અક્ષયકુમારે સ્વયંસેવકોને કહ્યું: 'તમે ઈતિહાસ રચી રહ્યા છો. આ મંદિર ભારતીય સમાજનું જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વનું ભલું કરશે. પ્રેમ પહાડને પણ હચમચાવી શકે છે એ ઉક્તિ અહીં સાચી ઠરે છે. આ મંદિર અનેક લોકોનાં સ્વપ્નાઓનું સ્વપ્નું છે.' વળી તેમણે કહ્યું: 'આ મંદિર માનવીય તાકાતનું પ્રમાણપત્ર નથી, પરંતુ સહિષ્ણુતા, પ્રેમ અને શાંતિનું પ્રમાણપત્ર છે, જે ભવિષ્યના વિશ્વને માનવતાથી બાંધી રાખશે.' ◆







# ઈંગ્લેન્ડના મહારાજા ચાર્લ્સ ત્રીજાના રાજ્યાભિષેક ઉપક્રમે બી.એ.પી.એસ. મંદિર લંડન દ્વારા યોજાયા પ્રેરણાત્મક કાર્યક્રમો

બ્રિટિશ રાજવી શ્રી પ્રિન્સ ફિલિપ અને પ્રિન્સ ચાર્લ્સ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અત્યંત ગુણાનુરાગી રહ્યા છે. ગાંધીનગર ખાતેના સ્વામિનારાયણ અક્ષરધામથી લઈને દિલ્હીનું સ્વામિનારાયણ અક્ષરધામ અને લંડનના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની યાત્રા કરનાર આ રાજવીઓએ પ્રમુખસ્વામી મહારાજ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અને સનાતન હિન્દુ ધર્મ પ્રત્યે તેમનો આદરભાવ દર્શાવ્યો છે. એટલું જ નહીં, શ્રી પ્રિન્સ ચાર્લ્સ ઇંગ્લેન્ડ ખાતે પોતાના પેલેસમાં પ્રમુખસ્વામી મહારાજને પધરાવીને તેમનો આદર-સત્કાર કર્યો હતો ત્યારથી બ્રિટિશ રાજપરિવાર સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનો સ્નેહસંબંધ હંમેશાં વધુ ને વધુ ગાઢ થતો રહ્યો છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અંતર્ધાન થયા ત્યારે પણ શ્રી પ્રિન્સ ચાર્લ્સે પોતાની દિલગીરી વ્યક્ત કરીને સ્વામીશ્રીનાં ચરણોમાં પોતાની અંજલિ અર્પણ કરી હતી.

તાજેતરમાં બ્રિટિશ મહારાણીનું નિધન થતાં શ્રી પ્રિન્સ ચાર્લ્સનો હવે વિધિવત્ બ્રિટિશ સામ્રાજ્યના મહારાજા ચાર્લ્સ તૃતીય તરીકે રાજ્યાભિષેક થયો છે, તેમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ આશીર્વાદ વરસાવ્યા હતા. તા. ૬-૫-૨૦૨૩ના રોજ ઇંગ્લેન્ડના ઐતિહાસિક વેસ્ટમિન્સ્ટર એબી મહેલમાં યોજાયેલા રાજસમારોહમાં શ્રી ચાર્લ્સ અને તેમનાં પત્ની શ્રીમતી કેમિલાને બ્રિટનનાં નવાં રાજા-રાણી ઘોષિત કરીને તેઓની તાજપોશી કરવામાં આવી તેનો રાજ્યાભિષેક - ઉત્સવ ત્રણ દિવસ ઇંગ્લેન્ડ અને વિશ્વમાં ગુંજ્યો હતો.

રાજપરિવાર અને મહારાજા ચાર્લ્સ સાથેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગાઢ સ્નેહસંબંધને કારણે લંડન ખાતે નિસડન મંદિરમાં પણ મહારાજાના આ રાજ્યાભિષેકના ઉપક્રમે એક વિશેષ સમારોહ યોજાઈ ગયો. આ પ્રસંગે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે મહારાજા શ્રી ચાર્લ્સને પાઠવેલા આશીર્વાદ પત્રનું પઠન પરમતત્ત્વદાસ સ્વામીએ કર્યું હતું. સ્વામીશ્રીએ ભારતીય પરંપરા પ્રમાણે શુભ અને સમૃદ્ધિના પ્રતીક તરીકે દીપ પ્રાગટ્ય કર્યું. બાળકો અને કિશોરોએ વૈદિક પ્રાર્થનાની સાથે શાંતિપાઠનું ગાન કર્યું ત્યારે ઉપસ્થિત હજારો હરિભક્તોએ ઇંગ્લેન્ડનો રાષ્ટ્રધ્વજ ફરકાવીને નવનિયુક્ત

મહારાજાનું સ્વાગત કર્યું હતું.

મહારાજા શ્રી ચાર્લ્સને સંબોધીને આશીર્વચન ઉચ્ચારતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કહ્યું: ''વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતો અને હરિભક્તો વતી હું આપને હાર્દિક અભિનંદન પાઠવું છું. અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે તમારું આરોગ્ય નિરામય રહે. તમે સચ્ચાઈ અને નૈતિક દૃઢતા સાથે આ દેશના લોકોની સેવા કરી શકો, તમારો શાસનકાળ તેજસ્વી બની રહે અને આપણો મૈત્રીસંબંધ હરિયાળો અને મઘમઘતો રહે એ પ્રાર્થના કરીએ છીએ. આપનું સ્વાગત ફક્ત નિસડનના મંદિરમાં જ નહીં, પરંતુ વિશ્વભરનાં બી.એ.પી.એસ. મંદિરોમાં કરવા અમે આતુર છીએ. આપ, આપનું રાજકુટુંબ અને સમગ્ર યુનાઈટેડ કિંગ્ડમના રહેવાસીઓ જીવનમાં સફળતા પામે અને અધિક સુખ-શાંતિ મેળવે એવી પ્રાર્થના સાથે અમે સર્વે આપને હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.''

મહારાજા ચાર્લ્સ ત્રીજાના દબદબાભર્યા રાજ્યાભિષેક સમારોહમાં ઉપસ્થિત રહેવા માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને પણ ભાવભીનું આમંત્રણ મળ્યું હતું. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી ટ્રસ્ટી શ્રી જીતુભાઈ પટેલે ઉપસ્થિત રહીને સંસ્થા તરફથી શુભેચ્છાઓ પાઠવી હતી. બી.એ.પી.એસ. મંદિર લંડનના કોઠારી પૂજ્ય યોગવિવેકદાસ સ્વામીએ મહારાજા ચાર્લ્સને વીડિયો દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો, જેમાં અગ્રણી સ્વયંસેવક શ્રી કમલેશભાઈ પટેલે ચાર દાયકાથી બી.એ.પી.એસ. સંસ્થાના મૈત્રીભર્યા સંબંધોને તાજા કર્યા હતા.

## રાજ્યાભિષેકના અવસરે યોજાયો ભોજન સમારંભ:

મહારાજા ચાર્લ્સના રાજ્યાભિષેકના સન્માનમાં બી.એ.પી.એસ. મંદિર લંડન ખાતે તા. ૭-૫-૨૦૨૩ના રોજ વિશેષ ભોજન સમારંભ યોજાયો હતો. જેમાં ભક્તો-ભાવિકો-સ્નેહીજનો ઉપરાંત મંદિરની નજીકના વિસ્તારમાં નિવાસ કરતા લોકોને ભોજન માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ ભોજન સમારંભમાં બ્રેન્ટ કાઉન્સિલના નેતા શ્રી મોહમ્મદ બટ, કૃપા શેઠ, રીટા બેગમ, સુનિતા હીરાણી, ટોની એથપેમી અને જીએલએના સભ્ય કૃપેશ હીરાણી વગેરે મહાનુભાવો પણ પધાર્યાં હતાં.

મંદિરના આયોજન અને સુચારુ વ્યવસ્થાથી પ્રભાવિત થયેલા ને ૨૦ વર્ષથી મંદિરની નજીકમાં રહેતા એક સ્થાનિકે જણાવ્યું હતું કે 'આવું સુંદર આયોજન કરીને તમે અમારી ઉપર સુંદર છાપ અંકિત કરી છે.'

બી.એ.પી.એસ. સંસ્થાની સ્વયંસેવિકા નીપા પટેલે કહ્યું કે 'રાજ્યાભિષેકને આવી સુંદર રીતે ઊજવીને બી.એ.પી.એસ. સંસ્થાએ સ્થાનિક લોકોનાં દિલ જીતી લીધાં છે. સંગઠન શક્તિનો સંદેશ અને ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોથી સૌને પરિચિત કરવામાં આપ સફળ રહ્યા છો.'

## 'બિગ હેલ્પ આઉટ' કાર્યક્રમ :

મહારાજા ચાર્લ્સના રાજ્યાભિષેકના સળંગ ત્રીજા દિવસે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, લંડન ખાતે 'બિગ હેલ્પ આઉટ' કાર્યક્રમ યોજાયો હતો. રાષ્ટ્ર તેની પ્રજાને સુખશાંતિ આપે તેવી મહારાજાની ઈચ્છાને પ્રદર્શિત કરતા આ કાર્યક્રમમાં સ્વયંસેવકો અને નિષ્ણાત ડૉક્ટરોની મદદથી સ્થાનિક રહીશો અને સાઉથ એશિયન લોકો માટે આરોગ્ય નિદાનની નિઃશુલ્ક સેવા રાખવામાં આવી હતી. સાથે સાથે તેમની દૈનિક જીવનશૈલી કેવી રીતે વધુ આરોગ્યપ્રદ રહી શકે તેનું નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

યુનાઈટેડ કિંગ્ડમની અગ્રણી ચિલ્ડ્રન્સ ચેરિટી National Society for the Prevention of Cruelty to Children સાથે સંયોજન કરીને બી.એ.પી.એસ. સંસ્થાએ સત્સંગી અને સ્વયંસેવકોને પ્રોત્સાહિત કરવા NSPCCના 'લિસન અપ, સ્પીક અપ' તાલીમ કાર્યક્રમમાં જોડાઈને તાલીમ લેવાનું સુંદર આયોજન કર્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં બાળકો સાથે દુર્વ્યવહાર અને ઉપેક્ષિત વર્તનને ટાળવાનું શિક્ષણ આપવામાં આવે છે. તે ઉપરાંત બાળકોની સલામતીનું શિક્ષણ પણ ઓનલાઈન આપવામાં આવે છે. સંધ્યાસભામાં એકત્રિત થયેલા ભક્ત સમુદાયને પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં 'લિસન અપ, સ્પીક અપ'ની તાલીમ આપવામાં આવી હતી.

NSPCCના પ્રવક્તાએ કહ્યું કે 'નિસડન મંદિર સાથે જોડાઈને રાજ્યાભિષેક દરમિયાન એક સુંદર કાર્ય કરવાનો અમને આનંદ છે. બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ સુંદર કામગીરી કરીને બાળકોને નુકસાન-ઈજાથી બચાવવામાં અમને સારી એવી મદદ કરી છે. અમને આશા છે કે બાળકોને સલામતી પૂરી પાડવાના પ્રોત્સાહનજનક કાર્યક્રમથી સ્વયંસેવકો ઘણું શીખ્યા હશે. આ શિક્ષણ તેમની સોસાયટીના લોકોને અને બાળક જ્યારે મુસીબતમાં હોય ત્યારે મદદરૂપ થવામાં ખૂબ ઉપયોગી નીવડશે.'

આમ, મહારાજા ચાર્લ્સના રાજ્યાભિષેકના ઉપક્રમે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ સ્નેહસંબંધ જતાવીને રચનાત્મક રીતે તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. ◆

**(અનુસંધાન પૃષ્ઠ ૭ પરથી)** જ્ઞાન પ્રાપ્ત કરવાનો વિનમ્રતા એ જ પાયો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃત અને શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં નમ્રતાને ટોચ પર મૂકે છે. તેઓ કહે છે કે નમ્રતા હોય તો જ જીવનમાં આધ્યાત્મિક ગુણોનો સૂર્યોદય થાય છે. પરંતુ આવી નમ્રતા જીવનમાં આવે કેવી રીતે? એવી આધ્યાત્મિક નમ્રતાના કારણ તરીકે ભગવાન-સંત-ભક્તનો મહિમા દર્શાવતાં ભગવાન સ્વામિનારાયણ ઉદ્ધવજીને વારંવાર યાદ કરે છે. તેઓ ચિત્રાત્મક ઉદાહરણો આપતાં વચનામૃતમાં કહે છે:[૧૪]

''ઉદ્ધવ પોતે કેવા મોટા હતા! પણ જો આવી રીતે ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો પોતાને કાંઈ ડહાપણનું માન ન રહ્યું ને ગોપીઓનાં ચરણની રજને પામવાને ઈચ્છ્યા અને વૃક્ષ-વેલીનો અવતાર માગ્યો! કેમ જે, એવા મોટા ભગવાન જેના માર્ગને વેદની શ્રુતિ ખોળે છે, તે ભગવાનને વિષે એ ગોપીઓની પ્રીતિ અતિશય ભાળી. તેમ એવા ભગવાનના સંત હોય તેને આગળ માન કેમ રહે? અને તેને નમાય કેમ નહીં? તેને આગળ તો દાસાનુદાસ થઈને રહેવાય. અને પાંચ પાંચ ખાસડાં મારે તો પણ ખમે અને એમ સમજે જે, 'મારાં મોટાં ભાગ્ય થયાં જે એવા સંતનો હું તિરસ્કાર સહું છું. નહીં તો પ્રારબ્ધવશ થઈને બાયડી-છોકરાંના તિરસ્કાર સહેવા પડત તથા માબાપના તથા રાજાના તિરસ્કાર સહેવા પડત. અને પ્રારબ્ધવશ થઈને ડોડીની ભાજી ખાવી પડત તથા મોથ્ય ખોદીને ખાવી પડત, તે કરતાં આ સંતને સંગે રહીને હું નિઃસ્વાદી વર્તમાન પાળું છું, તે મારાં મોટાં ભાગ્ય છે. અને પ્રારબ્ધવશ થઈને જેવાં-તેવાં વસ્ત્ર તથા ચીંથરાં પહેરવાં પડત, તે કરતાં આ સંતને સંગે રહીને હું ગોદડી ઓઢું છું, તે એ મારાં મોટાં ભાગ્ય છે.' અને સંતની સભામાં જાય છે ને પોતાને માન જડતું નથી ત્યારે એ સંતનો અવગુણ લે છે, ત્યારે એને સંતની મોટ્યપ જાણ્યામાં આવી નથી; નહીં તો અવગુણ લેત નહીં. જેમ મુંબઈનો ગવર્નર સાહેબ ખુરસી નાંખીને બેઠો હોય ને તેની સભામાં કોઈ ગરીબ માણસ જાય ને તેને ખુરસી ન નાંખી દે ને આદર કોઈ ન કરે, ત્યારે કાંઈ એને તે ઇંગ્રેજ ઉપર ધોખો થાય છે? ને કાંઈ તેને ગાળ દીધાનું મનમાં થાય છે? લેશમાત્ર પણ થતું નથી. શા માટે જે, એ ઇંગ્રેજની મોટાઈ જાણી છે જે, 'એ તો મુલકનો પાદશાહ છે ને હું તો કંગાલ છું,' એવું જાણીને ધોખો થાય નહીં. તેમ જો સંતની મોટાઈ જાણી હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તો પણ ધોખો થાય નહીં અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ તો કોઈ રીતે લે જ નહીં.''



'જે સંતો હરિભક્તો નિર્માની થઈને સરળ વર્તે છે તેમનો શુદ્ધ સત્સંગ છે... દાસભાવ ન હોય તો મેરુ સમાન ગુણ હોય તો પણ શોભતા નથી. અનંત ધ્યાન ધારણા કરતો હોય, ભૂત-ભવિષ્ય અને વર્તમાન કહેતો હોય, અંતરની વાત જાણતો હોય, અનંત જીવોની નાડી તાણતો હોય, અનંત પરાક્રમ કરતો હોય તોપણ જો દાસપણું ન હોય તો અંક વિનાના શૂન્ય જેવું છે.'

**– ભગવાન શ્રી સ્વામિનારાયણ**

'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં તેઓ આધ્યાત્મિકતાની ટોચ પર પહોંચેલી વ્યક્તિમાં પણ નમ્રતાને સર્વપ્રથમ ક્રમ આપે છે. તેઓ કહે છેઃ 'જે સંતો-હરિભક્તો નિર્માની થઈને સરળ વર્તે છે તેમનો શુદ્ધ સત્સંગ છે... દાસભાવ ન હોય તો મેરુ સમાન ગુણ હોય તો પણ શોભતા નથી. અનંત ધ્યાન-ધારણા કરતો હોય, ભૂત-ભવિષ્ય અને વર્તમાન કહેતો હોય, અંતરની વાત જાણતો હોય, અનંત જીવોની નાડી તાણતો હોય, અનંત પરાક્રમ કરતો હોય તોપણ જો દાસપણું ન હોય તો અંક વિનાના શૂન્ય જેવું છે.'[૧૫]

સ્વયં લાખોના આરાધ્ય પરમાત્મા તરીકે પૂજાતા હોવા છતાં અનેક પ્રસંગોમાં પ્રગટ થતો ભગવાન સ્વામિનારાયણનો નમ્રતાનો સહજ સ્વાભાવિક ગુણ તેમની મહાનતાનું દર્શન કરાવે છે. નાનામાં નાના વ્યક્તિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં પણ તેમને નાનપ લાગતી ન હતી. ભગવાન સ્વામિનારાયણે ભુજમાં ત્યાગી થઈને આવેલા અઢાર સંતોને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પોતાની નમ્રતાનો અદ્વિતીય પરિચય કરાવ્યો હતો. આ એ લોકો હતા કે જેઓ સ્વામિનારાયણ ભગવાનને સાક્ષાત્ પરબ્રહ્મ માનીને, તેઓના એક વચને ત્યાગાશ્રમના પંથે નીકળી પડ્યા હતા. એવા શિષ્યોને કે ભક્તોને ભગવાન સ્વયં દંડવત્ પ્રણામ કરે એ કેવું વિરલ દૃશ્ય હશે!

સ્વયં અક્ષરબ્રહ્મનો અવતાર અને સ્વામિનારાયણ ભગવાનના સૌથી પ્રિય અનન્ય સંત હોવા છતાં ગુણાતીતાનંદ

૧૪. વચનામૃત લોયા પ્રકરણ ૧૭.

૧૫. પુરુષોત્તમ બોલ્યા પ્રીતે, પૃષ્ઠ-૪૧૦.

સ્વામી એવા ને એવા જ નમ્ર રહ્યા હતા. એકવાર ભાલ પ્રદેશમાંથી પસાર થતાં સંતો-ભક્તોનાં પગરખાં ગારાવાળાં થયાં, ગારાવાળાં પગરખાં સાથે તેમને ચાલવામાં તકલીફ પડવા લાગી, ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ સૌનાં ખાસડાંનો ગાંસડો વાળીને, સ્વેચ્છાએ તેને પોતાના મસ્તક પર ઊંચકીને પોતાની વિનમ્રતાનો અજોડ પરિચય આપ્યો હતો. 'કચરો વાળે તે મહંત' એ સૂત્ર સાથે જીવનારા ગુણાતીતાનંદ સ્વામીએ જીવનના છેલ્લા શ્વાસ સુધી ગાદી પર હાંફતી મહંતાઈને બદલે વિનમ્ર સેવાને જ મહત્ત્વ આપ્યું હતું.

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પણ એવી અનન્ય નમ્રતાના ધારક હતા. અનેક અપમાનો વચ્ચે હસતા રહીને સેવા કરનારા ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ નમ્રતાની સાક્ષાત્ મૂર્તિ હતા. સન ૧૯૩૪માં ગોંડલમાં અક્ષરમંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનો ઉત્સવ ઊજવાયો ત્યારે શહેરના રાજમાર્ગો ઉપર દબદબાભેર શોભાયાત્રા યોજાઈ હતી. મંદિરના સર્જક શાસ્ત્રીજી મહારાજને શણગારેલી બગીમાં પધરાવીને આ શોભાયાત્રા જૂના સ્વામિનારાયણ મંદિર પાસેથી પસાર થઈ ત્યારે શાસ્ત્રીજી મહારાજ મંદિરમાં દર્શને પધાર્યા. એ વખતે મંદિરમાં કોઈ મોટેરા સંતો નહોતા, પરંતુ એ સમયની પ્રથા પ્રમાણે ૮-૯ વર્ષની નાની ઉંમરના સાધુઓ ત્યાં હતા. શાસ્ત્રીજી મહારાજે મંદિરમાં ઠાકોરજીને તો દંડવત્ પ્રણામ કર્યા, પરંતુ ૭૦ વર્ષની વયે એ ૮-૯ વર્ષની ઉંમરના નાના સાધુઓને પણ આદરપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા! મોટા મોટા વિદ્વાનો, શ્રેષ્ઠીઓ અને રાજ-રજવાડાંઓ જેમના શિષ્યો હતા એવા શાસ્ત્રીજી મહારાજની આ નમ્રતા સૌના હૈયે સ્પર્શી રહી.

યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ તો તેઓની નમ્રતા માટે વિશ્વમાં એક અજોડ આદર્શ પૂરો પાડી ચૂક્યા છે. સન ૧૯૬૭માં ગોંડલ ખાતે યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ઊજવાયો ત્યારે પ્રસિદ્ધ લોક સાહિત્યકાર શ્રી દુલા ભાયા કાગ ત્યાં ઉપસ્થિત હતા. ભવ્ય સિંહાસન પર બિરાજમાન યોગીજી મહારાજનો આવો ભવ્ય અમૃત મહોત્સવ કોઈની પણ છાતી ગૌરવથી ફુલાવી દે તેવો હતો. આ મહોત્સવથી અતિ પ્રભાવિત થયેલા શ્રી દુલા ભાયા કાગને યોગીજી મહારાજને મળવાની ઝંખના હતી. આથી મહોત્સવ પૂરો થયો ને તેઓ તરત જ યોગીજી મહારાજના ઉતારે આવ્યા. ત્યારે અહીંનું દૃશ્ય જોઈને તેઓ અચંબિત બની ગયા કારણ કે યોગીજી મહારાજ એક નાના સાધુ સાથે જમીન પર બેસીને તાંદળજાની ભાજી વીણી-તોડી રહ્યા હતા! દુલાભાયા કાગ આ દૃશ્ય જોઈને યોગીજી મહારાજના દીવાના થઈ ગયા. તેઓ કહેતા, 'પોતાના અમૃત મહોત્સવમાં જે હાથે લાખોનાં સન્માન ઝીલ્યાં તે જ હાથે તાંદળજાની ભાજી તોડનાર બાપો તો આ એક જ! એની જોડ ક્યાંય ન જડે!'

અનેક શ્રેષ્ઠ સિદ્ધિઓ, સન્માનો મેળવ્યા પછી પણ જીવનના છેલ્લા શ્વાસ સુધી સદાય બે હાથ જોડીને રહેલા વિનમ્રતાની મૂર્તિ સમા પ્રમુખસ્વામી મહારાજની નમ્રતા અજોડ હતી. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટન કે ભારતીય રાષ્ટ્રપ્રમુખ ડૉ. અબ્દુલ કલામથી લઈને ધુરંધર સંતો-મહંતોનાં દિલ પણ સ્વામીશ્રીની વિનમ્રતાએ જીતી લીધાં હતાં. પોતાની સિદ્ધિઓ પ્રત્યે સદા આંખ મીંચામણાં કરતા સ્વામીશ્રી માટે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન અને પ્રણેતા શ્રી ડૉ. કુરિયન બોલી ઊઠ્યા હતાઃ 'પ્રમુખસ્વામી મહારાજના મુખ સામે જોતાં જ ખબર પડી જાય છે કે તેઓ અહંશૂન્ય પુરુષ છે. સ્વામીશ્રીની સિદ્ધિ જોતાં મારી જે કાંઈ સિદ્ધિ છે તે કાંઈ જ જણાતી નથી. આપણને ભાગ્યે જ ખ્યાલ આવે કે આવી પવિત્રતા, શુદ્ધતા અને સમર્પણ શું કરી શકે છે!'

આજે એ જ વિનમ્રતાની પ્રતિમૂર્તિ છે – મહંત સ્વામી મહારાજ. બાળપણમાં તેમનું નામ જ વિનુભાઈ, તેમના વિનયની ગવાહી પૂરતું હતું. દાસત્વભાવ, નમ્રતા, વિનમ્રતા ભરી એમની આંખો, વાણી, વ્યવહાર એ એમના સમગ્ર વ્યક્તિત્વનો પરિચય છે. લાખો લોકોના પૂજ્ય હોવા છતાં નાનામાં નાના બાળક કે યુવકનો ચરણસ્પર્શ અને દંડવત્ પ્રણામ કરતાં મહંત સ્વામી મહારાજને અનેક વખત જોયા છે. એમની નમ્રતાએ સૌનાં દિલ સહજતાથી જીત્યાં છે.

ટૂંકમાં, ભગવાનના સાક્ષાત્ અવતારો અને આવા મહાપુરુષોથી લઈને અનેક વિદ્વાનો, મેનેજમેન્ટ ગુરુઓ, સાઇકોલોજિસ્ટો પોકારી-પોકારીને કહે છેઃ નમ્ર બનો, નમ્ર બનો, નમ્ર બનો. બીજી વ્યક્તિ નમ્ર બને કે ન બને, તમે નમ્ર રહો અને જીવનનો આનંદ માણો.

તમારાં સંતાનોને કે એક શિક્ષક તરીકે તમારા વિદ્યાર્થીઓને જીવનનો એક મહત્ત્વનો પાઠ શીખવવા માંગતા હો તો શ્રદ્ધા, પ્રાર્થનાની જેમ નમ્રતાનો પાઠ અવશ્ય શીખવજો. નમ્રતા તેમના જીવનમાં અનેક આધ્યાત્મિક સદ્‌ગુણોનો સૂર્યોદય કરાવશે, જે તેમને આધ્યાત્મિક ઊંચાઈ પર લઈ જશે, અને કબીરજીની આ પંક્તિનો અવશ્ય અનુભવ કરાવશે :

*'નીચા નીચા જો કોઈ ચાલે, સબસે ઊંચા હોઈ...'* ◆

## પૂજ્ય રઘુવીરચરણદાસ સ્વામી, રાજકોટ, ઉં.વ. ૬૩, અક્ષરવાસ તા. ૪-૫-૨૦૨૩



મૂળ ચરોતરના કાવિઠા ગામના વતની પૂજ્ય રઘુવીરચરણદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવમાં સન ૧૯૮૧માં દીક્ષા ગ્રહણ કરી હતી. ખૂબ ભક્તિભાવ ધરાવતા આ સેવાભાવી સંતે સારંગપુર, સાંકરી અને અમદાવાદ મંદિરમાં રહીને ભંડારની સેવાઓ કરી ઠાકોરજીના થાળ ઉપરાંત હજારો ભક્તો અને સંતોને ભોજન કરાવીને તૃપ્ત કર્યા હતા. છેલ્લાં ૨૮ વર્ષથી રાજકોટ મંદિરમાં રહીને સેવાઓ કરી રહ્યા હતા. તેઓને અનેક શારીરિક તકલીફો હતી તેમ છતાં તેને ગણકાર્યા વગર હસતે મુખે રસોડાની, પૂજારીની, ગ્રામ્ય વિચરણની, ગૌશાળાની, ખેતીવાડીની અને કથાવાર્તાની સેવા કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. જીવનના છેલ્લા શ્વાસ સુધી ઉત્સાહ અને મહિમા સાથે સેવા-ભક્તિ કરનાર પૂજ્ય રઘુવીરચરણદાસ સ્વામી તા. ૪-૫-૨૦૨૩ના રોજ વહેલી સવારે હૃદયરોગના હુમલાને કારણે અક્ષરધામમાં પધાર્યા છે. અતિ સરળ પ્રકૃતિ અને મિલનસાર સ્વભાવથી અપાર ભીડો વેઠીને તમામ સંતો-ભક્તોને રાજી કરનાર પૂજ્ય રઘુવીરચરણદાસ સ્વામીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ભક્તરાજ શ્રી દિલીપસિંહ દાનુભાઈ નકુમ, બરવાળા, ઉં.વ. ૭૯, અક્ષરવાસ તા. ૨૫-૪-૨૦૨૩



મૂળ બરવાળા (ઘેલાશાહ)ના સંનિષ્ઠ હરિભક્ત શ્રી દિલીપસિંહ નકુમ સન ૧૯૭૦માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના યોગમાં આવ્યા ત્યારથી સત્સંગના રંગે રંગાયા હતા. સતત ૪૫ વર્ષ સુધી બી.એ.પી.એસ. સંસ્થાના સત્સંગ પ્રવૃત્તિના કાર્યકર તરીકે સેવા આપીને સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રાના ક્ષેત્રમાં નિર્દેશક, નિરીક્ષક, પરીક્ષા નિરીક્ષક તરીકે સેવાઓ કરી હતી. સન ૧૯૮૦થી સંતોની સાથે ઝાલાવાડમાં સત્સંગ પ્રચાર માટે ૮ વર્ષ સુધી સેવા કરી. સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, વઢવાણ જિલ્લામાં સરકારી ક્ષેત્રમાં વફાદારીપૂર્વક સેવા કરી. સન ૧૯૯૬માં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને સેવા માટે વિશેષ સમર્પણ કર્યું. સન ૧૯૯૬ થી ૨૦૨૧ સુધી સુરેન્દ્રનગર, ગોંડલ વગેરે મંદિરોમાં દરેક પ્રકારનાં સેવાકાર્યો ખંતપૂર્વક કરતા રહ્યા. આ ઉપરાંત ૨૬ વર્ષ સુધી ગોંડલમાં રહીને દર્શનાર્થી ભાવિકોને વ્યસન મુકાવતા અને મંદિરનો મહિમા કહી સત્સંગ દૃઢ કરાવતા. સંસ્થા દ્વારા ઊજવાતા મહોત્સવોમાં પણ દરેક વિભાગમાં સેવા કરીને સંતો અને ગુણાતીત સત્પુરુષોનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સન ૧૯૮૦થી દરેક કાર્યકર શિબિર હોય ત્યારે પૂજ્ય ડૉક્ટર સ્વામી આ હરિભક્તને ઊભા કરીને એક આદર્શ કર્મચારી અને આદર્શ કાર્યકર તરીકે બિરદાવીને પ્રસન્નતા વરસાવતા હતા. તેમના અક્ષરવાસથી નિષ્ઠાવાન કાર્યકરની ખોટ પડી છે. તેમને હાર્દિક હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ભક્તરાજ શ્રી હરિભાઈ ગંગારામભાઈ કાસોડિયા, સોલડી, ઉં.વ. ૮૮, અક્ષરવાસ તા. ૩૦-૪-૨૦૨૩




મોટી ઝાલાવાડ વિસ્તારના સોલડી ગામના આ ભક્તરાજ સન ૧૯૮૭થી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા અને તેઓમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની નિષ્ઠા જીવમાં દૃઢપણે વણાઈ ગઈ. મોટી ઝાલાવાડ(ધ્રાંગધ્રા વિસ્તાર)માં કઠિન દેશકાળમાં પણ નિયમ, નિશ્ચય અને પક્ષ શિર સાટે રાખીને મંદિર માટે પોતાની ભૂમિ અર્પણ કરીને મંદિર નિર્માણમાં સંપૂર્ણ યોગદાન આપ્યું. સન ૧૯૯૫માં મોટી ઝાલાવાડમાં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે આ મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવ્યા હતા. એટલું જ નહીં આજીવન મંદિરમાં રહીને ઠાકોરજીની સેવા પૂજા કરી હતી. પ્રમુખસ્વામી મહારાજે પ્રમાણ આપેલું કે 'આ પર્વતભાઈ જેવા ભક્ત છે.' ગુરુહરિમાં અનન્યભાવે જોડાઈને, નિયમધર્મયુક્ત જીવન દ્વારા ગામજનોને પ્રેરણા આપનાર આ સેવાભાવી હરિભક્તને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ભક્તરાજ શ્રી નગીનભાઈ ભાઈલાલભાઈ પટેલ, અંટોલી, ઉં.વ. ૭૦, અક્ષરવાસ તા. ૧૮-૧૦-૨૦૨૨



વડોદરા જિલ્લાના અંટોલી ગામના વતની અને અક્ષરધામ ગાંધીનગર ખાતે અક્ષરધામ નિર્માણ સમયથી જ આજીવન સેવા આપતા શ્રી નગીનભાઈ પટેલ એક એવા મૂક સેવક હતા, જેમણે અક્ષરધામ જ્યારે નિર્માણ પામી રહ્યું હતું ત્યારથી પોતાની કોઠાસૂઝથી અક્ષરધામના બગીચાઓની ડિઝાઇન કરીને ખૂબ ખંતપૂર્વક તેની માવજત કરી હતી. નાની-મોટી અનેક સેવાઓ સાથે મંદિરની વાડીની સેવા સંભાળતા નગીનભાઈ સરળ, શાંત અને નિયમ-નિશ્ચય-પક્ષમાં દૃઢ હતા. તેમના અક્ષરવાસથી એક સમર્પિત સ્વયંસેવકની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

# આવો વસાવીએ, પ્રેરક નૂતન અંગ્રેજી પ્રકાશનો...





## In Love, At Ease: Everyday Spirituality with Pramukh Swami

**અસંખ્ય લોકોનાં જીવનમાં આધ્યાત્મિક-નૈતિક મૂલ્યોનાં અજવાળાં પાથરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય જીવન અને વ્યક્તિત્વની સુવાસ પ્રસરાવતું અનોખું પુસ્તક...**

**વિખ્યાત પેંગ્વિન પ્રકાશન સંસ્થા દ્વારા પ્રકાશિત જીવનગાથા...**

આધ્યાત્મિકતાના સર્વોચ્ચ શિખરે બિરાજતા સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના રોજિંદા આધ્યાત્મિક જીવન-કાર્ય પર પ્રકાશ પાથરતું આ પુસ્તક, વિશ્વપ્રસિદ્ધ પેંગ્વિન રેન્ડમ હાઉસ દ્વારા પ્રકાશિત થયું છે. અમેરિકાની પ્રસિદ્ધ કોલમ્બિયા યુનિવર્સિટીના વિદ્વાન પ્રો. યોગી ત્રિવેદી દ્વારા લખાયેલા આ પુસ્તકમાં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં આધ્યાત્મિક જીવન અને કાર્ય વિષયક ન સાંભળેલી અને ન જાણેલી અનેક બાબતો આલેખાઈ છે. સ્વામીશ્રીના દૈનિક જીવનમાંથી રજૂ થયેલી અનેક બાબતો પ્રત્યેક વાચક માટે પથદર્શક બની રહેશે. આધ્યાત્મિક ગુરુઓમાં વિરલ સ્થાને બિરાજતા પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વને શબ્દોમાં બાંધવું કે શણગારવું અશક્ય છે, તેમ છતાં હૃદયસ્પર્શી સ્મરણોનો અહીં એવો સંચય છે, જે પ્રમુખસ્વામી મહારાજના મનુષ્યરૂપમાં દિવ્યતાનો સ્પર્શ કરાવે છે. **આવો આજે જ આ પુસ્તક વસાવીએ તથા સ્નેહીજનોને ભેટ આપીએ...**




## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દીના ઉપક્રમે પ્રકાશિત પ્રેરક અંગ્રેજી પ્રકાશનોની અદ્‌ભુત હારમાળા...

**સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત અંગ્રેજી પુસ્તક-શ્રેણી ઘરે વસાવીએ અને સ્નેહીજનોને ગિફ્ટમાં આપી અધ્યાત્મની સુવાસ પ્રસરાવીએ...**

- Master Your Mind, Transform Your Destiny: Sanjay Patel
- To My Little Friend (English & Gujarati): HH Mahant Swami Maharaj
- Five Aascetical Vows of Pramukh Swami Maharaj
- Sarvasva: Life, Moments and Association of Pramukh Swami Maharaj (photo book)
- For the Joy of Others
- This Is the Brahmic State
- Ideal Devotion
- My Personal Mala: My Daily Companion
- Vivah Sanskar
- The Tales of the Bal Nagari
- Aadarsh Sant – Pramukh Swami Maharaj
- Let's Follow Shanti's Way
- Buzo – Honour, Love, Respect
- Bal Nagari Activity Book
- Pramukh Swami Maharaj Nagar Activity Book
- Faith, Humility and Service, Parts I and II



HH MAHANT SWAMI MAHARAJ

8 May 2023

Your Majesty,

On behalf of everyone at BAPS Swaminarayan Sanstha around the world, I would like to convey my warmest congratulations to you on the historic and auspicious occasion of your Coronation. It is indeed a momentous occasion and a day of great celebration for the United Kingdom.

As a dear friend of BAPS and of His Holiness Pramukh Swami Maharaj, the initiatives of bringing together families and communities for good causes as a part of your Coronation is not only a testament of your noble leadership and selfless service, but also values that we share.

I pray to Bhagwan Swaminarayan, His Holiness Pramukh Swami Maharaj and all our Hindu deities and sages that you are blessed with good health, and that you can serve the nation with moral fortitude for many years to come.

May your inspiring values of charity, compassion and faith in God – values that are also deeply cherished and celebrated by the British Hindu community – bring peace, harmony and joy to the United Kingdom.

At a time where the world is faced with challenge and uncertainty, and where it is searching for leaders to foster unity and stability, your profound empathy for people and tireless efforts to preserve our environment will gift a legacy for future generations.

We remain immensely grateful for your gracious friendship and hope this bond of mutual respect and goodwill will flourish ever stronger.

Our heartfelt wishes for the prosperity and welfare for you and the Royal Family.

With innermost prayers,

Sadhu Keshavjivandas

(His Holiness Mahant Swami Maharaj)



**ઇંગ્લેન્ડના મહારાજા શ્રી કિંગ ચાર્લ્સ તૃતીયના રાજ્યાભિષેક અવસરે મહંત સ્વામી મહારાજના આશીર્વાદ**

બે પેઢીઓથી પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થા સાથે સ્નેહ સંબંધ ધરાવતા ઇંગ્લેન્ડના મહારાજા કિંગ ચાર્લ્સ તૃતીયનો તાજેતરમાં રાજ્યાભિષેક થયો તે પ્રસંગે નિમંત્રિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી પ્રતિનિધિ ટ્રસ્ટીશ્રીએ મહંત સ્વામી મહારાજનો શુભેચ્છા-આશીર્વાદ પત્ર પાઠવ્યો હતો. સ્વામીશ્રીના સાંનિધ્યમાં લંડન ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પણ મહારાજાને અભિનંદન પાઠવતો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

Swaminarayan Prakash Gujarati, June-2023, Published on 1-6-2023. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.




પાંચ વર્ષના અંતરાલ બાદ તા. ૨-૫-૨૦૨૩ના રોજ ઈંગ્લેન્ડની ધરતી પર પધારેલા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના ભક્તિસભર સ્વાગતમાં લંડનના બી.એ.પી.એસ. મંદિર ખાતે ઊમટેલી વિશાળ ભક્તમેદની પર તેઓના આશીર્વાદની અભિવૃષ્ટિ...





Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas